પ્રથમ વર્ષ બી.એ.

ઇન્દિરા ગાંધી
નેશનલ ઓપન યુનિવર્સિટી

ડૉ. બાબાસાહેબ આંબેડકર
ઓપન યુનિવર્સિટી

# ઇતિહાસ: પેપર - 02

(મુખ્ય વિષય તથા પ્રથમ ગૌણ)

# પ્રાચીન ભારતનો ઇતિહાસ

(ઈ.સ.પૂર્વે ૩૨૦ થી ઈ.સ. ૮મી સદી સુધી)

વિભાગ

# 7

## દક્ષિણ ભારતમાં રાજ્ય અને સમાજ : ઈ.સ.પૂ. 200થી ઈ.સ. 300 સુધી
## (State and Society in South India : 200 B.C.TO 300 A.D.)


**એકમ 27**
દખ્ખણમાં પ્રારંભિક રાજ્ય સંગઠન (Early State Formation in the Deccan) 7

**એકમ 28**
દક્ષિણ ભારતમાં પ્રારંભિક રાજ્ય રચના (તામિલહામ) (Early State Formation in South India Tamilaham) 14

**એકમ 29**
દ્વીપકલ્પીય ભારતમાં ખેતી વિષયક વસાહતો અને સમાજ (Agrarian Settlements and Agrarian Society in Peninsular India) 19

**એકમ 30**
વ્યાપાર અને શહેરી કેન્દ્રોનો વિકાસ (Expansion of Trade and Urban Centres) 31

**એકમ 31**
તામિલ ભાષા અને સાહિત્યનો વિકાસ (Growth of Tamil Language and Literature) 44

## Expert Committee

Prof. K.N. Panikkar *(Chairman)*

Prof. B.D. Chattopadhya

Prof. S.S. Bhattacharya
Centre for Historical Studies
Jawaharlal Nehru University
New Delhi

Prof. Dwijendra Tripathi
Indian Institute of Management
Ahmedabad

Prof. A.J. Syed
History Department
Bombay University
Bombay

Prof. Sudhir Chandra
Centre for Social Studies
Surat

Prof. Anirudha Ray
Department of Islamic History
and Culture
Calcutta University, Calcutta

Prof. Gyan Pandey
History Department
Delhi University, Delhi

Dr. Aloka Parashar Sen
History Department
University of Hyderabad
Hyderabad

Dr. Kapil Kumar *(Convenor)*
Dr. A.R. Khan
IGNOU, New Delhi

## Course Preparation Team

Dr. Rajan Gurukul
Dr. Himanshu Prabha Ray
Centre for Historical Studies
Jawaharalal Nehru University
New Delhi

Dr. Raghava Varier
History Department
Calicut University
Calicut

Prof. B.D. Chattopadhaya
*(Course Editor)*
Centre for Historical Studies
Jawaharlal Nehru University
New Delhi

**Faculty Members: Indira Gandhi National Open University**

Mr. Salil Misra
Ms. Mira Rai
} Course Coordinators

Dr. Kapil Kumar
Dr. A.R. Khan
Mr. Ajay Mahurkar
Mr. Swaraj Basu
Ms. Sangeeta Joshi

## Production

Mr. Balakrishna Selvaraj
Registrar (PPD)
IGNOU

પ્રથમ આવૃત્તિ : ૧૯૯૫
પુનર્મુદ્રણ : ૧૯૯૬

આ પુસ્તિકામાંની અભ્યાસ-સામગ્રી મૂળે ઇન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી, નવી દિલ્હી, દ્વારા તૈયાર કરાવવામાં આવી છે. તેની સંમતિથી ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી- (અમદાવાદ)એ તેનો ગુજરાતી અનુવાદ કરાવી આ પુસ્તિકા પ્રસિદ્ધ કરી છે.

© *Indira Gandhi National Open University, 1990*

ISBN-81-7091-596-1

*All rights reserved. No part of this work may be reproduced in any form, by mimeograph or any other means, without permission in writing from the Indira Gandhi National Open University.*

*Further information on the Indira Gandhi National Open University courses may be obtained from the University's Office at Maidan Garhi, New Delhi-110068.*

Printed at : Sudarshan Graphics, Ahmedabad - 380028. Ph. : 079-25430560.

## અનુવાદ :

| | |
|---|---|
| ડૉ. ચિનુભાઈ જે. નાયક | નિવૃત્ત આચાર્ય, હ. કા. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ |
| ડૉ. પ્રિયબાળાબહેન શાહ | નિવૃત્ત પ્રાધ્યાપિકા, હ. કા. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ |
| ડૉ. સુધા એન. મહેતા | નિવૃત્તપ્રાધ્યાપિકા, એસ. એન. ડી. ટી. યુનિવર્સિટી, મુંબઈ |
| ડૉ. શ્રીદેવી મહેતા | રીડર, ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક સંશોધન તાલીમ કેન્દ્ર, અમદાવાદ |

## પરામર્શ (વિષય) :

| | |
|---|---|
| ડૉ. આર. એલ. રાવલ | નિવૃત્ત પ્રાધ્યાપક, ઈતિહાસ વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |
| પ્રો. એચ. બી. પરીખ | અમદાવાદ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ |
| ડૉ. ચંદ્રકાન્ત ઉપાધ્યાય | નિવૃત્ત પ્રાધ્યાપક, શિક્ષણ મહાવિદ્યાલય, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ |
| પ્રો. રસેશ જમીનદાર | નિવૃત્ત પ્રાધ્યાપક, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ |

## પરામર્શ (ભાષા) :

| | |
|---|---|
| ડૉ. યોગેન્દ્ર વ્યાસ | ભાષા સાહિત્ય ભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |
| ડૉ. અરવિંદ ભાંડારી | ભાષા સાહિત્ય ભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |
| ડૉ. રંજના હરીશ | ભાષા સાહિત્ય ભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |
| ડૉ. સિદ્ધાર્થ ન. ભટ્ટ | રીડર, રાજ્યશાસ્ત્ર વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |

## સંપાદન અને સંયોજન :

| | |
|---|---|
| ડૉ. ચંદ્રકાન્ત એચ. ઠાકર | રીડર, અર્થશાસ્ત્ર વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |
| ડૉ. અરવિંદ ભાંડારી | રીડર, ભાષાશાસ્ત્ર વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |
| પ્રો. સિદ્ધાર્થ ન. ભટ્ટ | રીડર, રાજ્યશાસ્ત્ર વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |
| ડૉ. નિશા કે. શાહ | રીડર, કેમિસ્ટ્રિ વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |

**પ્રકાશક**

એસ. એચ. બારોટ, મદદનીશ રજિસ્ટ્રાર, ડો. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, સરકારી બંગલા નંબર - 9, ડફનાળા, શાહીબાગ, અમદાવાદ - 380 004 ટે.નં. 7869690

© સર્વ હક સ્વાધીન. આ પુસ્તિકાના લખાણ યા તેના કોઈ પણ ભાગને ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી તથા ડો. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદની લેખિત સંમતિ વગર મિમિયોગ્રાફી દ્વારા યા અન્ય કોઈ પણ રીતે પુન: મુદ્રિત કરવાની મનાઈ છે.

# વિભાગ 7 : દક્ષિણ ભારતમાં રાજ્ય અને સમાજ : ઈ.સ.પૂ. 200થી ઈ.સ. 300 સુધી (State and Society in South India : 200 b.c. to 300 a.d.)

વિભાગ 6માં તમે રાજકીય, આર્થિક અને સાંસ્કૃતિક દૃષ્ટિએ ઉત્તર ભારતમાં મૌર્યયુગ પછીના કાળનો (ઈ.પૂ. 200 થી ઈ.સ. 300 સુધી ) અભ્યાસ કર્યો. વિભાગ 7માં આ જ કાળમાં દખ્ખણ તેમ જ દૂર દક્ષિણના પ્રદેશમાં આવેલાં પરિવર્તનો વિશે આપણે અભ્યાસ કરીશું.

એકમ 27 અને એકમ 28માં દખ્ખણ અને દક્ષિણ પ્રદેશોમાં રાજ્યસંગઠન કેવી રીતે ઊભું થયું તેની ચર્ચા છે. વિભાગો 4 અને 5માં ઉત્તરમાં કેવી રીતે રાજ્યો શરૂ થયાં તે તમે જોયું છે. ત્યાર પછી થોડી જ સદીઓમાં મગધ એક શક્તિશાળી સામ્રાજ્ય બન્યું જેનો વિસ્તાર લગભગ સમગ્ર ભારતને આવરી લેતો હતો તે પણ જોયું. દક્ષિણ ભારતમાં પ્રથમ શાસકો સ્થાનિક રાજાઓ અને મહારથી જેવાં કેટલાંક કુટુંબો પ્રતિષ્ઠિત હતાં જેમણે ઈ.સ. પૂર્વે બીજી સદીથી પોતાના સિક્કાઓ પાડવાનું ચાલુ કર્યું. પરંતુ પ્રથમ સુસંગઠિત રાજ્યની સ્થાપના દખ્ખણમાં સાતવાહન રાજાઓએ કરી (જુઓ એકમ 27). દૂર દક્ષિણમાં આજના તામિલનાડુ અને કેરળમાં એવું જ પરિવર્તન આ સમયે ન આવ્યું. જુદાં જુદાં ક્ષેત્રોમાં જુદા જુદા સ્થાનિક રાજાઓ હતા. તે વિશે રાજકવિઓએ કરેલી પ્રશસ્તિઓ અને કાવ્યોમાંથી આપણને જણાય છે. એમાં ચોલ, પાંડ્ય અને ચેરા વંશના પૂર્વજોની સત્તા રાજા જેવી જ હતી. કેમ કે તેઓ મોટી જમીનો ધરાવતા હતા અને વેપારમાંથી થતો મોટો નફો રાખતા હતા. હકીકતમાં દૂર દક્ષિણના સમાજમાં તથા તામિલહામ સમાજમાં આ સમયે ઝડપી પરિવર્તન આવી રહ્યું હતું અને તેથી તે સમાજને એકધારા માળખામાં બેસાડી શકાય તેમ ન હતું. દૂરના દક્ષિણ જણાતા પ્રારંભિક તામિલ કવિતાઓમાં જુદી જુદી શૈલીમાં અને જુદા જુદા પ્રદેશની જીવનપદ્ધતિ વિશે વ્યક્ત થયાં છે. પહાડી ક્ષેત્ર, નદીની ખીણો, સાગરકાંઠાના પ્રદેશો, ગોચર સપાટ જમીનો, વગેરે જુદા જુદા ભૌગોલિક પ્રકારોનાં ક્ષેત્રો 'તિનાઈ' (જેને એકમ 28માં ભૂ એકમ તરીકે સમજાવ્યાં છે) વિશેની કવિતાઓ તામિલ સંગ્રહોના સાહિત્યમાં 'સંગમ સાહિત્ય' માં મળી આવે છે. અન્ય સાહિત્યિક અને પુરાત ત્વીય ઉલ્લેખો ઉપરાંત આ કાવ્યોમાંથી જાણવા મળે છે કે દક્ષિણનો સમાજ મુખ્યત્વે ચોલ, પાંડ્ય અને ચેરા વંશોના આધિપત્ય નીચે જીવતો હતો. આ મોટા નાયકો નદીની ખીણોના પ્રદેશો, જ્યાં ખેતી સંબંધી વસાહતો હતી અને જેનું વિસ્તૃતીકરણ અને વિકાસ થતો હતો (જુઓ એકમ 29) તેનું આધિપત્ય ભોગવતા હતા. બીજા પણ કેટલાક એવા નાના અધિપતિઓ એ પ્રદેશોમાં હતા. એમાંના કેટલાક પાસે દરિયાકાંઠાનાં બંદરો પણ હતાં, જેના વેપારને લીધે તેમને મોટો નફો થતો હતો. તેમની આવકમાં વધારો એ રીતે પણ થતો કે નાના અધિપતિઓ નજરાણું ધરતા ને તેઓ પોતે લૂંટફાટ કરતા અને બીજી પણ રીતો અપનાવાતી. નિયમિત રીતે કરવેરા ઉઘરાવવાની પદ્ધતિનો વિકાસ થયેલો જણાતો નથી. નાના મોટા આ અધિપતિઓ કવિઓ અને અન્યોને આશ્રય આપતા. બ્રાહ્મણો તરફ પણ વધુ ઉપકારક ભાવ દેખાડવામાં આવવા લાગ્યો હતો. આમ દક્ષિણમાં પૂર્ણ રીતે વિકસિત રાજ્ય હજી થયું નહોતું, છતાં બ્રાહ્મણ ધર્મના આદર્શો અને સમાજની મુખ્ય અસમાનતાઓ જે ઉત્તર ભારતમાં હતાં તેમની સાથે એને સંબંધો હતા. અને તેનો ધીમે ધીમે તામિલહામ પર એનો પ્રભાવ પણ પડતો જતો હતો તેમ જણાવા લાગ્યું હતું.

રાજકીય સંગઠનના તફાવત ઉપરાંત દખ્ખણના સમાજ અને ઉત્તરના સમાજ વચ્ચે પણ તફાવતો હતા. આ સમયે બ્રાહ્મણ ધર્મે જ નહિ, બલકે બૌદ્ધ ધર્મે પણ ડેક્કનમાં વર્ચસ્વ જમાવ્યું હતું. સંખ્યાબંધ સ્તૂપો અને વિહારો આ સમયે ત્યાં બંધાયા, તેના પરથી એ સ્પષ્ટ થાય છે. આ બધાં બાંધકામો રાજાઓ અને અધિકારીઓનાં જ ઉદાર અનુદાનોથી નહિ બલકે વેપારીઓ, કારીગરો અને અન્ય લોકોનાં અનુદાનોથી બંધાયાં હતાં. આ સમયે ડેક્કન પ્રદેશમાં જુદી જુદી ચીજોના વેપારને લીધે અને રોમ સાથેનો વેપાર ખૂબ વધવાને લીધે ઘણી સમૃદ્ધિ વધી હતી. આ વ્યાપારી સંબંધોની ઊંડી અસર ડેક્કન તેમ જ દૂર દક્ષિણ પર પણ પડી તેમ છતાં નગરો અને શહેરોની સંખ્યા જોતાં તામિલહામ કરતાં અહીં સમૃદ્ધિ ઘણી વધારે હતી તે જણાય છે (જુઓ એકમ 30).

છેલ્લા એકમ 31માં પ્રારંભિક તામિલ ભાષા તેમ જ સાહિત્યની ચર્ચા થઈ છે. જેમ સંસ્કૃત ભાષામાં સર્વપ્રથમ સાહિત્ય 'વેદ' છે તેમ તામિલમાં વર્ગીકૃત તથા સંકલિત સંગ્રહરૂપે બહાર પડેલા આ કાવ્યસંગ્રહો 'સંગમ' સાહિત્ય છે અને થોડા લેખિત રૂપ પામતા શિલાલેખો છે. સંગમનાં કાવ્યો તે પહેલાં મૌખિક રીતથી રચાતાં હતાં અને 'વેદ'ની જેમ તે મ ત્ર ધાર્મિક વિષયો અને ક્રિયાકાંડો સાથે સીધાં જ સંકળાયેલાં ન હતાં. ઈતિહાસના અભ્યાસીએ તો 'સંગમ'ના સંગ્રહો તેમ જ કાવ્યોની પણ માહિતી સાધનો તરીકેની અગત્ય સમજવી જોઈએ. કેમ કે તે પણ ત્યારના સમાજજીવન વિશે ઘણું બધું કહી જાય છે. પ્રારંભિક વૈદિક સમાજના ઉત્તર વૈદિક સમાજમાં થયેલ સંક્રમણના વિશ્લેષણ માટે, ઈતિહાસવિદો વૈદિક પાઠનો પુરાવા તરીકે કેવો ઉપયોગ કરે છે તે વિભાગ 3માં તમે જોયું છે. આ જ પ્રમાણે ઈ.સ.ના શરૂના સૈકામાં સંગમ કાવ્યો ઈતિહાસકારોને તામિલહામના કે દૂરના દક્ષિણ ભાગનો સમાજ જે સ્થિતિમાંથી પસાર થતો હતો તે પરિવર્તનનું પૃથક્કરણ કરવામાં મદદરૂપ થાય છે.

# એકમ 27 દખ્ખણમાં પ્રારંભિક રાજ્ય સંગઠન (Early State Formation in the Deccan)

રૂપરેખા

27.0 ઉદ્દેશો
27.1 પ્રસ્તાવના
27.2 માહિતી સાધનો
27.3 રાજ્ય રચના વિશે
27.4 પુરોગામી પરિસ્થિતિ
27.5 ભૌગોલિક પૂર્વભૂમિકા
27.6 સાતવાહન વંશના ઇતિહાસની રૂપરેખા
27.7 વસાહતની ભાત
27.7.1 પશ્ચિમ તટપ્રદેશ
27.7.2 અંતર્ભાગની વસાહતો
27.8 વહીવટ
27.9 સમાજ
27.10 સારાંશ

## 27.0 ઉદ્દેશો

આ એકમના અભ્યાસ બાદ તમે નીચે જણાવેલી માહિતી મેળવશો

- સાતવાહન વંશ જેણે ડેક્કનમાં પ્રથમ રાજ્ય સ્થાપ્યું.
- સાતવાહન વંશની શાસન વ્યવસ્થાનું સ્વરૂપ.
- આ સમયમાં સમાજ વ્યવસ્થામાં થયેલા ફેરફારો.

## 27.1 પ્રસ્તાવના

વિભાગ 6માં તમે મૌર્યોના પતન પછીના કાળમાં વેપાર ઉદ્યોગના વિકાસ વિશે જાણ્યું. આને પરિણામે ત્યાં ઘણાં નગરો અને શહેરોનો વિકાસ થયો તેમ જ કલા અને સ્થાપત્યનો પણ વિકાસ થયો. આ એકમમાં આપણે દખ્ખણ પ્રદેશમાં આ સમય દરમિયાન આવેલાં પરિવર્તનોનો અભ્યાસ કરીશું. ઈ.પૂ.ની પહેલી સદીની આસપાસ ડેક્કનમાં જે સત્તાનો ઉદય થયો તે સત્તા હતી સાતવાહનોની અને અહીં આપણે સાતવાહન વંશના સમયમાં દખ્ખણના રાજકીય તેમ જ સામાજિક માળખાના અભ્યાસ પર ધ્યાન કેન્દ્રિત કરીશું.

## 27.2 માહિતી સાધનો (Sources)

પુરાણોની યાદીમાં જણાવ્યાનુસાર સાતવાહનો ''આંધ્ર'' તરીકે પણ જાણીતા હતા. પુરાણોમાં આપેલી આવી વંશાવળીઓને અન્ય માહિતી સાધનોના પુરાવાઓ સાથે સરખાવ્યા વિના આધારભૂત માની શકાય નહિ. દા.ત. તેમના શાસકોનાં નામો અને તેમના રાજ્યના કાળ વિશે જુદાં જુદાં પુરાણોમાં જુદી જુદી માહિતી આપી છે. વાત રાજાઓનાં પરાક્રમો વગેરે દંતકથાઓ અને ખોટી માન્યતાઓ સાથે જોડી કાઢેલી છે. તેથી હકીકતોને તેમાંથી બહુ સંભાળી, વિચારીને તારવવી પડે છે. તેમ છતાં સિક્કાઓ અને શિલાલેખોની સાથોસાથ પુરાણોનો અભ્યાસ પણ ઉપયોગી થાય છે. સાતવાહનોના સિક્કાઓ સંખ્યાબંધ છે. સીસું, તાંબું અને પિત્તળની મિશ્ર ધાતુઓના સિક્કાઓ તેમણે બનાવ્યા. તેમના ચાંદીના સિક્કાઓમાં રાજાનું નામ અને મુખચિત્ર (Portrait) પણ હોય છે. પહાડોમાં કોતરેલી ગુફાઓ અને તેમાંના શિલાલેખો પર સામાન્ય પ્રજાજનો ઉપરાંત સાતવાહન રાજાઓ અને રાણીઓએ બૌદ્ધોને કરેલાં અનુદાનો નોંધાયેલાં છે. આ જુદાં જુદાં સાધનોથી મળતી માહિતીનો તુલનાત્મક અભ્યાસ કરીને વિદ્વાનો નિષ્કર્ષ કાઢે છે કે સાતવાહનોનો વંશ લગભગ ઈ.પૂ. પ્રથમ સદીમાં આ

પ્રદેશમાં શરૂ થયો. તેમનો સૌથી જૂનો 'શિલાલેખ' અત્યારના મહારાષ્ટ્રમાં આવેલ નાસિક પાસેની એક ગુફામાં મળે છે.

## 27.3 રાજ્ય રચના વિશે (About State Formation)

હવે આપણે એ પ્રશ્ન કરીએ કે રાજ્ય એટલે શું ? અને તેનો ઉદ્ભવ સમાજમાં કયાં પરિવર્તનો લાવે છે ? રાજ્યના ઉદ્ભવ અંગે ઘણી માન્યતાઓ છે.દરેક પ્રદેશમાં રાજ્યના ઉદ્ભવનાં કારણો જુદાં જુદાં હોય છે. કેટલીક વાર વેપારનો વિકાસ તેમ જ વધતાં જતાં નગરો અને શહેરી વિસ્તાર રાજ્યના ઊગમનું કારણ બને છે. અન્ય કેટલાકના વિચારમાં વધતી વસતીને કારણે અને પ્રાદેશિક વિજયોને કારણે પણ રાજ્યનો ઉદ્ભવ થઈ શકે છે.

વિદ્વાનો એ સ્વીકારે છે કે વસ્તીવધારાને અંકુશમાં રાખવાનું એક વધુ કાર્યક્ષમ સાધન રાજ્ય છે. રાજ્ય લગભગ ચોક્કસ મુકરર થયેલી સીમાઓ વચ્ચેના પ્રદેશને અંકુશમાં રાખે છે. સાથે જ કરવેરા ઉઘરાવવા માટે વહીવટીતંત્ર પણ ઊભું કરે છે. આને લીધે તે પોતાની સીમાઓના રક્ષણ માટે સેનાને પગાર આપી શકે છે તેમ જ કાયદો અને વ્યવસ્થા પણ જાળવી શકાય તેવું તંત્ર રાખે છે. પરંતુ, આ બધા સાથે, સમાજમાં અસમાનતા અને ઊંચનીચના સ્તરો પણ વધતા જાય છે. શાસકો અને શાસિતો વચ્ચે સ્પષ્ટ ભેદ રહે છે. શાસકો સમાજની સંપત્તિને કાબૂમાં રાખે છે અને તેનો ઉપભોગ પોતાના હેતુઓ અને ઉપયોગ માટે કરે છે. આ તરફ, શાસિતો કરવેરા ભરે છે, શાસકોનાં કુટુંબને પોષે છે. રાજ્યના અન્ય અગ્રણીઓને નાણાં પૂરાં પાડે છે તેમ જ દરેક સ્તરના રાજ્યાધિકારીઓ તથા લશ્કરને પોષે છે. આમ આદિવાસી સમાજ અને રાજ્યસમાજ વચ્ચેનો મોટો મૂળભૂત તફાવત તેમાંના રાજકીય અંકુશના સ્વરૂપે જણાય છે. રાજ્યપદ્ધતિમાં એક વ્યવસ્થિત વહીવટીતંત્ર શાસકોને શાસિતોથી દૂર રાખે છે. આદિવાસી સમાજમાં રાજકીય સત્તા એકાદ કુળની પાસે હોય છે જેના નિર્ણયો બધાં પર લાદવાનું કોઈ તંત્ર હોતું નથી. કુળની સત્તાનો આધાર સભ્યોની વફાદારી પર છે અને આમ પણ મોટા ભાગના નિર્ણયો સંયુક્ત ચર્ચાઓ પછી જ લેવાય છે.

## 27.4 પુરોગામી પરિસ્થિતિ (Antecedents)

વિભાગ 3માં તમે તામ્ર-પાષાણ યુગની સંસ્કૃતિનો ફેલાવો પશ્ચિમી દખ્ખણમાં ઈ.પૂ. બીજા સહસ્રક (Millennium B.C.) માં થયો તે વિશે જાણ્યું છે. ઈ.પૂ.ના પ્રથમ સહસ્રકના ઉત્તરાર્ધમાં તેનો ફેલાવો પૂર્વ દખ્ખણમાં થયો, જ્યાં લોહયુગ ચાલુ હતો. આ સમયે લગભગ બધી જ આદિવાસીઓની ગ્રામ્ય વસાહતો હતી. સંસ્કૃત સાહિત્ય-કૃતિઓ ખાસ કરીને મહાકાવ્યો અને પુરાણોમાં પણ જાતજાતનાં આદિવાસી જૂથોનો ઉલ્લેખ થયો છે. દા.ત. આંધ્રો, સબરો, પુલિન્દો, ઈત્યાદિ કે જેઓ દખ્ખણના નિવાસીઓ હતા. આમાંના ઘણાનો ઉલ્લેખ અશોકના શિલાલેખોમાં થયો છે. પરંતુ આ ઉલ્લેખો સામાન્ય પ્રકારના છે. અને તેથી આદિવાસીઓનો દખ્ખણમાં ક્યા નિશ્ચિત સ્થળે નિવાસ હતો તે જાણી શકાતું નથી.

પરિવર્તનો થવાનો સમય કદાચ મૌર્ય સામ્રાજ્યના ફેલાવા સાથે થયો. દખ્ખણ પ્રદેશની ખાણોની સંપત્તિનો ઉપયોગ કરવામાં મૌર્યોને રસ હતો. આંધ્ર અને કર્ણાટકમાં સોનું, હીરા તેમ જ રત્નો મળી આવતાં, તેને ઉત્તરમાં મૌર્યોનાં મુખ્ય કાર્યક્ષેત્રોમાં મોકલી દેવામાં આવતાં. એમાં જમીનમાર્ગો તેમ જ સાગરકાંઠાના માર્ગોનો ઉપયોગ થતો. આ માર્ગોનાં મહ વનાં સ્થળોએ ધીમે ધીમે બજાર કેન્દ્રો ઊભાં થવા લાગ્યાં, જેવાં કે ધરણીકોટા જે આંધ્ર પ્રદેશના ગુંટુર જિલ્લામાં કૃષ્ણા નદીને તટે આવેલું છે અને મહારાષ્ટ્રના સતારા જિલ્લાનું કરાડ. ઘણા મુખીઓ જે 'મહારથીઓ' કહેવાયા તેઓ પણ આ જુદાં જુદાં ક્ષેત્રોમાં સત્તા ધરાવતા થયા. પરંતુ આ (મુખીઓ) 'મહારથી' ઓની સાથે લગ્નસંબંધ ધરાવનાર સાતવાહનોએ જ દખ્ખણમાં પ્રથમ રાજ્ય સ્થાપ્યું.

## 27.5 ભૌગોલિક પૂર્વભૂમિકા (Geogrphical Background)

દખ્ખણ દ્વીપકલ્પને ભૌગોલિક રીતે બે વિભાગોમાં વહેંચી શકાય. એક તો પહાડની ટોચ પરનો સપાટ, પઠાર પ્રદેશ અને બીજો સાગરકાંઠાનો તટપ્રદેશ, જેમાં પૂર્વ અને પશ્ચિમ ઘાટો આવેલા છે. આંધ્રનો તટપ્રદેશ પશ્ચિમમાં આવલા કોંકણના તટપ્રદેશ કરતાં ઘણો વધારે પહોળો છે. તેના ઘાટનું ઢળાણ મુખ્યત્વે પૂર્વતરફ છે અને તેથી ત્યાંની મોટી નદીઓ જેવી કે ગોદાવરી, મહાનદી અને કૃષ્ણા પૂર્વ તરફ વહીને બંગાળના ઉપસાગરને મળે છે. નદીના મુખ આગળના પ્રદેશો અને તેની ખીણોને લીધે વસાહત માટે ત્યાં ફળદ્રુપ જમીનનું મોટું પ્રમાણ છે.

દખ્ખણના પઠાર વિભાગની ભૌગોલિક ખાસિયત છે કે તેનાં પહાડોને અમુકમાં થઈને જ ઓળંગી શકાય છે.

**તમારી પ્રગતિ ચકાસો (ક)**

વિધાનો ખરાં છે કે ખોટાં તે (✓) કે (X) નિશાનીથી જણાવો.

(ક) પુરાણો સાતવાહન વંશ માટે ઉપયોગી માહિતીસાધન છે, કારણ કે

(1) તેમાં રાજાઓનાં પરાક્રમો ઉપરાંત દંતકથાઓ અને માન્યતાઓની માહિતી પણ મળે છે. ( )

(2) તેમાં પૂરતી દંતકથાઓ અને વાર્તાઓ છે જે આપણને સાતવાહન સમયની માહિતી આપે છે. ( )

(3) તેમાં આપેલી માહિતીની તુલના અને સચ્ચાઈ સિક્કાઓ અને શિલાલેખો જેવાં અન્ય માહિતી સાધનો દ્વારા કરી શકાય છે. ( )

(4) પુરાણો સત્ય કહે છે. ( )

(ખ) એમ કહી શકાય કે (વિધાનની આગળ(✓) કે (X)ની નિશાની કરો.

(1) રાજ્ય સંગઠન ધરાવતા સમાજ જેવું જ સમાજના વહીવટનું માળખું આદિવાસીઓનું હોય છે. ( )

(2) સારી રીતે વિકસિત રાજ્યરચનામાં શાસકો અને શાસિતો વચ્ચે ચોખ્ખો તફાવત દેખાય છે. ( )

(3) આદિવાસી સમાજમાં રાજકીય નિર્ણયો આખી વસાહતના લોકો સાથે મળીને જ લેવાય છે.( )

(4) ઉપરનાં (2) અને (3) બંને ()

(૨) ડેક્કન અને રાજ્યના રચના વિષયક પરિવર્તનની પ્રક્રિયા બંનેનો ઊગમ કદાચ થયો કારણ કે

(1) હૂણોના હુમલા થયા.

(2) મુગલોના હુમલા થયા.

(3) ગ્રીકોના હુમલા થયા.

(4) મૌર્યોએ સોના વગેરે માટે રાજ્ય વિસ્તરણ કર્યું અને વિવિધ માર્ગે તેનું પરિવહન કર્યું. પરિણામે ત્યાં બજારનાં કેન્દ્રોનો ઉપયોગ થયો અને મુખીઓ ઊભા થયા.

## 27.6 સાતવાહન વંશના ઈતિહાસની રૂપરેખા (Outline Histroy of the Satavahana Dynasty)

પૌરાણિક પરંપરા મુજબ સાતવાહન વંશની સત્તાનું સ્થાપન કરનાર પહેલો રાજા હતો સિમુક. તેનો ભાઈ, કાન્હા અથવા કૃષ્ણા વિશે નાસિકમાં આવેલા એક શિલાલેખમાં જણાવાયું છે.તેમણે ઘણા વૈદિક યજ્ઞો કર્યા હતા, રાજા સાતકર્ણીની વિધવા રાણી નયનિકાના 'નાનાઘાટ' શિલાલેખમાં પણ સાતવાહનોની એક વંશાવળીની યાદી આપવામાં આવી છે. જુનીર પ્રદેશને તટપ્રદેશ સાથે જોડતો 'નાનાઘાટ' મોટો અને મહ વનો હતો. ત્યાં આવેલી એક ગુફાના મથાળે પણ સાતવાહન રાજાઓની પ્રતિકૃતિ કોતરેલી છે. પરંતુ કમનસીબે આ શિલ્પોનો નાશ થઈ ચૂક્યો છે, માત્ર તેમના નામની તકતીઓ બચી છે.

સાતકર્ણી પછીના શાસકો વિશે આપણે ઓછું જાણીએ છીએ, અને પછી વિગતે માહિતી મળે છે. ગૌતમી પુત્ર સાતકર્ણીની નાસિક નજીકની એક ગુફામાં તેની માતાએ કોતરાવેલ શિલાલેખ ઉપરથી તેના રાજ્યવિસ્તાર તેમ જ તેના રાજ્યકાળ દરમિયાન બનેલા મહ વના બનાવો વિશે પણ જાણી શકાય છે. ગૌતમીપુત્ર સાતકર્ણીની એક મોટી સિદ્ધિ એ હતી કે પશ્ચિમી દખ્ખણ અને ગુજરાતના ક્ષત્રપોને તેણે હરાવ્યા. તેની માતાના શિલાલેખમાં તેની પ્રશંસા વંશના ઉદ્ધારક તરીકે કરવામાં આવી છે અને આનું સમર્થન કરતો પુરાવો સિક્કાઓમાંથી મળે છે. પોતાના આ વિજય પછી ગૌતમી પુત્ર સાતકર્ણીએ ક્ષત્રપ નહપાણના સિક્કાઓની ઉપર જ પોતાનું લખાણ અને ચિહ્નો કોતરાવ્યાં. 'પેરિપ્લસ ઑફ ધી યુરેથીયનસી'માં પણ લખ્યું છે કે ક્ષત્રપો અને સાતવાહનો વચ્ચે દુશ્મનાવટ હતી અને તેથી ભરૂચ બંદરે જતાં ગ્રીક વહાણો, જે મુંબઈ નજીકના કલ્યાણ બંદરેથી રવાના થતાં હોય, તેમને સશસ્ત્ર સંરક્ષણ હેઠળ જવું પડતું હતું. એમ જણાય છે કે ખૂબ નફાકારક વિદેશી વ્યાપાર પણ આ બન્ને વંશો વચ્ચેના સંઘર્ષનું કારણ હોય. એમ પણ જણાય છે કે ગૌતમી પુત્ર સાતકર્ણીના શાસન દરમિયાન જ તેનું રાજ્ય આંધ્રમાં વિસ્તર્યું.

ગૌતમીપુત્ર પછી તેનો પુત્ર પુલુમાવી રાજા બન્યો, અને તેના સમયમાં પૂર્વી દખ્ખણમાં સાતવાહનોએ પોતાની સત્તા મજબૂત કરી. એના સમયમાં પહેલી વાર અમરાવતીમાં જે પશ્ચિમી દખ્ખણની બહારનું ક્ષેત્ર હતું સાતવાહન શિલાલેખ આપણે જોઈએ છીએ. યજ્ઞશ્રી સાતકર્ણી સાતવાહનવંશનો છેલ્લો મહ વનો રાજા થયો. ત્યાર પછી રાજ્ય એના વારસો વચ્ચે વહેંચાઈ ગયાં. તેમની એક શાખા આંધ્રપ્રદેશમાં રાજ્ય કરવા લાગી. આ પછીના સાતવાહન રાજાઓના શાસનમાં દ્વિભાષી લખાણવાળા સિક્કાઓ થયા જેમાં રાજાનું નામ પ્રાકૃતમાં અને બાકીનું લખાણ દક્ષિણ ભારતની સ્થાનિક ભાષામાં રહેતું. જોકે વિદ્વાનો એ બાબતે એકમત નથી કે આ લખાણ પ્રારંભિક કક્ષાની તામિલ ભાષામાં છે કે તેલુગુ ભાષામાં.

ક્ષત્રપો સાથે જ નહિ, સાતવાહનોને પૂર્વના ખારવેલ સાથે પણ બાથ ભીડવી પડી. કલિંગમાં આ રાજા ઈ.પૂ.ની પ્રથમ સદીમાં થઈ ગયો. તેણે પશ્ચિમમાં સાતકર્ણીની પરવા કર્યા વિના જ મોટું સૈન્ય રવાના કર્યું. આનો અર્થ એમ કરી શકાય કે ક્ષત્રપો તેમ જ ખારવેલના હાથે સાતવાહનોને સહન કરવું પડ્યું હોવું જોઈએ. ગૌતમીપુત્ર સાતકર્ણીનાં પરાક્રમોને લીધે જ તેનું પુનરુત્થાન થઈ શક્યું.

સાતવાહન વંશના ઇતિહાસની એક મુશ્કેલી એ છે કે આપણે શાસક વંશ અને તેના રાજ્યના જુદા જુદા સામંતો વચ્ચેના સંબંધો વિશે ઘણું ઓછું જાણીએ છીએ. દા.ત. સાતવાહનોના લગ્નસંબંધો 'મહારથી' અને 'મહાભોજ' સાથે થયા તેવો શિલાલેખોમાં ઉલ્લેખ છે. નાનાઘાટ શિલાલેખમાં રાજકુમાર ('કુમાર') કરતાં પણ 'મહારથી'નું મહ વ વધુ ગણાવાયું છે અને રાણી નયનિકા સ્વયં એક 'મહારથી'ની પુત્રી હતાં. 'મહારથી'ઓએ સ્વતંત્ર રીતે પણ અનુદાનો કરેલાં છે, જેની માહિતી કાર્લેની આસપાસના શિલાલેખોમાંથી મળે છે. જ્યારે 'મહાભોજ' વિશેની માહિતી પશ્ચિમ તટપ્રદેશમાંથી મળે છે.

## 27.7 વસાહતની ભાત (Settlement Pattern)

જે સ્થળોએ પ્રાચીન શિલાલેખો સ્થિત છે, તેનો અભ્યાસ કરતાં જણાય છે કે સાતવાહનોની સત્તાનો પ્રારંભ પશ્ચિમી દખ્ખણથી થયો હોવો જોઈએ. ગૌતમીપુત્ર સાતકર્ણીની માતાના નાસિકમાંના શિલાલેખથી સાતવાહનોનો રાજ્યવિસ્તાર એ સમયમાં (ઈ.સ. બીજી સદી) કેટલો હતો તે જણાય છે. તેમાં પશ્ચિમ તેમ જ પૂર્વ ડેક્કનનો સમાવેશ થયો હતો. તેને 'આહારો' અથવા તાલુકામાં વિભાજિત કરવામાં આવ્યો હતો. ઓછામાં ઓછા પાંચ 'આહારો'નાં નામ આપણને મળે છે. 'ગોવર્ધન આહાર' જેનું કેન્દ્ર નાસિક હતું ; 'સોપારક આહાર' જે પશ્ચિમ તટપ્રદેશમાં હતું ; 'મામલ-આહાર' જે પૂના અને સતારાના પહાડી પ્રદેશમાં હતું; 'સાતવાહની-આહાર' કર્ણાટકના બેલ્લારે તાલુકામાં હતું; અને કપુરાચારા કદાચ ગુજરાતમાં હતું.

### 27.7.1 પશ્ચિમ તટપ્રદેશ (West Coast)

પશ્ચિમના તટપ્રદેશમાં બંદરોની આખી હારમાળા હતી, જેમ કે ભરૂચ, કલ્યાણ, સોપારા અને ચાઉલ; અને આગળ જતાં દક્ષિણે ઠેઠ કોંકણના દરિયાકાંઠા સુધી એ ચાલુ રહેતી. આ બંદરો પર પ્રદેશનાં અંદરનાં કેન્દ્રોનો માલ, પશ્ચિમ ઘાટના બુગદામાં થઈને લાવવો પડતો. એક અનામ ગ્રીક નાવિકે લખેલું પુસ્તક(લગભગ ઈ.સ.ની પ્રથમ સદીમાં લખાયેલું છે.) ''પેરિપ્લસ ઑફ ધી યુરેથીયનસી' આ સમયના પ્રવાસની પદ્ધતિઓ અને વ્યાપાર વિશે જાણવા માટેનું ઘણું મહ વનું માહિતીસાધન છે. તેમાં ખંભાતના નાના અખાતમાંથી ભરૂચ બંદરે પહોંચવાના માર્ગનાં ભયોનું સચોટ વર્ણન કરેલું છે. આને પરિણામે બંદર પર આવતાં વહાણોને સ્થાનિક માછીમારોએ બંદર સુધી લઈ આવવામાં રસ્તો બતાવવો પડતો. સાતવાહનો અને ક્ષત્રપો વચ્ચે દરિયાઈ વેપારના અંકુશ વિશે તથા ભરૂચ અને કલ્યાણ બંદરના વેપાર વચ્ચે ચાલતી હરીફાઈ વિશે આપણે આગળ ઉલ્લેખ કર્યો છે.

### 27.7.2 અંતર્ભાગની વસાહતો (Inland Settlements)

પશ્ચિમ ઘાટોની પેલે પાર, અંદરના ભાગમાં નાસિક, જુન્નરની આસપાસ, કોર્લેની મુખ્યતઃ વસાહતો કેન્દ્રિત થઈ હતી. કાર્લેના 30 કિ.મિ.ત્રિજ્યા વિસ્તારમાં. અને દક્ષિણે જતાં કૃષ્ણા નદીના તટપ્રદેશમાં કોલ્હાપુરની આસપાસ મળે છે. અહીં નોંધવું જરૂરી છે કે આ બધાં જ ક્ષેત્રો ઘણાં જ ફળદ્રુપ અને ખેતીવાડીની દષ્ટિએ અત્યંત સમૃદ્ધ હતાં. પશ્ચિમ કિનારે આવેલાં બંદરોથી વ્યાપાર કરવા માટે ઉપયોગી આધારરૂપ આ બંદરો મારફત ઈ.પૂ.ની પહેલી સદીમાં ભારત તથા ભૂમધ્ય સમુદ્રના દેશો વચ્ચે સમુદ્ર માર્ગે વ્યાપાર ચાલતો હતો. અને આ માર્ગો દખ્ખણના દ્વીપકલ્પમાંથી પસાર થઈને આંધ્રનાં કેન્દ્રો તથા પૂર્વકાંઠાને સાંકળતા પણ હતા. ભરૂચ થઈને પૈઠણ અને ટેર, અને પછી ત્યાંથી આંધ્રમાં આગળ વધતા હતા. પૈઠણની પ્રાચીન જગ્યાનો ઘેરાવો લગભગ 4 કિ.મિ. જેટલો ગોદાવરીને તટે છે અને ત્યાંથી વારંવાર થયેલાં ખોદકામોમાં સિક્કાઓ, બીબાંઓ, માટીની મૂર્તિઓ,માટીકામ વગેરેના પ્રાચીન નમૂનાઓ પુષ્કળ પ્રમાણમાં મળે છે છતાં સાતવાહનયુગના બાંધકામના

અવશેષો વિશે આપણે બહુ ઓછું જાણી શકીએ છીએ.

દખ્ખણમાં આવેલું 'ટેર' કપાસના ઉત્પાદનનું મોટું કેન્દ્ર હતું. ખોદકામ દરમિયાન કાષ્ઠનો કિલ્લો, લાકડાની કોઠીઓ જે કદાચ રંગો ભરવા માટે વપરાતી હતી, વગેરે ત્યાંથી મળ્યાં છે. ટેરમાંથી મળેલી એક ચીજથી તે વિખ્યાત બન્યું અને તે ચીજ છે રોમન શહેર પોમ્પાઈમાંથી મળેલી મૂર્તિના જેવી જ એક હાથીદાંતની મૂર્તિ. આમ છતાં ત્યાંનો મુખ્ય અવશેષ તો ઈંટોનો બનાવેલો ચૈત્ય છે, જે પાછળથી એક બ્રાહ્મણધર્મી મંદિરમાં ફેરવાઈ ગયો હતો.

બીજો એક માર્ગ દખ્ખણને ઉજ્જૈન સાથે જોડતો હતો અને આગળ જતાં નર્મદા પર આવેલ માહેશ્વર, અજંતાની ગુફાઓ તથા પિઠલખોરા થઈને ભોકારદન અને પૈઠણને સાંકળતો એ ભોકારદન અથવા ભોગવર્ધનના પ્રજાજનો. મધ્ય ભારતના ભારહૂત અને સાંચીના સ્તૂપોમાં મોટાં અનુદાનો કર્યાં હતાં તે જાણીતું છે. ભોકારદન મણકા બનાવવાનું મોટું કેન્દ્ર હતું. વળી, છીપું તથા હાથીદાંતના કામ માટે તે પ્રખ્યાત હતું.

બૌદ્ધ શિલાલેખોમાં જે અન્ય પ્રાચીન શહેરનું નામ છે તે કૃષ્ણા નદીની ખીણમાં આવેલ કરાડનું છે. આજ ક્ષેત્રમાં કોલ્હાપુર પણ આવેલું છે. શહેરની પશ્ચિમે કાંસાની વસ્તુઓનો એક વિપુલ જથ્થો પ્રાપ્ત થયો તેમાં પોસીડોન (Poseidon) કેટલીક ચીજોની પ્રતિમા જેવી છે. જ્યારે ગાડાં, કાંસાંનાં વાસણો વગેરે ચીજો સ્થાનિક બનાવટનાં કસબાની નજીકના જિલ્લામાં તે ખોદકામથી મળી આવી છે. બેલગામ જિલ્લાની જોડેના વિસ્તારમાં વિશાળ પાયા પર જે ખોદકામ થયું તે વડગામ માધવપુરનું જે બેલગામ કસબાનું ઉપનગર છે. તે ખોદકામમાંથી પણ મોટા પ્રમાણમાં સિક્કાઓ અને અન્ય પ્રાચીન ચીજો પ્રાપ્ત થઈ છે. જરા વધારે દૂર દક્ષિણ દિશામાં બનવાસી નામે ખોદકામની જગ્યા છે. શિલાલેખો પૈકીના એક ફાઈન્ડ સ્પોટ સાતવાહન તરીકે જાણીતું છે. આ સ્થળ પણ કિલ્લાવાળું હતું તેમ જણાય છે કેમ કે એની સંરક્ષક દીવાલ અને તેને ફરતી ખાઈના નિર્દેશો ત્યાંથી મળે છે.

નકશો-1 : સાતવાહન વસાહતો



દક્ષિણમાં થઈને દ્વીપકલ્પને ચીરીને જતો માર્ગ આ ખોદકામનાં સ્થળોને ડેક્કનના પશ્ચિમ ભાગમાં કૃષ્ણાની ખીણમાં આવેલ અમરાવતી સાથે જોડતો હતો તથા આંધ્રના કરીમનગર પ્રદેશમાંથી પસાર થતો હતો. કરીમનગર ક્ષેત્રમાં છૂટાંછવાયાં ઐતિહાસિક સ્થાનો મળે છે. તેમાંનું સૌથી વધુ મહ વનું કેન્દ્ર હતું હૈદરાબાદથી 70 કિ.મિ. અંતરે વાયવ્ય દિશામાં સ્થિત કોન્ડાપુર. આ સ્થળે કરેલા ખોદકામમાંથી ખૂબ મોટા પ્રમાણમાં સિક્કાઓ, માટીની ચીજો તથા નાનામોટા કદની અને માટીના કોલવાળી તથા ઈંટના બનેલાં અનેક બાંધકામો મળી આવ્યાં છે. પેધાબાન્કુર એક નાનું ગામ છે. પણ પ્રાચીન સમયમાં તે એક મહ વની વસાહત હતી, અને સાતવાહન સમયમાં તેનો ફેલાવો તો 30 હેક્ટર જેટલો મોટો હતો. પેધાબાન્કુરથી દસેક કિ.મિ. દૂર શૂલીકટ્ટા નામનું કિલ્લેબંધ સ્થળ હતું. તેની આસપાસ માટીની સંરક્ષક દીવાલો હતી, અને ખોદકામ દરમિયાન ઈંટોનું મોટું બાંધકામ પણ મળી આવ્યું છે. બીજી મોટી વસાહત કોટાલિંગમમાં હતી, જે આમ તો સાતવાહનોના સમય પહેલાં જ વસી ચૂકી હતી. આ ત્યાંથી મળેલા સિક્કાઓ પરથી જાણવા મળે છે. સાતવાહન વસાહતોમાં માટીના કિલ્લા હતા. વિશાળ બાંધકામ ઈંટોનાં હતાં. લોખંડ ને ગાળેલો કચરો તથા ધાતુ તે સ્થળેથી મોટા જથ્થામાં મળે છે. કરીમનગર ક્ષેત્રથી આગળ જતાં આ માર્ગનો એક ફાંટો કૃષ્ણા નદીની ખીણમાં વળે છે, જ્યાં વિશાળ પ્રમાણમાં પ્રાચીન ઐતિહાસિક સ્થળો છે. આમાંના મુખ્ય છે અમરાવતી અને ધરણીકોટા તો નદી સાથે જોડાયેલું હતું. અહીંનું બહુ જ પહેલાંનું નોંધપાત્ર બાંધકામ હતું, કાષ્ઠનો ધક્કો જે પાછળથી ઈંટોના બાંધકામમાં ફેરવાઈ ગયો હતો. પરંતુ આ જગ્યાએ ધીરે ધીરે કાંપ ભરાઈ ગયો. તેથી આ જળમાર્ગ અને ધક્કો ઈ.સ.ની ચોથી સદીમાં ઉપયોગમાં લેવાતો બંધ થયો. દ્વીપકલ્પમાં થઈને જતા જમીનમાર્ગ ઉપરાંત એકબીજો રસ્તો પણ હતો, જે વિદર્ભ થઈને મધ્ય ભારત પહોંચતો હતો. તે માર્ગ પરની મુખ્ય વસાહતો હતી પનૌર, પૌની, મનધાલ, ભાત કુલી, અને આદમ.

અત્યારે એ નોંધવું ખાસ જરૂરી છે કે ફક્ત સાતવાહન યુગથી જ વસાહતોની ફરતે કિલ્લા બંધાવા શરૂ થયા અને ખોદકામ દ્વારા નિર્દેશ મળે છે કે બાંધકામની ગુણવત્તામાં ધ્યાનપાત્ર વિકાસ થયો હતો. કિલ્લા અને અન્ય બાંધકામ માટે ઈંટોનો ઉપયોગ વધવા લાગ્યો હતો. માટીને ટીપીને ફરસ પરની સપાટી સુંદર અને મજબૂત બનાવાતી અને છતને લાકડાના થાંભલાઓથી ઊભા ટેકા આપવામાં આવતા. છાપરા ઉપર નળિયાં મુકાતાં.

આધુનિક રેલવેના માર્ગો પ્રાચીન માર્ગોને જ અનુસરે છે. પશ્ચિમઘાટમાંથી જતો ભારઘાટ હજી એકમાત્ર ઘાટ છે, જે પૂનાને મુંબઈ સાથે જોડે છે. ત્યાંથી પસાર થતા રસ્તામાં પ્રાચીન બૌદ્ધ ગુફાઓ જેવી કે શેલારવાડી, બેડસા, ભાજા, કાર્લે, આંબિવલે અને કોન્ડાને આવે છે.

## 27.8 વહીવટ (Administration)

સાતવાહનોનો વહીવટ મૌર્યોના વહીવટ કરતાં ઘણો વધુ સરળ હતો. શિલાલેખોમાં જણાવ્યા મુજબ જુદાં જુદાં કાર્યોના મંત્રીઓ રહેતા તેઓ ખજાનચી તેમ જ જમીન નોંધણીના અધિકારીઓ પણ હતા. મંત્રીઓ કેટલા હતા તેની સંખ્યાની જાણ થતી નથી. તેઓની નિમણૂક ખુદ રાજા કરતા. મંત્રીપદ વારસાગત નહોતું એમ જણાય છે. રાજ્યના મહેસૂલમાંથી તેઓને રોકડ પગાર ચૂકવાતો એમ જણાય છે. રાજ્યમાં મહેસૂલ કેટલું આવતું તેનો કોઈ આંકડો આપણી પાસે નથી, પરંતુ આપણે જાણીએ છીએ કે ખેતી અને વેપાર બન્નેમાંથી રાજ્યને આવક થતી. સાતવાહનોના સમયથી એક નવી પ્રથા પડી, જેમાં એક ગામનું મહેસૂલ કોઈ એક બ્રાહ્મણ અથવા બૌદ્ધ સંઘને દાનમાં અપાતું. આ પ્રથા ગુપ્તસમયમાં વધુ પ્રચલિત બની.

રાજા માટે મહેસૂલ કેટલું મહ વનું હતું તેનો અંદાજ દાનમાં આપેલી જમીનોના વિગતે નોંધાયેલ દસ્તાવેજો ઉપરથી આવી શકે છે. પ્રથમ તો દાનો ઘોષણા ''નિગમ-સભા'' માં થતી, તે ઘોષણાને તામ્રપત્રમાં અથવા કાપડ પર લખવામાં આવતી, અને તે કામ મંત્રી કે અધિકારી કરતા ત્યાર બાદ જે વ્યક્તિને દાન આપવાનું હોય તેને તે લેખ સુપરત કરાતો. એક નોંધણી રાખનાર અધિકારી આવાં દાનોની વિગતો નોંધતો.

આ સમયે શાસકો વધુ ને વધુ જમીનમાં ખેતી કરાવવાની નીતિમાં વિશ્વાસ રાખતા હતા, કેમ કે તેથી તેમની આવક વધે તેમ હતી. એમ જણાય છે કે જે કોઈ માણસ જંગલ સાફ કરીને, તેટલી જગ્યામાં ખેતીની શરૂઆત કરતો તે એટલી જમીનની માલિકીનો દાવો કરી શકતો. આવકનું બીજું મોટું સાધન વ્યાપાર હતું. વ્યાપારના વિકાસ વિશે આપણે આગળના એકમમાં ચર્ચા કરીશું. અહીં એટલું કહેવું બસ થશે કે વ્યાપારની વ્યવસ્થા 'મહાજનો' દ્વારા થતી, જેઓ (શરાફીનું) પણ કામ કરતા. રાજ્ય દ્વારા વ્યાપારને વધુ ને વધુ ઉત્તેજન મળે તેવાં પગલાં લેવાતાં. મોટા ધોરી વ્યાપાર માર્ગોને સુરક્ષિત રખાતા. તે માર્ગોની પડખે પડખે આરામગૃહો પણ બંધાતાં.

## 27.9 સમાજ (Society)

સાતવાહનોના સમયનો સમાજ એવાં કેટલાંક લક્ષણો ધરાવતો હતી, જે મનુસ્મૃતિ આદિ સંસ્કૃત ગ્રંથોમાં નિયત કરેલાં ન હતાં. દા.ત. ઘણા શિલાલેખોમાં રાજાઓ પોતાની માતાઓનાં નામ લખે છે, નહિ કે પિતાઓનાં જેમકે ગૌતમીપુત્ર સાતકર્ણી (એટલે કે સાતકર્ણી જે ગૌતમીનો પુત્ર હતો). આ લખાણ ધર્મશાસ્ત્રના નિયમ જોડે મેળમાં ન હતું. ધર્મશાસ્ત્રો પ્રમાણે થયેલાં લગ્નો પછી સ્ત્રીએ પિતાના ગૌત્રને છોડી પતિનું ગૌત્ર અપનાવવાનું હોય છે.

એક બીજું જાણવાલાયક અને રસપ્રદ લક્ષણ એ છે કે સાતવાહનો પોતાને એવા વિશિષ્ટ પ્રકારના બ્રાહ્મણો કહેવડાવતા હતા, જેમણે ક્ષત્રિયોના અભિમાનને તોડ્યું હતું. આમ જુઓ તો બ્રાહ્મણધર્મી ગ્રંથોના નિયમો પ્રમાણે રાજ્ય કરવાનો અધિકાર માત્ર ક્ષત્રિયોનો જ હતો. શિલાલેખો પસંદ થયેલા દાતાઓના વર્ગો સમાજના કયા વર્ગો સમૃદ્ધ હતા તે જાણવા ઉપયોગી બને છે. વેપારીઓ અને સોદાગરો, પ્રમુખ દાતાઓ છે, પણ દાતા તરીકે અન્ય કારીગરો, જેવા કે લુહારો માળીઓ અને માછીમારોનાં નામો પણ છે. આ કારીગરો અને કામદારો પણ દૂર સુદૂરના બહોળા વ્યાપારને લીધે સમૃદ્ધ થયા હશે. એક બીજું નોંધપાત્ર લક્ષણ એ છે કે દાતાઓ પોતાના નામ સાથે પોતાનો વ્યવસાય લખે છે, અને નહિ કે પોતાની જ્ઞાતિ. આ અગાઉના એક એકમમાં આપણે નોંધ્યું હતું કે બૌદ્ધગ્રંથો સમાજના વિભાગ સહેજ જુદી રીતે કરે છે; સામાન્ય બ્રાહ્મણ ધર્મશાસ્ત્રોના વિભાગોની તુલનામાં તે જુદાં વિભાજન કરે છે. બૌદ્ધોનાં વિભાજનનો માપદંડ કામ અને વ્યવસાય હતો, અને લોકો મોટે ભાગે તેમના વ્યવસાયને લીધે ઓળખાતા, અને નહિ કે જ્ઞાતિને લીધે.

આ સમય દરમિયાન અન્ય પ્રકારના દાતાઓ પણ નજરે ચડે છે. તેઓ છે યવનો, એટલે કે વિદેશીઓ આમ તો 'યવન' શબ્દનો ઉપયોગ મળે તો આયોનિયન ગ્રીકો માટે વપરાતો પરંતુ ઈ.સ.ની શરૂઆતમાં તે સાચા ખરાનો ભેદ રાખ્યા વગર કોઈ પણ વિદેશીઓ માટે વપરાવા લાગ્યો. આવા ઘણા 'યવનો'એ પ્રાકૃત નામો ધારણ કર્યાં, અને તેમણે બૌદ્ધ વિહારોને અનુદાન કર્યાં. સ્ત્રીઓ પણ કેટલીક વાર સ્વતંત્ર રીતે અને કેટલીક વાર પતિ અથવા પુત્રની ભેટસોગાદ આપતી. નયનિકા નામે એક સાતવાહન રાણીએ વૈદિક યજ્ઞો પણ કર્યા અને બ્રાહ્મણ સાધુઓ અને બૌદ્ધભિક્ષુઓને મોટાં દાન કર્યાં હતાં.

આ બધા દાખલાઓથી તથા સમયના અવશેષો અને સમકાલીન લખાણો પરથી જોઈએ છે કે દખ્ખણનો સમાજ બ્રાહ્મણધર્મી ગ્રંથોના નિયમાનુસારની વ્યવસ્થા નહોતો ધરાવતો, બલ્કે ઘણી જુદી રીતે ઘડાયો હતો એટલે સમાજનાં જૂનાં બાંધકામોને ફરીથી બાંધતી વેળા એના લેખિત સંદર્ભોનું કાળજીપૂર્વક વિશ્લેષણ કરવું જોઈએ અને શિલાલેખો કે પુરાત વના પુરાવાઓ સાથે સરખાવ્યા પછી તેની સચ્ચાઈ માનવી જોઈએ.

## 27.10 સારાંશ

સાતવાહન વંશનો સમય ડેક્કનના ઇતિહાસ માટે બહુ મહ વનો છે. કેમ કે (ઈ.પૂ.ની પ્રથમ સદીમાં) સૌથી પહેલી વાર ભારતના દ્વીપકલ્પ પ્રદેશમાં રાજ્ય ઊભું થવા પામ્યું. મૌર્યો કરતાં તેમના વહીવટનું માળખું ઘણું વધારે સરળ હતું. આ ઉપરાંત જમીન માર્ગો અને દરિયાઈ માર્ગોની ગૂંથણી પણ અગત્યનાં પાસાં ગણાય. આ વિકાસને લીધે શાસકોની આવકમાં ઘણો વધારો થયો અને સમગ્ર દક્ષિણ પ્રદેશમાં અનેક નગરો અને શહેરોની સમૃદ્ધિ વધી એમ કહી શકાય.

**તમારી પ્રગતિ ચકાસો (ખ)**

(અ) તમે એ વિદ્વાનોનાં નામ લઈ શકો છો, જેણે જમીનનું દાન કર્યું હોય ?

..............................................................................................
..............................................................................................
..............................................................................................
..............................................................................................
..............................................................................................

(બ) પ્રદેશની અંદરના ભાગમાંના વ્યાપારમાર્ગો વિશે ટૂંકનોંધ લખો.

..............................................................................................
..............................................................................................
..............................................................................................
..............................................................................................

# એકમ 28 દક્ષિણ ભારતમાં પ્રારંભિક રાજ્ય રચના (તામિલહામ)(Early State Formation In South India (Tamilaham))

## રૂપરેખા


28.0 ઉદ્દેશો

28.1 પ્રસ્તાવના

28.2 પ્રદેશ

28.3 પાંચ પર્યાવરણ વિભાગો અને જીવનનિર્વાહની રીતો

28.4 રાજકીય સમાજની ઉત્ક્રાંતિ

- 28.4.1 જુદા જુદા પ્રકારના નાયકોનાં રાજ્યો
- 28.4.2 લૂંટફાટ અને તેમાંની સંપત્તિની પુનઃ વહેંચણીની પદ્ધતિ
- 28.4.3 'મુવેન્દારો' અને રાજકીય અંકુશનાં અન્ય સ્તરો

28.5 સારાંશ

28.6 ચાવીરૂપ શબ્દો

28.7 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો


## 28.0 ઉદ્દેશો

આ એકમ વાંચ્યા પછી તમે સમજી શકશો કે –

- પ્રાચીન સમયમાં દક્ષિણ ભારત કે તામિલહામમાં કેવા પર્યાવરણ વિભાગો હતા.
- જીવન નિર્વાહ માટે કઈ પદ્ધતિઓ પ્રચલિત હતી અને તેમની વચ્ચે પારસ્પરિક કેવી અસર હતી.
- જુદા જુદા નાયકોની હકૂમત હેઠળના વિસ્તારોમાં કઈ રીતે કામ થતું હતું.
- રાજકીય અંકુશનાં જુદાં જુદાં સ્તરો કેવી રીતે પ્રતિનિધિત્વ કરતાં હતાં.

## 28.1 પ્રસ્તાવના

એકમ 27માં ડેક્કનમાં સાતવાહનોના સમયમાં થયેલા રાજ્યની રચના વિશે તમે જાણ્યું. પરંતુ તામિલહામમાં આ જ પ્રકારની પરિસ્થિતિ આ સમયે પ્રવર્તમાન હોય તેમ જણાતું નથી. ત્યાં ખરી રીતે રાજ્યની સત્તાનો જ ઉદ્ભવ થયો નથી એમ જણાય છે. માત્ર નાના નાના નાયકોનો અંકુશ પ્રજા પર હતો. રાજ્યનો અર્થ કેન્દ્રિત થયેલી એક રાજકીય સત્તા જેનો પ્રભાવ નિશ્ચિત પ્રદેશ ઉપર હોય તેવો થાય છે અને તેની સત્તા એ પ્રદેશની કુદરતી સંપત્તિ પર જ સંસ્થાપિત હોય છે. રાજ્યમાં કરવેરા નાખવાની તેમ જ ઉઘરાવવાની અને સાથે જ રાજ્યના સંરક્ષણની વ્યવસ્થિત પદ્ધતિ પણ હોય છે. આ કરવેરાના વહીવટ તથા સંરક્ષણની રીતને સરળ બનાવવા માટે અમલદારોની એક રીત હોય છે. તેઓનાં હોદ્દા અને કામો જુદાં જુદાં હોય છે પરંતુ તામિલહામમાં નાયકની હકૂમતવાળા વિસ્તારમાં આવાં કોઈ લક્ષણો નહોતાં. એ વારસાગત પ્રાપ્ત થયેલા મોભાવાળો સમાજ હતો જેનો નાયક તેનો વડો હતો. આદિવાસી કે જમાતમાં રહેનારા અને લોહીના સંબંધથી જોડાયેલા લોકો પર અંકુશ રાખવા પૂરતો તેનો અધિકાર હતો. લોકોના લોહીના સગપણના પ્રતીકરૂપે મુખી રહેતો હતો. કોઈ નિયમિત કરવેરા ઉઘરાવવાની કે સમયે સમયે પ્રજા પાસેથી ખેંચી તાણીને નાણાં પડાવવાની કોઈ વ્યવસ્થા નહોતી. પ્રજા ઇચ્છાનુસાર નાયકને ચુકવણી કરતી, અને તે પણ નિયમિત નહોતી. આ એકમમાં નાયકની સત્તાની વિવિધતા વિશે અને તેમના રાજકીય વિકાસના સ્તરો જાણી શકશો.

## 28.2 પ્રદેશ (The Region)

વેંકટમ પહાડો અને કન્યાકુમારી વચ્ચેના પ્રદેશને તામિલહામ કહે છે. આધુનિક તામિલનાડુ અને કેરળનો તેમાં

સમાવેશ થાય છે. જંગલોથી ભરપૂર પર્વતો ઊંચીનીચી જમીન, ગોચરો, સૂકા પ્રદેશો વરસાદવાળી જમીન અને સાથે જ લાંબો સમુદ્રકાંઠાનો પ્રદેશ હોવાથી તેમાં વિવિધ પર્યાવરણ- વિભાગો જોવા મળે છે. આ પ્રદેશમાં ત્રણ મોટાં નાયક-રાજ્યો ચેરાઓ, ચોલો અને પાંડ્યો પાસે દરિયાકાંઠાના તથા અંદરના પ્રદેશો પર મજબૂત ગઢ હતો. ચેરાઓના કબજામાં કરૂર અને પશ્ચિમ પુરાણું તટ મુરિસ નામના ગઢ હતા. ચોલો પાસે અંતર્ભાગમાં ઉરજા ઈપુર અને કોરોમંડલતટ પર પુહારના કિલ્લા હતા. તે જ પ્રમાણે પાંડ્યો પાસે અંતર્ભાગમાં અગ્રક્રમે મદુરાઈ અને કોરકરનામના મુખ્ય મથક હતાં. આ બધાં જ આ સમયના રાજ્યસત્તાનાં પણ કેન્દ્રો જેવાં હતાં.

## 28.3 પાંચ પર્યાવરણ વિભાગો અને જીવનનિર્વાહની રીતો (The Five Eco-zones and Subsistence Pattern)

આ પ્રદેશના જુદા જુદા પર્યાવરણને તામિલ કવિતામાં વાચા મળી છે. તેમાંનો એક વિચાર 'ઐનતિનાઈ' છે. તેમાં સમગ્ર તામિલહામના પાંચ પર્યાવરણીય વિભાગો થયા છે અને તેને તિનાઈ કહે છે. તે પાંચ વિભાગોનાં નામો છેઃ કુરિન્જ (પર્વતોનાં જંગલો), પાલાઇ (ઉજ્જડ પ્રદેશો), મુલ્લઈ (ગોચરો), મરૂતમ (આર્દ્ર વિભાગ) અને નેઈતાલ (સમુદ્રી વિભાગ). એવા પણ પ્રદેશો હતા જેમાં એક અથવા બીજા 'તિનાઈ' નું પ્રાધાન્ય રહેતું. માનવ વસાહતોની અને નિર્વાહની રીતો આ કુદરતી સ્થિતિને અનુરૂપ બદલાતી તેથી તેમનાં સમાજ સંગઠનો પણ જુદાં જુદાં હતાં. કુરિન્જ વિભાગના લોકો મુખ્યત્વે શિકાર કરતા અને જંગલોમાંથી ફળફૂલ વીણીને ગુજારો કરતા. પાલાઈમાં ઉજ્જડ જમીન હોવાથી ત્યાં ખેતી ઉત્પાદન થતું નહી. તે પ્રદેશના લોકો અન્યોનાં ધણ ચોરી જતા અને લૂંટફાટથી ગુજારો કરતા. મુલ્લઈ પ્રદેશના લોકો પશુનાં ધણ પાળતા અને ફરતી ખેતી કરતા. મારુત્તમ પ્રદેશમાં જ હળથી ખેતી થઈ શકતી, અને નેઈતાલ પ્રદેશમાં મીઠું પકવવાના ઉદ્યોગ મારફત તથા માછીમારીથી નિર્વાહ થતો હતો. આમ તામિલહામમાં નિર્વાહની રીતો જુદી જુદી હતી. તે ત્યાંના તિનાઈ અથવા તો પર્યાવરણ વિભાગો પર આધારિત હતી.

લોકો એક 'તિનાઈ' માંથી બીજા 'તિનાઈ' માં જઈને પોતપોતાના વિભાગના ઉત્પાદનની આપ-લે કરતા. વસ્તુ વિનિમયની વ્યવસ્થા હતી. દા.ત. લોકો જંગલમાંથી મધ,માંસ,ફળો અને જંગલનાં બીજાં ઉત્પાદનો અન્ય વિભાગોમાં લઈને ત્યાંથી બીજી જરૂરી ચીજો મેળવવા ગોચર જમીનવાળા 'તિનાઈ'ના લોકોની બનાવટની દૂધવાડીની ચીજો લાવતા અને સમુદ્રતટના લોકો મીઠું અને માછલી લાવતા. અનાજ પકવતા પ્રદેશનું આકર્ષણ બધાને હતું. આવા પરસ્પરાવલંબનથી મોટા વિભાગોનાં રૂપાંતરો થવા લાગ્યા. નાના નાના સ્વાવલંબી વિભાગો ઉત્પાદન ક્ષમતાવાળા તથા બિનઉત્પાદક ક્ષમતાવાળા મોટા પ્રદેશો પણ હતા. જે પ્રદેશોમાં ઉત્પાદન વધુ હતું ત્યાં તુલનામાં મહેનત કરનારાઓના વિભાગ જરા વ્યવસ્થિત હતા. જ્યાં ઉત્પાદન બહુ ઓછું હતું ત્યાં સામાજિક વિભાગો બહુ સાદા અને ઓછા હતા અને કૌટુમ્બિક અને કુળના સંબંધો જ વિશેષ હતા. આમ તામિલહામની પ્રજા સંકુલ સમાજરચનાવાળી હતી પણ એમની સંસ્કૃતિ સમાન હતી. એના ઘટકોનો વિકાસ સમરેખ ન હતો. સંપૂર્ણ રીતે વિકસિત રાજ્ય સત્તાનો ઉદય થવો હજી બાકી હતો. રાજકીય સ્તરો જુદાં જુદાં હતાં. સામાન્ય મુખીથી માંડીને સત્તા ધરાવતા મુખીઓ સુધીનાં સ્તરો હતાં.

## 28.4 રાજકીય સમાજની ઉત્ક્રાંતિ (Evolution of Political Society)

રાજકીય સમાજનો ક્રમિક વિકાસનો જણાઈ આવે એવો પ્રથમ તબક્કો અહીંનાં કુળોના નાયકોની સત્તામાં આવેલા ફેરફારનો હતો. નાયકોની વિસ્તાર સંખ્યા મોટી હતી. કેટલાક વિસ્તારો મોટા હતા, તો કેટલાક નાના. તામિલ કવિતાઓમાં કુળોના નાયકોને મહાન પુત્ર અથવા 'પેરૂમકન' તરીકે ઓળખાવાય છે. 'કો-મકન' નો અર્થ પણ પુત્ર થાય છે, જે નાયકો અને તેના કુળના સભ્યોનો સંબંધ દર્શાવે છે. હકીકતમાં એ લોહીનો સંબંધ સૂચવે છે. જોકે કેટલાંક નાયક રાજ્યોએ અન્યો પર વિજય મેળવ્યા બાદ અથવા અન્ય કુળોને નાથ્યા બાદ લોહીના સંબંધના તત્ત્વથી ઉપર જઈને સંગઠન માટે બીજો આધાર શોધ્યો હશે જ. આથી મોટાં નાયક રાજ્યોનો આધાર સરળ રીતે દેખાડી શકાય તેમ ન રહ્યો. લગ્નસંબંધોથી પણ નાયક રાજ્યનો વિસ્તાર વધારી શકાતો હતો પરંતુ સૌથી મહત્ત્વનું કારણ હતુ ધન. ખેતીલાયક મોટી જમીનના માલિકોનાં નાયકો-રાજ્યો ખૂબ બળવાન હતાં. તેમાંનાં મુખ્ય હતાંઃ ચેરા, ચોલ અને પાંડ્ય. આ નાયક રાજ્યો પરથી વિકાસનો તબક્કો નજરે ચડે છે. એમાંથી સાચા રાજ્યનો પાયો નંખાયો.

### 28.4.1 જુદા જુદા પ્રકારના નાયકોનાં રાજ્યો (Different Kinds of Chiefdoms)

તામિલહામમાં જુદા જુદા પ્રકારના ત્રણ નાયકોનાં રાજ્યો હતાં. પ્રથમ હતું 'કિઝર' (એટલે કે નાના નાયકો),'વેલિર' (એટલે કે થોડા મોટા નાયકો) અને 'વેદર' (એટલે કે સૌથી મોટા નાયકો). 'કિઝરો' નાનાં ગામો(ઉર)ના મુખીઓ હતા, જેમાં મોટે ભાગે એક જ કુળના લોકોનો નિવાસ હતો. તેમનાં નામોની આગળ તેમનાં પોતપોતાનાં ગામોનાં નામો લગાડવામાં આવતાં. એના દાખલા તરીકે અર્ણકુટુર-કિઝર અથવા ઉર્નકુંટુર કિઝરનાં નામ ગણાવી શકાય. ઘણાં કિઝરોનાં નામ આપણને તામિલ પદ્યમાં મળે છે. આમાંના કેટલાક કિઝરોને થોડા મોટા નાયકોના હાથ નીચે આવી જવું પડ્યું અને લડાઈઓમાં સૈનિક સેવા આપવી પડતી. કાવ્યોમાં ઉલ્લેખ છે કે કિઝરો,ચેરા, ચોલ અને પાંડ્યોને જેવા મોટા નાયકોની કૂચોમાં ફરજિયાત સેવા આપતા હતા. મોટા નાયકો તેના બદલામાં કિઝરોને ભેટસોગાદ આપતા. 'વેલિર' મોટે ભાગે પહાડી ઇલાકામાંના નાયકો હતા. જોકે કેટલીક વાર 'વેલિર'નીચાણવાળી જમીનોમાં પણ મળે છે. તેઓ મોટે અંશે શિકારીઓ હતા. તેને 'વેટાર-કોમાન' અથવા 'કુરાવર-કોમાન' કે 'નેડુ-વટ્ટુવન' નામો અપાતાં. આ ત્રણે કુળોના નાયકો 'વેલિર' કહેવાતા. ''વેન્કટમલ્લઈ'' પર્વતો (ત્રાવણકોરની દક્ષિણે આવેલ પર્વતમાળા), નંજીલમલ્લઈ, પરંપુરાભ્મઈ (કદાચ આધુનિક પરંપીક્કુલમ જંગલ જે પોલ્લચ્ચી પાસે આવેલ છે), પોટ્ટીમલ્લઈ (આધુનિક મદુરા તાલુકામાં સ્થિત પર્વતમાળા) વગેરે સ્થાનોએ મુખ્ય પર્વતીય નાયકો આ સમયમાં હતા.

સહુથી મોટા નાયકો હતા ચેરા, ચોલા અને પાંડ્ય. તેમને 'મુવેન્દાર' તરીકે નામ આપેલ છે. આ કુળનાયકો મોટા પ્રદેશના લોકો પર આધિપત્ય ભોગવતા. ચેરાઓ કુરીન્જીઓને પશ્ચિમઘાટી તટ તરફ જતા પ્રદેશોમાં અંકુશમાં રાખતા. કાવેરી પ્રદેશમાં ચોલ અને દક્ષિણ મધ્યભાગમાં અને દરિયા સુધીના પ્રદેશમાં પાંડ્યો હતા. તેમની સત્તા નીચે નાના નાયકો હતા. જેઓ સેવાઓ આપતા એટલું જ નહિ પણ નજરાણું અથવા તિયારાઈ પણ આપતા. એકની સત્તાનો પ્રદેશ બીજાના પ્રદેશથી જુદો પડે એવી સીમાઓ ચોક્કસ કે નિશ્ચિત રીતે દોરવામાં આવતી નહિ. રાજકીય સત્તાનો અર્થ મુખ્ય કુદરતી સંપત્તિઓ પરના વિશિષ્ટ અધિકારોને બદલે પ્રજા પરનો કાબૂ ગણાતો. દા.ત. કુરાવર, અથવા વેટર અથવા વેટ્ટુવર પરનો અંકુશ તેમને મોટા નાયકો બનાવતો હતો. આવા લોકોની સંયુક્ત માલિકી પર્વતો અને સપાટીની બાબતમાં રહેતી. નાયકોનો હક્ક એટલા માટે હતો કે તે પ્રજા સાથે કૌટુમ્બિક સંબંધ ધરાવતો હતો. પૂર્વજોની સંપત્તિ ઉપર કોઈ વ્યક્તિનો નહિ, પૂર્વજોના વંશજોનાં જૂથોનો હક્ક રહેતો. આમ આવાં જૂથો વારસાગત બંધનોમાં રહેતાં અને નાયકને મરજી મુજબ આર્થિક મદદ કરતા. નિયમિત રીતે અથવા અમુક નક્કી કરેલ સમયે આવી મદદ આપવાની કોઈ પ્રથા પ્રચલિત નહોતી તેમ છતાં ઉત્પાદનની વધતી ક્ષમતાથી નાયકના સ્થાનને બળ મળી રહેતું. ખેતીલાયક જમીનોના નાયકોની તુલનામાં ગોચર અને પર્વતીય જમીનોના નાયકો ઓછા બળવાન હતા વધુ બળવાન નાયકો અન્ય નાયકોને દબાવવા તેમ જ તેમની પાસેથી નજરાણું મેળવવા પ્રયત્નો કરતા. આથી આ સમય દરમિયાન લૂંટફાટ અને ધાડ પાડવી એ સામાન્ય પ્રવૃત્તિ બની રહી.

### 28.4.2 લૂંટફાટ અને તેમાંની સંપત્તિની પુનઃ વહેંચણીની પદ્ધતિ (Plunder and Booty Redistribution)

પોતાની પ્રજાની જરૂરિયાતને પૂરી કરવા માટે નાના મોટા નાયકોએ લૂંટફાટ કરવી જ પડતી. આ લૂંટફાટ કર્યા પછી મળેલા માલની નાયક પુનઃ વહેંચણી કરતો. પોતાના કુળના સભ્યોને આપ્યા બાદ નાયક રાજકવિઓ, યોદ્ધાઓ અને ભિખારીઓને પણ બચેલો માલ વહેંચી દેતો. કોઈ પણ ભેટસોગાદ વહેંચવાની નાયકની ફરજ મનાતી(કોડાઈ) (એટ્ટુટ્ટોકાઈના એક કાવ્ય સંગ્રહમાં).'પુરાન્નારૂરૂ'માંનાં મોટા ભાગનાં કાવ્યો નાયકોની ઉદારતાની પ્રશંસા કરતાં હતાં. આ કાવ્યોના કવિના મતે ઉદારતા અને વીરતાના ગુણો નાયકોની શોભા છે. સ્થાનિક સંપત્તિની અછત હોવાને લીધે જ આવી લૂંટફાટ અને ધાડ પાડવાની પ્રવૃત્તિ નાયકોને કરવી પડતી. પુરાન્નરૂરૂની એક કવિતા, ઉરટુર-કીઝર નામના નાયકની પ્રશંસા કરતાં જણાવે છે કે તેની સંપત્તિ ઘણી ઓછી હતી. એક આશ્રિત જ્યારે તેની પાસે ભેટ માગવા ગયો ત્યારે તેણે પોતાના લુહાર પાસે નવી તલવાર બનાવડાવી જેથી તે ધાડ પાડવા જઈ શકે, મોટી સંપત્તિ છીનવી લાવીને પછી આશ્રિતને ભેટો તરીકે વહેંચી શકે. આમ ધાડ પાડવી અને તે માટે કૂચ કરવી, અને મળેલી સંપત્તિની પુનઃ વહેંચણી કરવી એ નાયકોની ફરજ અને કાર્ય હતાં. સામાન્ય લૂંટફાટમાં અનાજ અને જનાવરો રહેતાં. કેટલાક કવિઓ અમુક નાયકોએ આપેલ હાથી, ઘોડા, સોનેરી કમળ, રથ, રત્નો અને ઝીણા કાપડની ભેટોની પ્રશંસા કરે છે. મોટા નાયકોની ધાડમાં આખા ગામને તાબેદારીમાં લેવાતું હોય તેમ જણાય છે. તેને વશમાં રાખવાનું તેમનું ગજું ન હતું. આવા સંજોગોમાં નાના નાયકો તે ગામનો કબજો લેતા. પરંતુ આમાં જમીનના કબજાની પરવાનગીને બદલે પ્રજા પર અંકુશ ધરાવતી પરવાનગી અપાતી.

### 28.4.3 'મુવેન્દારો' અને રાજકીય અંકુશનાં અન્ય સ્તરો (Muvendar and Other Levels of Political Control)

મુખ્ય શાસક જૂથો તરીકે 'મુવેન્દારો' મૌર્યકાળમાં પણ હોય તેમ જણાય છે. અશોકના શિલાલેખોમાં તેમનો ઉલ્લેખ થયો છે. કવિઓએ મુવેન્દારોની પ્રશંસામાં તેમને 'તાજ-પોશ' રાજાઓ કહ્યા છે, અને આખુંયે તામિલહામ તેમનું જ હતું તેમ જણાવ્યું છે. રાજાઓ તાજપોશ તરીકે ગણાવાયા છતાં એમાંથી કોઈ રાજકીય સત્તાની સ્થાપનાનો નિર્દેશ થતો નથી. રાજ્યની હસ્તી માટે જરૂરી ત વો છે, સેના, નિયમિત કરવેરા, વહીવટકારો અને સ્થાનિક વહીવટ માટેની સંસ્થાઓ. આમાંનું કશુયે હજુ વિકસ્યું નહોતું. જોકે અન્ય નાયકો કરતાં મુવેન્દારની સત્તા વિશિષ્ટ રીતે જુદી હતી. નાના નાયકોને તાબેદારીમાં લાવવાનું તેમનું કાર્ય અવિરતપણે ચાલતું રહેતું. રાજ્ય કરનારા ચેરા, ચોલ અને પાંડ્ય ત્રણેય કુળોનું મુખ્ય લક્ષ્ય તેમનાથી સહેજ નીચું સ્થાન ધરાવતા 'વેલિર' નાયકો પર કાબૂ મેળવવાનું હતું. ચેરા, ચોલ અને પાંડ્યોની સાથે સાથે અશોકના શિલાલેખોમાં સત્ય પુત્ર કે અડિગયમનો ઉલ્લેખ છે. સત્યપુત્રો વભીર વડા જેવા હતા. કાવેરી નદીના ઉપલા ભાગોમાંની પર્વતમાળાના પ્રદેશમાં વસતાં કુળો પર તેઓ શાસન કરતા હતા. અન્ય મુખ્ય 'વેલિર' નાયક રાજ્યો કાવેરી નદીથી માંડીને સમુદ્રતટ સુધીના પ્રદેશમાં હતાં. આધુનિક સમયમાં ધરમપુરી, નિલગીરી, મદુરા, ઉત્તર આર્કોટ, તિરૂચિરાપલ્લી, પડુકોટ્ટાઈ વગેરે મુખ્ય કેન્દ્રોમાં 'વેલિર' નાયકો હતા. આખાયે તામિલહામમાં લગભગ 15 જેટલાં 'વેલિર' નાયક રાજ્યો વિખરાયેલાં હતાં. કેટલાક નાયકોનો વ્યૂહાત્મક દૃષ્ટિએ મહ વપૂર્ણ સ્થળો પર અંકુશ હતો. દાખલા તરીકે કોઈ માલના વિનિમયનું કેન્દ્ર, બંદર કે ધોરી રસ્તાના સંગમનું કેન્દ્ર કે હવાખાવાનું સ્થળ જેવાં કેન્દ્રો પર અંકુશ હતો. આમ કેટલીક વ્યૂહાત્મક જગ્યા અને કેટલાંક ત્યાંનાં સંપત્તિ સ્રોતો પરથી તેમના બળનો ખ્યાલ આવતો. જ્યારે રોમની સાથે ભારતનો વ્યાપાર ખૂબ જ વિકસ્યો, ત્યારે આવાં કેન્દ્રોમાં સમૃદ્ધિ વધવાથી તેમના નાયકોનું મહત્ત્વ પણ વધ્યું. પારિ (પરામ્બુમલ્લાઈ, જે પોલ્લાચીની નજીક છે), પોડિયીલ મલ્લાઈના અરિયાર (મદુરા), નન્જીલ મલ્લઈના અંદિરન (ત્રાવણકોરની દક્ષિણે), કોડુવલ્લઈનાં ઈરુન્કો-વેલ(પુડુક્કોટ્ટાઈ) વગેરે મુખ્ય નાયકોનો કાવ્યમાં ઉલ્લેખ છે. આમ મહ વનાં સ્થળોના તેઓ નાયકો હોવાથી તેમને મુવેન્દારો તરફથી ઘણા પડકારો પણ ઝીલવા પડતા ખાસ સ્પર્ધામાં ઓછા બળવાન નાયકો નષ્ટપ્રાય થઈ જતા. આવો એક જાણીતો દાખલો છે, મુવેન્દારે પરામ્બુનાડુના 'વેલિર' નાયક પારિનો કરેલો નાશ. મોટા નાયકો સીધી લડાઈથી જીત મેળવવા ઉપરાંત લગ્નસંબંધોથી પણ 'વેલિર' પ્રદેશોમાં અંકુશ મેળવવાના પ્રયત્નો કરતા. ચેરાઓ, ચોલો તેમ જ પાંડ્યો એ 'વેલિર' કુટુમ્બોની કન્યાઓ સાથે લગ્ન કર્યાં હોય, એવા સંખ્યાબંધ દાખલાઓનો ઉલ્લેખ મળે છે. વધુ બળવાન નાના નાયકોને કાબૂમાં લાવવા સૈનિક પગલાં લેવાની નીતિ વપરાતી. તેમને તાબે કર્યા પછી તેમને નાનો દરજ્જો અપાતો. મુવેન્દારો નીચે કેટલાય આવા નાયકો હતા જેઓ પછીની કૂચો અને લૂંટફાટની પ્રવૃત્તિમાં સેવા આપવા બંધાયેલા હતા.

આમ સ્પષ્ટ થાય છે કે સમકાલીન તામિલહામમાં (તામિઝાકમ ?) માં મુવેન્દારો સહુથી મોટી રાજકીય સત્તા ધરાવતા હતા. ત્યાર પછીની કક્ષામાં હતાં 'વેલિર' નાયકો છેલ્લી કક્ષામાં ગ્રામોના મુખી જેવા 'કિઝરો' પાસે રાજકીય અધિકાર રહેતો. આ બધાને લીધે એવી છાપ ઊભી થાય છે કે સત્તાના ચડતા ઊતરતા દરજ્જાની પદ્ધતિ હતી છતાં, આ ત્રણે સ્તરોને એકસૂત્રતાથી રાજકીય અંકુશ તળે સાંકળે એવી ચોક્કસ કડી જણાતી ન હતી. જોકે મુવેન્દરોના સૈન્યથી કે પછી લગ્નસંબંધથી નાના અને બળહીન નાયકોને ભોળવવાની નીતિ હરહંમેશની ચાલુ રહી હતી. પરંતુ સુગ્રથિત નીતિ હજી બની રહી હતી. પરંપરાગત મોટેરાઓની સભામાં દૈનિક વ્યવહારના નિર્ણયો લેવાતા. તેનું સ્થળ મનરમ્ કહેવાતું. તે એક મોટા વૃક્ષ નીચે બનાવેલી પાળ પર ભરાતી. તેને ''પોડિયીલ'' પણ કહેતા. આમ નાયકની મદદે આ મોટેરાની 'સભા' આવતી, જોકે તેનાં માળખા, સભ્યપદ કે કાર્યો વિશે કોઈ માહિતી નથી મળતી. બે અન્ય સંસ્થાઓ રાજકીય સત્તાના સંદર્ભમાં મહ વની છે. તે છે : 'આઈમ્પેરૂમકુઝું' અથવા ''પાંચ મહાજૂથો'' અથવા ''એનપેરયમ'' અથવા ''આઠ મહાજૂથો''. પરંતુ આ સંસ્થાઓ પાછળથી એટલે કે લગભગ ઈ.સ. ત્રીજી સદીમાં ઊભી થયેલી જણાય છે. આ સંસ્થાઓનાં માળખાં અને કાર્ય વિશે પણ ખાસ માહિતી નથી મળતી.

**તમારી પ્રગતિ ચકાસો (ક)**

(અ) નીચેનાં વકતવ્યો સાચાં (✓) કે ખોટાં (✗) છે તે નિશાનીથી જણાવો :

(1) તામિઝાકમના નાયકોનો આધાર નિયમિત કરવેરાની આવક પર નિર્ભર હતો.

(2) આ સમયે રાજકીય અંકુશ લોકો પરના કાબૂ પર નિર્ભર ગણાતો, નહી કે કુદરતી સ્રોતો પર.

(3) મુવેન્દારો સંપૂર્ણ વિકસિત રાજ્યો હતાં.

(4) ભેટસોગાદો આપવી એ નાયકોની સામાજિક ફરજ ગણાતી.

(બ) જુદા જુદા પ્રકારનાં નાયક રાજ્યો અંદરોઅંદર કેવા સંબંધ રાખતાં તથા કેવી રીતે સાથે રહેતાં ?

.........................................................................................

.........................................................................................

.........................................................................................

.........................................................................................

.........................................................................................

.........................................................................................

.........................................................................................

.........................................................................................

## 28.5 સારાંશ

આ એકમમાં તમે વિવિધ પર્યાવરણ વિભાગો વિશે તેમની નિર્વાહની રીતો તેમ જ રાજકીય વિકાસનાં સ્તરો વિશે પણ જાણ્યું. તમે એ પણ નોંધ્યું કે લૂંટફાટ અને તેના માલની પુનઃ વહેંચણી થતી. તે જમાનાની રાજકારણી રીત મુજબ, કેવી રીતે થતી. રાજકીય સત્તાટોળીના સંબંધો અને સગપણ પર આધારિત હતી તે બીજી મુખ્ય વાત પણ તમે શીખ્યા. આ ઉપરાંત ઈ.સ.ની ત્રીજી સદી પછીથી જ સંસ્થાઓની વ્યવસ્થિત સંરચનાની ક્રમિક પ્રક્રિયા શરૂ થઈ, તે પણ તમે જાણ્યું.

## 28.6 ચાવીરૂપ શબ્દો (Key Words)

**પર્યાવરણ વિભાગ :** એક નાનો પ્રદેશ જેને પોતાના વિશિષ્ટ પર્યાવરણને લગતાં લક્ષણો હોય, જેવાં કે આબોહવા, માટીની જાત અને સજીવ પશુપક્ષી તથા વનસ્પતિ સૃષ્ટિ વગેરે.

**“તિનાઈ” :** પોતાનાં વિશિષ્ટ પર્યાવરણીય લક્ષણો ધરાવતો તથા સાથે સાથે આગવાં સામાજિક જૂથો અને નિર્વાહ પદ્ધતિ ધરાવતો પ્રદેશ.

**નાયક રાજ્ય :** એવો વારસાગત પદ્ધતિ ધરાવતો સમાજ જેનું નિયંત્રણ એક નાયક કરે અને જે પોતાની પ્રજા પાસેથી ઐચ્છિક ખંડણી મેળવે.

**‘મુવેન્દાર’ :** ત્રણ ઉચ્ચતમ શાસક જૂથો એટલે કે ચેરાઓ, ચોલા અને પાંડ્યો.

**“વેલિર” :** મુખ્ય જૂથો પછીનાં જૂથો.

**કિઝર :** સૌથી નાના દરજ્જાના ગ્રામમુખી જેવા નાયકો જેમની પાસે એમના કુળના સમૂહો પર વાસ્તવિક અંકુશ ધરતા.

**‘મનરમ’ કે “પોડિયીલ” :** ઝાડની નીચે બેસવા માટે બનાવેલી પાળ.

## 28.7 ‘તમારી પ્રગતિ ચકાસો’ના જવાબો

(અ) (1) ✗ (2) ✓ (3) ✗ (4) ✓

(બ) જુઓ 28.4.3

# એકમ 29 દ્વીપકલ્પીય ભારતમાં ખેતી વિષયક વસાહતો અને સમાજ (Agrarian Settlements and Agrarian Society in Peninsular India)

## રૂપરેખા


29.0 ઉદ્દેશો
29.1 પ્રસ્તાવના
29.2 જીવનનિર્વાહનાં સ્વરૂપો
29.3 ખેતીની વસાહતોનો વિસ્તાર
 29.3.1 તામિલહામ વસાહતોમાં ખેતીની પેદાશ
 29.3.2 દખ્ખણની વસાહતો
29.4 માલિકી હક્કો
29.5 મહેસૂલ અને વધારાની ગેરવસૂલાત
 29.5.1 ખેતીમાંથી આવક
 29.5.2 તામિલહામમાં સંપત્તિનાં સાધનો મેળવવાની તથા વિતરણની પદ્ધતિ
 29.5.3 ગેરવસૂલાતમાં અતિરેક
29.6 સામાજિક સંગઠન
 29.6.1 તામિલહામમાં સમાજ
 29.6.2 દખ્ખણમાં સમાજ
29.7 નવાં ત વો અને સમાજપરિવર્તન
29.8 સારાંશ
29.9 ચાવીરૂપ શબ્દો
29.10 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો


## 29.0 ઉદ્દેશો

આ એકમનો મુખ્ય હેતુ ડેક્કન અને દક્ષિણ ભારતમાં ઈ.પૂ.200 થી ઈ.સ. 300 સુધીમાં ખેતીને લગતી વસાહતોના વિસ્તૃતીકરણની ચર્ચા કરવાનો છે. આ એકમના અભ્યાસ પછી તમે સમજી શકશો કે :

- દક્ષિણ ભારતમાં જુદાં જુદાં ક્ષેત્રોમાં જીવનનિર્વાહની જુદી જુદી પ્રચલિત પદ્ધતિઓ
- ખેતીને લગતી વસાહતોના વિસ્તૃતીકરણની પ્રકૃતિ
- જમીન-માલિકીનો પ્રકાર
- ખેતીની મહેસૂલી આવક અને ખેતીની વસાહતોની સંપત્તિનાં સાધનોની વહેંચણી
- ખેતીપ્રધાન સમાજનું સંગઠન અને
- નવાં ત વોનો પ્રવેશ અને પરિવર્તનની શરૂઆત

## 29.1 પ્રસ્તાવના

ઈસવીપૂર્વના, બીજા સહસ્રકના પૂર્વાર્ધમાં નૂતન પાષાણયુગ પછીના ગાળામાં જેનો સમય ગણાય છે એ દ્વીપકલ્પીય ભારતમાં ખેતી થઈ હોવાના પુરાવા મળી આવે છે. એ સમયના લોકો રાગી અને બાજરા જેવી ખેતી કરતા હતા. વળી બેત્રણ જાતનાં કઠોળ અને ચણાની પણ ખેતી થતી. પાળ બાંધીને ખેતરો બનાવ્યા બાદ ખેતી કરવાની અહીંની વિશિષ્ટ રીત નૂતન પાષાણ યુગથી જ અપનાવાઈ હતી. ખેતી પણ આવાં ખેતરો પૂરતી જ થતી. ઈ.પૂ.ના પ્રથમ સહસ્રકની શરૂઆતમાં દક્ષિણ ભાગમાં શરૂ થયું એમ જણાય છે. એ સમયે એટલે દક્ષિણમાં લોહયુગનો પ્રારંભ, આ યુગમાં જ ચોખાની ખેતી ડેક્કન અને દક્ષિણમાં ફેલાઈ ગઈ.

ઊંચી જમીનવાળા પ્રદેશોમાં લોહયુગની પ્રારંભિક વસાહતો મળે છે. લોખંડની શોધે ખેતી કરવાની રીતમાં

અચાનક કોઈ પરિવર્તન કરેલું જણાતું નથી. તેનો તકનીકી વિકાસ જરા મોડેથી, જ્યારે લોઢાનું હળ બન્યું ત્યારે આવ્યો. આ શોધ તથા નદીની ખીણોમાં કેન્દ્રિત વસાહતો બંને એકસાથે થઈ હતી. બળદોને નાથીને હળ સાથે જોડવાની પ્રથા અને લોઢાના હળના વધેલા વપરાશને લીધે, ખેડાતી જમીનનો વિસ્તાર વધી ગયો અને ખેતીમાં અભૂતપૂર્વ ઉત્પાદન થવા લાગ્યું. આની સાથે જ વસ્તીમાં પણ એવો જ વધારો થયો. થોડા સમય પછી તો બૌદ્ધ વિહારો અને બ્રાહ્મણોને જમીનો દાનમાં દેવાની નવી જ પ્રથા ઊભી થઈ. એ સમયના ખેડૂતો ઋતુઓની ઘણી સમજ ધરાવતા હતા તેમ જ આબોહવા વિશે તેમનું જ્ઞાન ઘણું બધું હોઈ ભાવિ અંગેનાં એંધાણો કળી શકતા હતા. જમીનનો અને ધાર્મિક જૂથો બૌદ્ધ સંઘ યા વિહાર, અથવા બ્રાહ્મણોને દાનમાં આપવાની પ્રથા પડવાથી, ખેતીની વિદ્યા ન જાણનારા લોકો, ખેતીના વ્યવસાયમાં આવ્યા. આમ ખેતીને કારણે થતી વસાહતના ત્રણ તબક્કા થયા

- પ્રારંભિક તબક્કે, નિમ્ન કક્ષાની તકનીકી પદ્ધતિઓ દ્વારા માત્ર પહાડોના ઢાળ ઉપર ખેતી કરાતી.
- બીજે તબક્કે, હળને લીધે ખેતીનો ઘણો વિકાસ થયો. ખેતીનો ફેલાવો નદીની ખીણો સુધી પહોંચ્યો.
- ત્રીજા તબક્કામાં બિન-ખેડૂતો ખેતીના વિભાગમાં પ્રવેશ્યા પરંતુ આ જૂથો ઋતુઓ વગેરે લઘુજ્ઞાન વ્યવસ્થાપન શક્તિ અને ખેતીમાં મદદ કરે તેવાં સાધનોના જ્ઞાનથી સંપન્ન હતાં.

## 29.2 જીવનનિર્વાહનાં સ્વરૂપો (Forms of Subsistence)

કોઈ પણ પ્રદેશનાં ભૌગોલિક સ્થાન, જમીનની પ્રકૃતિ,કુદરતી સંપત્તિ અને ત્યાં વિકાસ પામેલ તકનીકી કૌશલ્યનાં સ્તર આદિ પરિબળોના આધારે ત્યાંની પ્રજાના નિર્વાહની રીત નક્કી થાય છે. કેટલાક ઠેકાણે પ્રારંભિક કક્ષાનું તકનીકી કૌશલ્ય જ રહ્યું, જ્યારે અન્ય ભાગોમાં ઉત્પાદન પણ વધ્યું અને સમાજનો વિકાસ થયો. તામિલહામના પ્રદેશોમાં આ બધી બાબતમાં વૈવિધ્ય જોવા મળે છે. તમે એકમ 31માં જોશો કે પ્રાચીન તામિલભાષાનાં 'સંગમ' કાવ્યોમાં તામિલહામના પાંચ પર્યાવરણ વિભાગોનો ઉલ્લેખ છે અને પ્રત્યેક વિભાગ યા ''તિનઈ''માં જીવનનિર્વાહની પદ્ધતિઓ જુદી જુદી હતી. આ વિભાગો આ મુજબ હતા :

- કુરિન્જી - જેમાં ડુંગરો અને જંગલો હતાં.
- મુલ્લઈ - જેમાં ગોચરો, નીચા પર્વતો અને આછાં જંગલો હતાં.
- મરુતમ - જેમાં ફળદ્રુપ અને સિંચાઈવાળી જમીનો હતી.
- નેઈતાલ - જેમાં સમુદ્રનો તટપ્રદેશ હતો; અને
- પાલ્લઈ - જેમાં ઉજ્જડ જમીનો હતી, મલ્લઈ અને કુરિન્જ વિભાગો ગ્રીષ્મ ઋતુમાં ઉજ્જડ પ્રદેશો જેવા જ સૂકા થઈ જતા.

કુરિંજ વિભાગોમાં જંગલના આદિવાસીઓ વસતા હતા તેઓ કુરાવર, વેતાર આદિ નામે આલેખાતા. તેઓનો મુખ્ય વ્યવસાય શિકાર કરવાનો અને જંગલની પેદાશ એકત્ર કરવાનો હતો. જેવા કે વાંસ, ચોખા, મધ અને કંદમૂળો તેઓ વૃક્ષો કાપીને બાળી નાખ્યા પછી તેની રાખમાં જ નવું વાવેતર કરવાની પદ્ધતિથી ખેતી કરતા. તે ખેતી ડુંગરાઓના ઢોળાવ પર થતી અને ખાસ તો તેમાં હલકા ધાન અને કઠોળના પાકો લેવાતા. તેમની પાસે ખેતીનાં સાધનોમાં કોદાળી, દાતરડું અને લોઢાની અણીવાળી ખૂરપી હતાં. આવા ડુંગરાળ પ્રદેશમાં મરી અને બીજા તેજાના પણ પ્રચુર માત્રામાં થતા. આ તેજાનાઓની ખેતી અને પાણી પુરવઠાની વ્યવસ્થા વિશે સાહિત્યિક ઉલ્લેખો મળે છે.

મુલ્લઈનાં ગોચરોમાંની વસતી ગોપાલક જાતિની હતી, જેને 'ઈટાયા' કહેતા. પશુઉછેરના વ્યવસાયથી તેઓનો નિર્વાહ થતો. તે (ડેરી) ઉત્પાદનોનો વિનિમય કરતા. તેઓ પણ 'ફરતી ખેતી' કરતા અને બાજરી ઉપરાંત કઠોળ અને મસૂરની દાળ પકવતા.

'મરૂતમ' અથવા ખેતીના મોટા પ્રદેશો નદીની ફળદ્રુપ ખીણના ભાગમાં હતા અને તે ડાંગર તથા શેરડી જેવા વધુ પાણી જોઈતા પાકો માટે અનુકૂળ પડતી. આમાં લેવાતા મુખ્ય પાકો હતા ચોખા અને શેરડી. અહીં વસતા લોકોને 'ઉઝહવાર' (એટલે કે હળવાળા) કહેતા. તેઓ હળના ઉપયોગથી ખેતી કરતા અને ચોખાનો પાક એટલો લેતા કે તે અન્યોને વેચી શકાય. બીજા વિભાગોના લોકો ચોખા માટે 'મરૂતમ' પર જ આધાર રાખતા, કેમ કે ચોખા તેમનો મુખ્ય ખોરાક હતો.

નેયતાલના લોકો 'પરાતવા' કહેવાતા, અને સમુદ્રતટે રહેતા હોવાથી તેમનો વ્યવસાય મીઠું પકવવાનો અને માછીમારીનો હતો. આના વિનિમયથી તેઓ અન્ય જરૂરી ચીજો લાવતા અને પોતાનું ગુજરાન ચલાવતા.

પલ્લઈ વિભાગમાં ઉનાળાની કુદરતી પરિસ્થિતિનું નિર્માણ પાણીની અછતને કારણે ખેતી કરી શકાતી નહિ. તેથી ત્યાંના કેટલાક લોકો સરિયામ રસ્તે લોકોને લૂંટવાનો ધંધો કરતા અને રખડતાં ઢોરોને પણ ચોરી જતા. મીઠું અને અન્ય ચીજોના વિનિમય કરનારા વેપારીઓ પલ્લઈ વિભાગમાંથી વણઝારો લઈને જ્યારે પસાર થતા, ત્યારે ઘણી વખત એમનો માલ લૂંટાતો અને આ લૂંટફાટ કરતા લોકો 'મરાવા' જૂથના હતા.

ઉપર કરેલ ચર્ચા મુજબ જીવનનિર્વાહની રીતો આ પ્રમાણે જણાવી શકાય :

- શિકાર કરવો અને જંગલની પેદાશ એકઠી કરવી.
- પશુઉછેર.
- હળ વડે ખેતી.
- માછીમારી અને મીઠું પકવવું .
- રસ્તે જતા લોકોની લૂંટફાટ કરવી.

એ બધાંને એક કોઠામાં નીચે પ્રમાણે બતાવી શકાય :

**કોષ્ટક નં.1**

**પ્રાકૃતિક-ભૌગોલિક વિભાગો, રહેવાસીઓ અને વ્યવસાયો**

| વિભાગ | ભૌગોલિક લક્ષણો | રહેવાસીઓ | વ્યવસાય |
|---|---|---|---|
| કુરિંજ | પહાડો અને જંગલો | (કુરાવર,વેટાર,આદિ) શિકારીઓ અને જંગલી ચીજો ભેગી કરનારાઓ | શિકાર કરવો, ખોરાક એકઠો કરવો વૃક્ષો કાપીને અને બાળીને ખેતી કરવાનું કામ. |
| મલ્લઈ | ગોચરો,નીચા ડુંગરાઓ, આછાં જંગલો | ગોપાલકો (અય્યાર, ઈટ્યાર) | પશુપાલન, ફરતી ખેતી |
| મરૂતમ | નદીની ખીણોના પ્રદેશો અને સપાટ પ્રદેશો. | ખેડૂતો (ઉઝહવાર અને વેલ્લાલેર) | હળની મદદથી ખેતી કરવી. |
| નેઈતાલ | સમુદ્રના તટ પ્રદેશો | માછીમારો (પરાટવાર) | માછીમારી, સમુદ્રને તળિયે ડૂબકી મારી મોતી લાવવાં, અને મીઠું પકવવું. |
| પલ્લઈ | સૂકો પ્રદેશ ઉનાળામાં ડુંગરાળ પ્રદેશનું ગોચરમાં રૂપાંતર થવું. | લૂંટારાઓ (એયીનાર, મરાવર) | રસ્તે ધાડ પાડવી અને શિકાર કરવો. |

**તમારી પ્રગતિ ચકાસો (ક)**

(અ) નીચેનાં વિધાનો આગળ સાચાં (✓) કે ખોટાં (✗)ની નિશાની કરો.

(1) તામિલહામ ક્ષેત્રમાં જીવનનિર્વાહની વિવિધ રીતો વધુ નજરે ચડે છે.

(2) પાંચ ''તિનાઈ'' નાં નામ હતાં ડેકકન, આંધ્ર, કર્ણાટક, તામિલનાડુ અને કેરાલા.

(3) પલ્લઈ વિભાગ ઋતુચક્ર પર આધારિત ઘટના છે.

(4) બિન ખેડૂતોનાં જૂથો ખેતી કરનારા વિભાગમાં પ્રવેશ્યાં, એ ઘટના દક્ષિણ ભારતની ખેતીના ત્રીજા તબક્કાની વિશેષતા છે.

(બ) પ્રાચીન તામિલહામના પાંચ પર્યાવરણ વિભાગો વિશે પાંચ લીટી લખો.

........................................................................................

........................................................................................

........................................................................................

........................................................................................

........................................................................................

(ક) મલ્લઈ અથવા ગોચર જમીનોના લોકોના જીવનનિર્વાહની રીત વિશે ત્રણેક પંક્તિમાં લખો.

........................................................................................

.......................................................................................

.......................................................................................

## 29.3 ખેતીની વસાહતોનો ફેલાવો (Spread of Agrarian Settlements)

નૂતન પાષાણયુગથી માંડીને લોહયુગ સુધીમાં દક્ષિણ ભારતમાં અને દખ્ખણમાં વસતી વધી હતી. એ એક નોંધપાત્ર પરિવર્તન ગણાય. આ પરિવર્તન લોહયુગનાં સ્થળોમાં પ્રતિબિંબિત થાય છે. આને લીધે ઉચ્ચ પ્રદેશ પરથી નદીની ફળદ્રુપ ખીણ પ્રદેશમાં વસાહતો ફેલાવા લાગી તથા અંશતઃ પશુપાલન અને અંશતઃ ફરતી ખેતીના અર્થતંત્રનું, સ્થિર ખેતી વિષયક અર્થતંત્રમાં રૂપાંતર થયું. આ પ્રકારે થયેલી જીવનપદ્ધતિનાં મુખ્ય લક્ષણો આ પ્રમાણે હતાં :

- નદીના ખીણપ્રદેશમાં વસાહતોનું એકત્રિત થવું .
- કારીગરીની વિશિષ્ટતા અમુક સ્તરે પહોંચવી.
- લોઢાનાં ઓજારોનો વધુ ઉપયોગ .
- લોઢાના હળથી ખેતીની નવી ટેક્નોલૉજી .
- વધુ સિંચાઈની સુવિધાની વ્યવસ્થા.
- સૂકા પ્રદેશના પાકને બદલે વરસાદવાળી જમીનમાં વધુ ઉત્પન્ન આપતા ચોખા જેવા પાકોમાં ફેરફાર કરવો.

પુરાતત્ત્વીય ખોદકામો સૂચવે છે કે આવાં પરિવર્તનો દક્ષિણ ભારતમાં ઠેર ઠેર નજરે પડે છે. આ સ્થળોને મહાપાષાણ યુગનાં કહેવામાં આવે છે. તમે મહાપાષાણો વિશે વિભાગ 3માં શીખી જ ગયા છો છતાં ખેતીની વસાહતોની ચર્ચા પહેલાં મહાપાષાણો વિશે થોડું જાણી લઈએ.

''મહાપાષાણ'' (Megalith) નો કોષગત અર્થ છે મોટા પથ્થરો. આ મોટા પથ્થરો કોઈ વાસ્તવિક વસાહતો સાથે જોડાયેલા નથી, પણ કબરની આજુબાજુ ગોળાકાર પથ્થરોની દફનની જગ્યા સાથે હોય છે. જ્યાં લોકોનો વસવાટ પણ હોય તેવાં કેટલાંક સ્થળો જેવાં કે તિરૂકમ્મપુલિયર, આલાગરાઈ પ્રકાશમાં આવ્યાં છે ખરાં પરંતુ તે અપવાદ છે. આ પ્રથાની શરૂઆત લગભગ ઈ.પૂ.1000ની આસપાસ થઈ હોવાનું જણાય છે, પણ ઘણાં સ્થળોનો સમય ઈ.પૂ.ની પાંચમીથી પહેલી સદી સુધીનો પણ હોય છે, કેટલાંક તો ત્યાર બાદના સમયનાં છે.

આ કબરોમાંથી મળતી ચીજો વિવિધ હોય છે, જેવી કે માનવીનાં હાડકાં, જેમાં કાળી અને લાલ માટીનું કામ વિશેષ હોય છે, માટીનાં વાસણોના લખાણવાળા ટુકડા, ઓજારો, લોઢાનાં શસ્ત્રો, મણકાઓ અને ઘરેણાંઓ, પૂજાની ચીજો અને બીજી અનેક ચીજો. આમ, આ ''મહાપાષાણ'' ના અવશેષોને લીધે આપણે લોહયુગ દરમિયાનની દક્ષિણ ભારતની ભૌગોલિક સંસ્કૃતિ વિશે જાણી શકીએ છીએ. સમકાલીન તામિલ કાવ્યોમાં મળતી માહિતીના ભૌતિક પુરાવા પણ આ ચીજો પૂરા પાડે છે.

### 29.3.1 તામિલહામ વસાહતોમાં ખેતીની પેદાશ (Agricultural Production in the Settlements in Tamilham)

તામિલહામમાં લોઢાના હળથી ખેતી થતી હતી. કોદાળી, ખૂરપી, પાવડા અને દાતરડાં જેવાં લોઢાનાં ઓજારો પણ ખેતીનાં જુદાં જુદાં કામ માટે વપરાતાં. લુહારોને લોખંડની ધાતુનું ઘણું જ્ઞાન હતું, અને કેટલેક ઠેકાણે ખનિજને પિગળાવી શુદ્ધ કરવાની ભઠ્ઠીઓ પણ મળી છે. તેની વધેલો મેલ મટોડી પણ આવી જગ્યાએથી મળે છે. ઊંડા ખોદકામ માટે લોઢાના મોંવાળું હળ બહુ જરૂરી છે અને હળનો ઉપયોગ આ સમયે હતો, તેના ઉલ્લેખો સાહિત્ય તેમ જ શિલાલેખોમાં લોઢાનાં હળ બનાવનારનું નામ દાતાઓની યાદીમાં જણાવાયું છે. બળદો અથવા પાડાઓ હળને જોડવામાં આવતા ભારવાહી પશુઓને કામે લગાડવાથી અને હળના ઉપયોગથી ખેતીનાં કામો કાર્યક્ષમ બન્યાં.

કેટલીક વાર સ્થાનિક લોકો અને કેટલીક વાર રાજાઓ અને નાયકો મારફત સિંચાઈની વ્યવસ્થા થતી. નદીનાં પાણી તો ખેતરોમાં સીધાં વાળી લેવાતાં. કાવેરીપટ્ટીનમમાં પાણી સંગ્રહવાની એક પ્રાચીન ટાંકી પણ મળી આવી છે. સિંચાઈ અહીં જરૂરી હતી કેમ કે આ પ્રદેશમાં જોઈએ તેટલી વર્ષા થતી નહિ ''મરૂતમ'' ખેતરોમાં

શેરડી અને ચોખાના મુખ્ય પાક હતા. કઠોળો પણ પાકતાં. તે સમયના સાહિત્યથી જણાય છે કે લોકોને ઋતુઓ વિશે જ્ઞાન હતું, જે જ્ઞાન સફળ ખેતી માટે મહ વનું છે.

ઉઝહવાર અને વેલ્લાલાર મુખ્ય ખેડૂતો હતા. ઉઝહવાર શબ્દનો અર્થ 'હળ ચલાવનાર' એવો થાય છે, જ્યારે વેલ્લાલારો જમીનોના માલિકો હતા. આમ ખેતી કામ કરનારો એક વર્ગ હળકારોનો હતો. અટ્ટીયોર અને વિનઈવલાર નામના લોકો પણ ખેતરોમાં કામ કરતા એવા ઉલ્લેખો છે.

અટિયોરનો અર્થ કદાચ ગુલામો થતો અને વિનઈવલાર એટલે કદાચ મજૂરી લઈ કામ કરતા મજૂરો. 'વળતર'નો દર અને મજૂરીની શરતો વગેરે વિશે કોઈ વિગત મળતી નથી. મોટા કુટુંબના બધા સભ્યો ખેતીમાં જોડાયેલા હોય એવા ઘણા સંદર્ભો મળે છે. કેવળ પોતાના કુટુંબના સભ્યોની મજૂરીથી વધુ આવક થતી ન હતી. આ મર્યાદા હોવા છતાં પણ ખેતી કરનારી વસાહતો અનેકવિધ જૂથો - જેવાં કે લુહારો, સુથારો, કવિઓ, નૃત્યકારો, જાદુગરો, પૂજારીઓ,સાધુઓ વગેરે-ને પોષી શકતી હતી.

### 29.3.2 દખ્ખણની વસાહતો (Settlements in the deccan)

સાતવાહન યુગ(ઈ.પૂ. પહેલી સદીથી ઈ.સ.ત્રીજી સદી) દરમિયાન દખ્ખણના તટપ્રદેશમાં ઉચ્ચ પ્રદેશ પર અને દરિયાકિનારે વસાહતોની સંખ્યામાં સમગ્રતયા વધારો થયો. ગોદાવરીના તટપ્રદેશમાં સહુથી વધારે વસાહતો હતી. સાતવાહન વસાહતોની ભૌતિક સંસ્કૃતિમાં દક્ષિણના મહાપાષાણ યુગની થયેલી પ્રગતિ કરતાં થોડો સુધારો જણાય છે. ઓજારો અને ઉપકરણોમાં હળ, દાતરડાં, પાવડા, કોદાળી, ફરસી, તીર વગેરે મળે છે. ખુરપીની બનાવટમાં વિકાસ થતો રહ્યો હતો. હવે તેને સારી રીતે હાથો બેસાડ્યો હતો. કરીમનગર અને વારંગલ ક્ષેત્રોમાંથી લોઢાનું ખનિજ પ્રાપ્ત થતું હતું. ''મહાપાષાણ'' યુગમાં જ લોઢાની જાણકારી અહીંના લોકોને હતી, તે સ્પષ્ટ થયું છે. વળી, સાતવાહન સમયમાં સોનું અને તેના ઉપરનું કામ દખ્ખણમાં થતું. તેના પુરાવા સાંપડે છે. ધાતુવિજ્ઞાનનો આ ક્ષેત્રોમાં વિકાસ થયો હોય તેમ જણાય છે.

ટાંકીઓ તેમ જ કૂવાઓના અસ્તિત્વથી જણાય છે કે સિંચાઈનો ઉપયોગ થતો હશે. પાણીને ઉલેચવા રેંટનો ઉપયોગ થતો. વાવ કે કૂવો ખોદાવવો તે પુણ્ય કાર્ય ગણાતું. આવાં કાર્યો માટે રાજાઓની પ્રશસ્તિઓ પણ કરવામાં આવી છે. વધુ પૈસાદાર લોકો પણ આવાં સાર્વજનિક અને પુણ્યકારી કાર્યો હાથ ધરતા.

દખ્ખણના ખેડૂતોને ચોખાની ફેરરોપણીની પ્રથાની માહિતી હતી. ગોદાવરી અને કૃષ્ણા નદીઓના ખીણપ્રદેશ ચોખાના ઉત્પાદન માટે આ સમયે વિસ્તૃત ક્ષેત્ર બન્યો. કાળી માટીની જમીનમાં કપાસની ખેતી થતી, અને આંધ્રનો કપાસ વિદેશોમાં પણ વિખ્યાત થયો. સમુદ્રતટના પ્રદેશોમાં નાળિયેરનું વાવેતર પુષ્કળ મોટા પ્રમાણમાં થતું. કેરીનાં તથા ઇમારતી લાકડાં માટેનાં વૃક્ષો દખ્ખણના જુદા જુદા ભાગોમાં મોટા પાયે થતાં એમ જણાય છે. દક્ષિણમાં મજૂરી માટેના મુખ્ય સ્રોતમાં રોજી મેળવનાર મજૂરોનો સમાવેશ થતો. 'પેરિપ્લસ ઑફ ધી યુરીથિયન સી' પુસ્તકમાં જણાવાયું છે કે અરેબિયામાંથી ગુલામો લાવવામાં આવતા. આનો સ્પષ્ટ અર્થ એ થયો કે સમાજમાં ચડતાઊતરતા અને ભેદભાવ ચોખ્ખા જણાતા. તામિલહામમાં ''ઉચ્ચ'' અને 'નીચ'ના ભેદભાવ પ્રચલિત હતા. ઉચ્ચ કક્ષાએ શાસકો નાયકો, વેલ્લાલા અને વેલિર જેવા જમીન ધારકો હતા. 'નીચ' કક્ષામાં સામાન્ય ખેડૂતો, કવિઓ, નર્તકો, મજૂરો વગેરે હતા. દખ્ખણમાં આ ભેદભાવ વધુ સ્પષ્ટ હતો. ત્યાં શરૂના તબક્કે ઉત્તરના આદર્શો અને વિચારોનું સ્થાનિક વિચારો સાથે મિશ્રણ થઈ ચૂક્યું હતું.

## 29.4 માલિકી હક્કો (Ownership Rights)

ધનદોલતને આધારે ઊભા થતા ભેદભાવ આપણને માલિકીના હક્કોની સમસ્યા તરફ દોરી જાય છે. દૂર દક્ષિણમાં તો આપણે જોયું કે કેટલાંક વેલ્લાલાં જૂથો હતાં જેઓ જમીનના માલિકો હતા. આ ઘટના બીજાની જમીન પર મજૂરી કરવાની વાતનું નહિ, પણ જમીનની માલિકી ધરાવવાની વાતનું સૂચન કરતી જણાય છે. પ્રસંગોપા ા નાયકો પોતાના યોદ્ધાઓ અને કવિઓને 'ઉર' વસાહતો દાનમાં આપતા. વહેવારમાં જેને જમીન મળતી તેને 'ઉર' વસાહતમાંથી મહેસૂલ ઉઘરાવવાનો હક મળતો. આમ તો ખેતરોની માલિકી જૂથની રહેતી. નાયકોને કરવેરા ભર્યા બાદ ઉત્પાદનની સહિયારી ઢબે વહેંચણી થતી. દખ્ખણમાં માલિકી હક્કોની પદ્ધતિ જરા વધારે સ્પષ્ટ છે. ગૃહપતિઓ જમીનના માલિકો તથા વેપારીઓ પણ હતા પશ્ચિમ ડેક્કનના ક્ષત્રપ રાજા નાહાપણના જમાઈ ઉશપદ ે એક બ્રાહ્મણ પાસે જમીનનો એક ટુકડો ખરીદ્યો અને તે ટુકડો બૌદ્ધ સંઘને દાનમાં આપ્યો, આવો ઉલ્લેખ એક શિલાલેખોમાં છે. આ ઘટના તો જ શક્ય બને જો જમીનની માલિકી ખાનગી ઢબની હોય. આ સોદામાં મૂળ માલિકને 40,000 'કહયાણ' સિક્કા મળ્યા હતા. સાતવાહન રાજાઓ પણ જમીનોના ટુકડા દાનમાં આપતા અને કોઈ વાર આખાં ગામ પણ દાન કરતા. ખાસ કરીને ધાર્મિક વ્યક્તિ યા સંગઠનો સંસ્થાને આવાં દાન પ્રાપ્ત થતાં પાછળથી સામાન્ય ભાવિકો પણ આવી પ્રથા પાળતા થયા. તે જમાનાના શિલાલેખોથી

જણાય છે કે ખાનગી વ્યક્તિઓ જમીનો ધારણ કરી શકતી .

**તમારી પ્રગતિ ચકાસો (ખ)**

(અ) નીચેનાં વિધાનો સામે સાચાં (✓) અથવા ખોટાં (X) ની નિશાની કરો :

(1) 'મહાપાષાણ'ના અવશેષો નૂતન પાષાણ યુગના સમયના છે.

(2) ખૂરપીથી ઝીણી બાજરી જેવું હલકું ધાન્ય ખેડી શકાય નહિ.

(3) તામિલહામની નદીઓના ખીણ પ્રદેશોમાં સિંચાઈની સગવડો જાણીતી થઈ ન હતી.

(4) નાયકો મંદિરોને ગામડાંઓ દાનમાં આપતા.

(5) ખાનગી લોકોને જમીન માલિકી ધરાવવાનો કોઈ હક્ક દખ્ખણમાં નહોતો.

(બ) પ્રાચીન દક્ષિણ ભારતમાં ખેતગ્રામો વિશે છએક લક્ષણો લખો.

........................................................................................................
........................................................................................................
........................................................................................................
........................................................................................................
........................................................................................................
........................................................................................................

(ક) દખ્ખણની ખેત વસાહતોમાં ઓજારો અને ઉપકરણો તથ. સિંચાઈની સગવડો વિશે પાંચેક લીટીમાં જણાવો.

........................................................................................................
........................................................................................................
........................................................................................................
........................................................................................................
........................................................................................................

(ડ) દખ્ખણમાં જમીનમાલિકીના હક વિશે પાંચેક લીટી લખો.

........................................................................................................
........................................................................................................
........................................................................................................
........................................................................................................
........................................................................................................

## 29.5 મહેસૂલ અને વધારાની ગેરવસૂલાત (Revenue and Surplus Extraction)

આવકનું મુખ્ય સાધન મહેસૂલ હતું. રાજ્ય તેને ઉઘરાવવા વ્યવસ્થિત તંત્ર ઊભું કરતું. આપણે આ વિભાગમાં જમીન મહેસૂલ અને તેની ઉઘરાણી વિશે ચર્ચા કરીશું.

### 29.5.1 ખેતીમાંથી આવક (Revenue from Agriculture)

તામિલ સાહિત્યમાં નાયકોને ''ઈરાઈ'' અને ''તિરાઈ'' નામે બે પ્રકારનો હિસ્સો મળતો હતો એમ જણાવ્યું છે. ''ઈરાઈ'' એટલે નિયમિત રીતે અપાતો હિસ્સો જ્યારે તિરાઈ નજરાણા તરીકે મળતું હોઈ નિયમિત નહોતું. સમકા નોંધોમાં કમનસીબે આ કરવેરાનો દર તથા તે ઉઘરાવવાની શી વ્યવસ્થા હતી તેનો કોઈ ઉલ્લેખ નથી. નાયકોને હંમેશાં મૃદુ વ્યવહાર કરવા તથા મહેસૂલની ઉઘરાણીમાં અતિરેકને ટાળવાની સલાહો અપાઈ છે. આનો અર્થ એમ થયો કે ખેડૂતો પાસેથી ભાગ મેળવવા માટે સત્તાધારીઓ બળનો પણ પ્રયોગ કરતા હતા અને કોઈ વાર એનો અતિરેક પણ થતો હતો.

સાતવાહનોના અમલ નીચે દખ્ખણમાં કદાચ મહેસૂલી પદ્ધતિ વધુ નિયમિત હશે, પણ કોઈ જાતની તેની વિગત સ્પષ્ટ રીતે આપણી સમક્ષ નથી આવતી. કરવેરાનાં કેટલાંક નામો જેવાં કે કર, દેયા, મેયા, ભાગ, વગેરે જાણવા મળે છે.આ બધા શબ્દોનું વાસ્તવિક મહત્ત્વ શું હતું તથા તે વિશે રકમ અને તેના મહત્ત્વ વિશે કશી માહિતી

મળતી નથી. બૌદ્ધ સંઘ અથવા બ્રાહ્મણોને અપાયેલ દાનમાં ગામોના મહેસૂલનો સમાવેશ થતો હતો. આવા કિસ્સાઓમાં કેટલીક મુક્તિ પણ જણાવી હતી, જેવી કે;

(i) રાજાના સૈનિકો કોઈ જાતનો વેરો ઉઘરાવવા પ્રવેશે નહિ.

(ii) ગામમાંથી રાજાના અધિકારીઓ ચીજોનો કબજો લઈ શકે નહિ.

આ બતાવે છે કે,

- સામાન્ય રીતે, ગ્રામવાસીઓને જ્યારે પણ રાજાનાં સૈનિકો ગામમાં આવે ત્યારે ગ્રામજનોએ અમુક નાણાં અથવા ચીજો તેમને ભેટ આપવી પડતી; અથવા
- સૈનિકોને મહેસૂલ ઉઘરાવવાની સત્તા આપવામાં આવી હતી. સાતવાહન સમયમાં ગ્રામ્ય વિસ્તારો ''ગૌલમિક''ના આધિપત્ય નીચે હતા. આ અધિકારીના અધિકારમાં સૈન્યનો જથ્થો રહેતો હતો. બૌદ્ધ મઠો કે બ્રાહ્મણોને જ્યારે કોઈ ગામનું દાન થતું, ત્યારે ગ્રામવિસ્તારમાં કામ કરતા સૈનિકો દ્વારા તેમના હકોમાં કશા હસ્તક્ષેપ ન થાય તેવી બાંયધરી રાજ્યે આપવી જ પડતી.

## 29.5.2 તામિલહામમાં સંપત્તિનાં સાધનો મેળવવાની તથા વિતરણની પદ્ધતિ (Modes of Aquiring and Distributing Resources in Tamilaham)

જેમને જરૂર હતી તેવા લોકો પાસે આવકનાં સાધનો કઈ રીતે પહોંચતાં ? ડેક્કન પ્રદેશમાં સુવ્યવસ્થિત રાજ્ય વ્યવસ્થા હોવાથી, તેવાં સાધનો મેળવવાની રીત પણ કેટલાક નિયમો અને શિરસ્તાનુસાર કાયદેસર બનાવાઈ હતી. એકમ 28માં તમે જોયું કે દૂર દક્ષિણમાં પદ્ધતિસરની રાજ્ય વ્યવસ્થાનો ઊગમ હજી થયો ન હતો. અને તેથી જ ત્યાં સંપત્તિસાધનોના વિતરણની સુવ્યવસ્થિત પદ્ધતિ નહોતી.

તામિલહામ ખેતી વસાહતોમાં સંપત્તિનાં સાધનોની ફાળવણીની પદ્ધતિ ચાલુ હતી. આમાંની ભેટ દ્વારા પુનઃફાળવણી કરવાની અગત્યની પદ્ધતિ વિશે અત્રે ચર્ચા શરૂ કરીશું. સંપત્તિની સાધનસામગ્રીની હેરફેરમાં સૌથી સામાન્ય પદ્ધતિ ભેટની હતી. દરેક ઉત્પાદનમાં સેવા આપનારને તેમાંથી ભાગ અપાતો. સરસ ભોજન અથવા કપડું આપવું તે ભેટની પુનઃવહેંચણી કરવાનો સરળ પ્રકાર હતો. લૂંટફાટ કરતા અને ધાડ પાડતાં પહેલાં અને પછી તે ''સૈનિકોને'' મોટાં જમણ અપાતાં. નાયકોની સ્તુતિ ગાતાં. ગરીબ કવિઓ અને નૃત્યાંગનાઓ રાજાની સાથે સાથે દરબારે દરબારે ફરતાં જેથી તેમને ભરપેટ ખાવાનું અને શરીર ઢાંકવાનું કપડું મળતું. આ 'ભેટ'માં કોઈ વાર આયાત કરેલો વિદેશી દારૂ, રેશમી કપડાં અને સોનાના દાગીના પણ જમણ ઉપરાંત અપાતાં. બ્રાહ્મણો અને લડાઈના વીર યોદ્ધાઓને તેમણે કરેલી સેવાના પુરસ્કાર રૂપે ગામો અને પશુપક્ષીઓની પણ 'ભેટ' મળતી. બ્રાહ્મણોને ભેટમાં અપાયેલાં ગામો પ્રાચીન તામિલહામમાં વસાહતોની વાત ખુલાસા રૂપે કરી શકાય. સત્તા અને સંપત્તિ ધરાવતાં ત્રણ જૂથો મારફત ભેટની પુનઃવહેંચણીનું કામ થતું. એમનાં નામ મુગટધારી રાજાઓ (વેન્ડર), નાના મુખીઓ (વેલિર) અને ખેતીની વસાહતોવાળા પૈસાપાત્ર ખાતેદારો (વેલ્લાલર).

## 29.5.3 ગેરવસૂલાતમાં અતિરેક (Excessses in Extraction)

'ભેટ' અને પુનઃવહેંચણી શક્ય બને તે માટે મહેસૂલ અને અન્ય આવકની ઉઘરાણી થયા બાદ તે એક સ્થળે એકત્ર કરવી જરૂરી હતી અને તે સ્થળ હતું નાયકોનાં નિવાસસ્થાનો. આમ એક કેન્દ્રમાંથી 'ભેટનું વિતરણ કરવું, એ આ પ્રથાની એક લાક્ષણિકતા હતી. સંપત્તિ એકત્ર કરવાની ક્રિયામાં ઘણી વખત ખેતીના વિસ્તારમાં લૂંટફાટ અને ધાડનો પણ આશરો લેવાતો. અનાજ અને પશુઓ ઉઠાવી જવામાં આવતાં. જે વસ્તુ લઈ જઈ શકાય એમ નહિ હોય, તેનો નાશ કરવામાં આવતો. ખેડૂતોનાં ઘરોને આગ ચાંપવી, ઊભો પાક સળગાવી દેવો, અને મોટા બગીચાઓને ઉજ્જડ કરવા જેવાં કામો પૈકી થોડાં કામ હતાં ધાડપાડુઓનાં. નાયકો ડુંગરાળ પ્રદેશના 'મારવા' લડાકુઓ લોકોનો આ ધાડ પાડવાના કામમાં સાથ લેતા. લૂંટમાં મળેલી સંપત્તિની પુનઃવહેંચણી 'મારવા' ભેટના રૂપે તથા લોકોમાં અને બ્રાહ્મણોમાં થતી. બધા માટે પ્રાયશ્ચિત કરવાની વિધિઓના પુરસ્કારરૂપે કરાતી. 'સંગમ' સાહિત્યના ઘણાં કાવ્યોમાં આ રીતે હેરાન થયેલા અને આતંક નીચે જીવતા ખેડૂતોની વ્યથા વ્યક્ત થઈ છે.

ગરીબ ખેડૂતોની વિરુદ્ધ આવી અતિશયતાઓ થઈ હોવા છતાં 'યુદ્ધ'ને એક પરાક્રમી કાર્ય તરીકે બિરદાવવામાં આવતું તે તો એક પ્રસ્થાપિત રિવાજ થઈ ચૂક્યો હતો. જેમના સ્મારક રૂપે ખાંભી બની હતી યા જેઓનો ખાસ સંપ્રદાય બન્યો હતો તેવા યોદ્ધાઓની બહાદુરીનાં વખાણ દ્વારા લડાઈ રૂપી સંપ્રદાયનો પ્રચાર કરવામાં આવતો.

નાયકો અને તેના યોદ્ધાની હિંમતના ગુણગાન 'પણા' ગાયકો કરતા. સંપત્તિની અછત હોવાને કારણે ધાડ પાડવી જરૂરી બની જતી હતી. જોકે આ બધી વિનાશક પ્રવૃત્તિની અતિશયતાને લીધે ઘણી સંપત્તિનો નાશ પણ થઈ જતો. નાયકોના સ્તરે થતી પુનઃ વહેંચણીની પ્રથામાં આ એક સ્વાભાવિક વિરોધાભાસ હતો ખરો.

**તમારી પ્રગતિ ચકાસો (ગ)**

(ક) નીચેનાં વિધાનો સામે સાચાં (✓) અથવા ખોટાં (✗)ની સામે નિશાની કરો.

(1) ''ઈરાઈ'' અને ''તિરાઈ'' એવા કરવેરા હતા જે નગદ રૂપે લેવાતા હતા.

(2) સાતવાહન સમયમાં ગુવાલમિકો ગામના વહીવટદારો હતા.

(3) ગરીબ ભાટ ચારણો અને નૃત્યકારો દરબારે દરબારે જમીન અને પશુધનની સમૃદ્ધ ભેટ લેવાને ફરતા રહેતા.

(4) જૂના તામિલહામમાં લૂંટ પાડીને દુશ્મનાવટ કરવાનો પ્રસ્થાપિત રિવાજ હતો.

(ખ) દક્ષિણ ભારતમાં થતાં ધાડયુદ્ધો વિશે પાંચ લીટીમાં નોંધ લખો.

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

(ગ) તામિલહામમાં ગેરવસૂલાત કરવા માટેની થતી અતિશયતાઓને ત્રણેક લીટીમાં જણાવો.

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

## 29.6 સામાજિક સંગઠન (Social Organisation)

આ વિભાગમાં તામિલહામ અને ડેક્કન વિસ્તારનાં જુદાં જુદાં સામાજિક જૂથો તથા પરંપરાનો અભ્યાસ કરીશું, પ્રથમ તામિલહામની ચર્ચા કરીએ.

### 29.6.1 તામિલહામમાં સમાજ (Society in Tamilaham)

તામિલહામનો સમાજ આ સમયે આદિવાસી પ્રકારનો હતો. એમાં લોહીના સંબંધની મહત્તા રહેતી.સંસ્થાઓ, કુળચિન્હની પૂજા તથા અન્ય આદિવાસી ધાર્મિક પ્રથાઓ અને માન્યતાઓ મુખ્ય હતાં. દરેક 'તિનઈ'માં અથવા પર્યાવરણ વિભાગમાં આ આદિવાસી રિવાજો પ્રચલિત હતા પરંતુ ખાસ કરીને ખેતીવાળાં ક્ષેત્રોમાં ધીમેધીમે પરિવર્તન આવતું જણાતું હતું. ત્યાં સામાજિક સંબંધો સંકુલ અને જટિલ બનવા લાગ્યા. લોહીના સંબંધો ધીમે ધીમે તૂટ્યા અને બ્રાહ્મણયુગની વર્ણની સંકલ્પનાનો પ્રવેશ થયો એ આ સંકુલપણાની વિશિષ્ટતા વર્ણવે છે. આને લઈને સમાજમાં સ્તરીકરણ કે સામાજિક અસમાનતા થયાં અને 'ઊંચ-નીચ'ના ભેદો બહુ વ્યાપક થઈ ગયા. 'વેલ્લાલભર' કે જેઓ જમીનના માલિકો હતા, અને 'વેલાલા' કે જે ખેડૂતો હતા, તેઓ ખેતીની વસાહતોમાં મુખ્ય જૂથો બન્યાં. કસબ કારીગરી હજી પ્રાથમિક દશામાં હતી અને ખેતીને પૂરક હતી. જોકે લુહારોનો (કોલ્લાન) અને સુથારોના (તેચાન) અલગ વ્યવસાયીઓ તરીકે ઉલ્લેખો છે. સંયુક્ત કુટુંબ તેના ઉત્પાદનનું એકમ હતું. બીજા વ્યવસાય તરીકે વણાટકામ હતું.

ગામડાના સામાન્યજનો પુરાણા ટોળીવાદી ક્રિયાકાંડોને અનુસરતા હતા અને આને વેલાન, વેન્તુવન વગેરે ક્રિયાકાંડ કરનારાં જૂથોની હાજરી જરૂરી બનતી. આ સામાન્યજનો ધાર્મિક પૂજાપાઠ અને ધાર્મિક સંપ્રદાયના તંત્રમંત્ર કરતા. તેઓ લોકોત્તર હોય તેવાં અલૌકિક તત્વનું અનુષ્ઠાન કરતા અને તે અંગેની વ્યવસ્થા કરતા. આમ છતાં, સમાજ 'પુરોહિતથી પ્રભાવિત' ન હતો. સમાજમાં ઠીક ઠીક પ્રમાણમાં ફાજલ ચીજવસ્તુઓ રહેતી અને તેનાથી વેપારી જૂથોની સમૃદ્ધિ વધી હતી. તેઓ જે ચીજવસ્તુઓનો વેપાર કરતા તેનાથી તેઓ જાણીતા હતા. આમ આપણે ઉમાનન (મીઠાનો વેપારી), કોગ્લાવણિકન (ધાન્યનો વેપારી), અસુવૈ વણિકન (સુતરાઉ કાપડનો વેપારી), પોણ વણિકન (સોનાનો વેપારી) જેવા શબ્દો પ્રાચીન ઇતિહાસમાં જોવા મળે છે. આ યુગના છેવાડે આ વેપારીઓને વર્ણવ્યવસ્થામાં સમાવી લેવામાં આવ્યા હતા અને એ સમય દરમ્યાન છેક દક્ષિણમાં વર્ણવ્યવસ્થાએ મૂળ નાખ્યાં હતાં. તમિળ ભાષાનું વ્યાકરણ તોલકાપ્પિયમ શરૂઆતની કૃતિ છે અને તેમાં તમિળ

સમાજ વર્ણ વિભાગોમાં વહેંચાયેલો દર્શાવાયો છે. આ કૃતિ અનુસાર વેપારીઓ વૈશ્ય જૂથના હતા. છેક દક્ષિણના ઊંડાણમાં, ખાસ કરીને મદુરાઈ અને પાંડ્ય દેશના તિરુનેલવલી પ્રદેશોમાં, આ વેપારીઓ માન્ય ધર્મથી વિરુદ્ધનાં ધાર્મિક જૂથો સાથે ભળતા જોવા મળે છે. શરૂઆતના અભિલેખોમાં આવા વેપારીઓ જૈન કે બૌદ્ધ સંપ્રદાયના સાધુજનોને ગુફાઓમાં રહેઠાણોનાં દાન આપતા વર્ણવ્યા છે. વિધર્મી સંપ્રદાયોના સાધુઓની હાજરી તેમને એ પ્રદેશોમાં અનુયાયીઓ હશે તેવું સૂચવે છે.

મુખ્ય જૂથો ખેતી ધરાવતા વિસ્તારોમાં તેમનાં કેન્દ્રો નાખતાં હતા તેનું કારણ તેવા વિસ્તારોમાં ઉત્પાદન નહિ કરનારાઓને જીવવા માટે જરૂરી વધારાનાં સાધનો મળી રહેતાં હતાં તે તેમનાં આવાં રહેઠાણો માટે સ્વાભાવિક છે.આ વિસ્તારો મરુતમ તરીકે જાણીતા હતા. ખેતીવાડી ધરાવતા મરુતમના સરદારો ઉ ૨૨ ભારતના ક્ષત્રિયોની જેમ પોતાને સૂર્યવંશના (સૂર્યના વારસ) કે ચંદ્રવંશના (ઉમરના વારસ) તરીકે લેખાવતા હતા.

આવા ખેતી પર નભનારી વસાહતોના ખેડૂતોનું ત્યાંના સરદારો શોષણ કરતા અને પરિઘ પરના વિસ્તારોના મારવા જૂથોની મદદથી આ ખેડૂતો પાસે રહેતા વધારાના જથ્થાને પડાવી લેતા. તેઓ ઘણી વાર ગામડાં લૂંટાતા. `સંગમ' કાવ્યોમાં યુદ્ધ અને લડાયક પરાક્રમી પુરુષોના યુદ્ધપ્રિય ગુણોની યશગાથા રજૂ કરવામાં આવી છે. પણ નામથી જાણીતા ગાયકો અને વિરાલી નૃત્યકારોનું કામ આવા પરાક્રમીઓ અને તેમના પરાક્રમોની સ્તુતિ કરવાનું હતું. આમ, પ્રાચીન તામિલહામના મરુતમ નામના ખેતીવાડીવાળા વિસ્તારોનો સમાજ પુરાણા ટોળીવાદી વ્યવહારો અને બ્રાહ્મણવાદી આદર્શો અને વિચારોનો બનેલો હતો.

## 29.6.2 દખ્ખણમાં સમાજ (Society in the Deccan)

દખ્ખણમાં ત્રણે મુખ્ય ધર્મો - બૌદ્ધ, જૈન અને બ્રાહ્મણ-પ્રચલિત હતા અને તેના વિશાળ સમૂહમાં અનુયાયીઓ હતા.

સાતવાહન રાજાઓ વૈદિક ક્રિયાકાંડને મહ વ આપતા. દાખલા તરીકે, નયનિકા નામે સાતવાહન રાણીએ ઘણા વૈદિક યજ્ઞો કર્યા અને બ્રાહ્મણોને મોટાં દાન કર્યાં તેનો ઉલ્લેખ થયો છે. જૈન ધર્મના પણ અનુયાયીઓ અહીં હતા અને દિગંબર જૈનોના મોટા ગુરુઓ પણ અહીં ભ્રમણ કરતા હતા એવું જણાય છે. કોણ્ડા કુંદાચાર્ય, જેમણે મૂલસંઘ નામની શાખા સ્થાપી અને દક્ષિણમાં જે લોકપ્રિય બની, તે આ જ પ્રદેશમાં રહેતા હતા. બૌદ્ધધર્મ પણ લોકપ્રિય હતો અને એ ધર્મ પ્રત્યે મોટે ભાગે વેપારીઓ અને કારીગરો આકર્ષાતા હતા. તે ધર્મની 'મહાયાન' શાખાની લોકપ્રિયતા ઘણી હતી. વિહારો અને સ્તૂપો માટે શાસક વર્ગ, સમૃદ્ધ વેપારીઓ અને કામદારો પણ ઉદાર હાથે દાન આપતા. સમાજે પૂજારીઓને અતિમહ વનું સ્થાન નથી આપ્યું. આ સમયમાં વધારાનું ઘણું ઉત્પાદન થયું, જેથી વ્યાપારી વર્ગની સમૃદ્ધિનો વિકાસ થયો. એ લોકો જે વસ્તુનો વેપાર કરતા તેના સંદર્ભમાં તેઓ ઓળખાતા. આપણે 'ઉમનાન' (મીઠાના વેપારી),કોગ્ગલાવ નિકમ (મકાઈના વેપારી), અરૂવૈવણિકમ્ (કાપડના વેપારી), પોનવનિકમ્ (સોનાના વેપારી)વગેરે નામોનો ઉલ્લેખ જોઈએ છીએ. આ સમયના અંત ભાગમાં આ વેપારી વર્ગને 'વર્ણ' વ્યવસ્થામાં ગોઠવી દેવામાં આવ્યો હતો; એ પ્રથા દૂર દક્ષિણમાં હવે શરૂ થઈ હતી. તામિલ ભાષાનું સૌથી જૂનું વ્યાકરણ છે. ''તોલકપ્પીયમ્'' જે તામિલ સમાજને વર્ણવ્યવસ્થાવાળો કહે છે.આ પુસ્તકમાં જણાવ્યા મુજબ બધા વ્યાપારીઓ ''વૈશ્ય'' વર્ગમાં આવતા હતા. દૂર દક્ષિણમાં ખાસ કરીને તો મદુરાઈ અને તિરૂનેલવેલ્લીમાં જે પાંડ્યોનાં ક્ષેત્રો હતાં. વેપારીઓ વિરોધી ધર્મો સાથે જોડાયેલા જણાય છે. પ્રાચીન શિલાલેખો તેઓનો ઉલ્લેખ દાતાઓ તરીકે કરે છે, જેમણે જૈન અથવા બૌદ્ધ સંઘ માટે ગુફા-રહેઠાણો કોતરાવ્યાં. આ સાધુઓની હાજરી એ બતાવે છે કે આ સ્થળોએ તેમના અનુયાયીઓ પણ હતા.

સ્વાભાવિક રીતે નાયકોએ 'મરૂતમ્' અથવા ખેતીલાયક વિસ્તારોમાં પોતાનાં કેન્દ્રો બનાવ્યાં એનું કારણ એ હતું કે બિન ઉત્પાદક જૂથોને પોષવાનાં જરૂરી વધારાનાં સાધનો ત્યાંથી મળે. 'મરૂતમ્'ના માલિકો પોતાને 'સૂર્યવંશી' અથવા 'ચંદ્રવંશી' ક્ષત્રિયો જેવા ઉત્તર ભારતમાં હતા તેવા તરીકે ઓળખાવવા લાગ્યા.

આસપાસના પ્રદેશમાંના 'મારવા' લોકોની મદદ સખાવત આપતા. 'મહાયાન' ધર્મના મુખ્ય વિદ્વાન નાગાર્જુન આ સમયે દખ્ખણમાં થયા. કેટલાક વિદેશીઓ યવનો, શકો અને પહલવો આદિ પણ પછીથી ભારતીય ધર્મ - બ્રાહ્મણ અથવા બૌદ્ધ-ના અનુયાયી બન્યા. આમ આ સમયે વિવિધ સાંસ્કૃતિક ત વો સમાજમાં જોવા મળે છે. વિદેશી રાજાઓ પણ પ્રથમ પ્રાકૃત ભાષા અને પછીથી સંસ્કૃત ભાષાનો તેમના શિલાલેખોમાં ઉપયોગ કરવા લાગ્યા અને પોતાનાં અને કુળનાં ભારતીય નામો જ અપનાવ્યાં.

ચાતુર્વણીય સમાજનો વિચાર દખ્ખણમાં પ્રચલિત હતો પરંતુ વ્યવસાય મુજબ લોકોને સંબોધવાનું વલણ વધારે હતું. હલાકા (હળ ચલાવનાર), ગોલિકા(ગોવાળ) વર્ધકી, (સુથાર), કોલિક (વણકર), તીલપિસાકા (તેલી) અને કમારા (ધાતુકામ કરનાર) વગેરે નામો વ્યવસાય પર આધારિત છે. જ્ઞાતિવિષયક નિયમો તદ્દન લચીલા હતા અને તે સમાજમાં વિદેશી ત વો સાથે ભેળવણી થવાને લીધે હોઈ શકે. સાધારણ રીતે સંયુક્ત કુટુંબ પ્રથા જ પ્રચલિત હતી. સામાજિક જીવનમાં પુરુષોનું પ્રાધાન્ય હતું, તે સ્પષ્ટ છે. છતાં કેટલીક વાર સ્ત્રીઓ પોતાના

પતિના ખિતાબો ધારણ કરતી જણાય છે, જેમ કે ભોજિકી, મહારાથિની, મહાસેનાપતિની વગેરે.

## 29.7 નવાં ત વો અને સમાજપરિવર્તન (New Elements and Social Chang:)

દખ્ખણના ખેતીપ્રધાન સમાજમાં કેટલાંક નવાં ત વો ઈ.સ.ની પ્રથમ સદીઓથી પ્રવેશ્યાં. સાતવાહન અને ક્ષત્રિપ શાસકોએ જમીન અને આખાં ગામોનાં દાન બ્રાહ્મણ અને બુદ્ધ ધર્મના ધાર્મિક જૂથના લોકોને કર્યાં. આ ઉપરાંત જમીનનું મહેસૂલ ઉઘરાવવાના તથા ખાણો પર અધિકાર રાખવાના કેટલાક આર્થિક હક્કો પણ એમને આપ્યા હતા એવું જણાય છે, કે જમીનનાં અનુદાનોમાં ખેડૂતો પર ભોગવવાનાં નાણાકીય તથા વહીવટીય અધિકારોનો સમાવેશ થયો હતો. આ રાજવંશી દાન પછી ખેડૂતોને રાજાનો વહીવટી અધિકારી કે સૈનિકોને ફરજિયાતપણે આપવાની રકમમાંથી મુક્તિ માંગી પહેલાંની પ્રથામાં આ બધા હક્કો હંગામી ધોરણે રહેતા - પરંતુ પછી આવાં દાન અને હક્કો કાયમને માટે બન્યા.

વિશિષ્ટાધિકારો રાજવીઓએ આપેલી કેટલીક સુરક્ષિતતા અને જમીન પરના કાયમી અધિકારને કારણે જેમને દાન મળ્યાં હોય તે ધાર્મિક જૂથોનું સ્થાન અત્યંત શક્તિશાળી જૂથોનું બની ગયું. ખેતવાડી વિભાગમાં આ નવી પરિસ્થિતિને લીધે તથા અર્થકારણ પર કેટલીક દૂરગામી અને ગંભીર અસરો પડી.

પ્રથમ તો એ કે આ ધાર્મિક જૂથો પોતાને મળેલાં ગામોમાં સત્તાધારીઓ બન્યાં, નવા આર્થિક અને વહીવટી વિશિષ્ટાધિકારો ભોગવતાં થયાં તે ઉપરાંત ત્યાંના સમાજ પર આધ્યાત્મિક કાબૂ તો તેઓ ધરાવતા જ હતા.

બીજું, સાધુઓ અને પૂજારીઓ જમીનના માલિકો બનવાથી બિનખેડૂતો જમીન પર અધિકાર કરે તેવી પ્રથા શરૂ થઈ અને તેનો નવો વર્ગ ઊભો થયો. બૌદ્ધ ભિક્ષુઓ કે બ્રાહ્મણ પૂજારીઓ પોતે અન્ય ખેડૂતોની જેમ સ્વયં ખેતી તો કરતા નહોતા. તેમણે અન્યોને જ પોતાની જમીન ખેડવા માટે રોકવા પડતા. આમ જે લોકો જમીન ખેડતા તેઓ જમીન તથા એના ઉત્પન્નથી વિખૂટા પડી ગયા.

ઉપરાંત, આ પ્રકારની ખાનગી માલિકીના નવા તત્ત્વને લીધે, પહેલાના વખતનાં જંગલો, ગોચરો, માછીમારીનાં ક્ષેત્રો અને જળાશયો પરની સામૂહિક માલિકીના હક્કો નષ્ટ થયા.

વળી, આ માલિકોના હક્કો જમીન ઉપર જ નહિ બલકે ખેતર ખેડતા ખેડૂતો પર પણ હતા. આથી અહીંના ખેડૂતોના હક્કો પણ ઓછા થતા ગયા અને તેઓ ગુલામ બની ગયા.

દખ્ખણમાં થયેલાં આ પરિવર્તનો ત્યાર પછીની સદીઓમાં બીજી જગ્યાઓએ પણ અગ્રિમ ભાગ ભજવનાર હતાં. જમીનને દાનમાં આપવાની આ પ્રથાને લીધે એક એવી સમાજવ્યવસ્થા આગળ જતાં ઊભી થઈ કે જેને કેટલાક વિદ્વાનો ભારતીય સામંતશાહી ગણાવે છે.

**તમારી પ્રગતિ ચકાસો (ઘ)**

(ક) નીચેનાં વિધાનો સાચાં (✓) છે કે ખોટાં (✗) તે નિશાની કરી જણાવો.

(1) સામાજિક વ્યવસ્થાની જટિલતા પ્રથમ ગોચર વિભાગોમાં જણાવા લાગી.

(2) તોલ્કાપીય અનુસાર વેપારીઓ ક્ષત્રિય ગણાતા હતા.

(3) મદુરાઈ તથા તિરૂનેલવેલ્લી ક્ષેત્રોમાં બૌદ્ધ તથા જૈન ધર્મ જેવા વિરોધી ધર્મના સાધુઓને ઊભા કરવામાં આવતા હતા.

(4) કોણ્ડકુંદાચાર્ય દિગંબર સંપ્રદાયના મૂલસંઘના સ્થાપક હતા.

(5) દખ્ખણમાં ચાતુર્વર્ણ્યવ્યવસ્થા પરિચિત હતી.

(ખ) તામિલહામના કારીગરોનાં જૂથો વિશે ત્રણેક લીટીની નોંધ લખો.

.................................................................................................

.................................................................................................

.................................................................................................

(ગ) દખ્ખણમાં ધાર્મિક જૂથોને જમીનદાન આપવાની સાતવાહનોની નીતિ વિશે સાતેક લીટીમાં નોંધ લખો.

.................................................................................................

.................................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

(ડ) બૌદ્ધ ભિક્ષુઓ અને બ્રાહ્મણ પૂજારીઓને જમીનો દાનમાં આપવાનાં પરિણામો વિશે એક ફકરો લખો.

## 29.8 સારાંશ

આ એકમમાં આપણે દક્ષિણ ભારતની ખેતીની વસાહતો અને ખેતી પર આધારિત સમાજવ્યવસ્થા વિશે ચર્ચા કરી. આ એકમમાં તમે નીચેની બાબતો વિશે જાણ્યું છે -

- તામિલહામના જુદા જુદા વિભાગોમાં થતી આર્થિક પ્રવૃત્તિઓ
- ખેતીની વસાહતોનો વિસ્તાર
- જમીન માલિકીનો પ્રશ્ન
- સંપત્તિનો સંચય અને તેની પુનઃ વહેંચણી
- દખ્ખણમાં તથા તામિલહામની સમાજ વ્યવસ્થાનાં મુખ્ય લક્ષણો
- ઈ.સ.ની પ્રારંભિક સદીઓમાં ખેતીની વ્યવસ્થામાં ઉમેરાયેલાં નવાં ત વો અને એણે આણેલાં પરિવર્તનો

## 29.9 ચાવીરૂપ શબ્દો (Key words)

**એન્થોલોજી :** કવિતાસગ્રહ

**પણ :** પ્રાચીન તામિલહામના રાજા અને નાયકોના ગુણગાન ગાતો નાયક

**ફરતી ખેતી :** ખેતી કરવાની એક એવી પદ્ધતિ કે જેમાં ખેતી લાયક જમીનનો ટુકડો, સમયાન્તરે બદલાતો રહેતો આ પદ્ધતિ એકને એક ખેતરની જમીન વારંવાર ઉપયોગમાં લેવાથી રસકસ વિનાની ન થાય તે માટે વપરાતી.

**"તિનાઈ" :** એક (જાતિગત) લાક્ષણિક નામ, ભૌતિક ભૌગોલિક લક્ષણ ધરાવતી જમીન જે પ્રાચીન ક્ષેત્રમાં સ્થિત હતી માટે વપરાતું

**કુળ ચિહ્ન પૂજા :** આદિવાસી જાતિના મુખ્યચિહ્નની પૂજા.

## 29.10 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

**તમારી પ્રગતિ ચકાસો (ક)**

(1) ક (1)✓(2)✗(3)✓(4)✓

ખ તમારા ઉત્તરમાં કુરીન્જી, મલ્લાઈ વગેરે વિભાગો વિશે લખવું જોઈએ.

ગ તમારે ગોચર અને પશુપાલન વિશે લખવું. જુઓ 21.2

**તમારી પ્રગતિ ચકાસો (ખ)**

(2) (ક) (1)✗(2)✗(3)✗(4)✗(5)✗

(ખ) જુઓ 29.3

(ગ) ઉત્તરમાં હળ, દાતરડાં પાવડાં વગેરે અને ટાંકીઓ તથા કૂવા દ્વારા થતી સિંચાઈ વિશે લખવું જોઈએ. જુઓ 29.3.2 (5) આમાં 'વેલ્લાલા' ગહપતિ આદિ વિશે તથા તેમના હક્કો વિશે લખવું જોઈએ. જુઓ 29.4 .

**તમારી પ્રગતિ ચકાસો (ગ)**

(ક) (1)✗(2)✓(3)✗(4)✓

(ખ) અહીં ખેતીના વિભાગમાં થતા હુમલાઓ વિશે લખવું જોઈએ. જુઓ એકમ 29.5.3.

(ગ) અહીં ખેડૂતો પર થતા અત્યાચારો વિશે લખો. જુઓ પેટા વિભાગ 29.5.3.

**તમારી પ્રગતિ ચકાસો (ઘ)**

(4) (ક) (1)✗ (2)✗(3)✓(4)✓(5)✓

(ખ) જુઓ 29.6નો બીજો ફકરો.

(ગ) આમાં ધાર્મિક અને અન્ય હેતુસર અપાતાં જમીન તથા ગામોનાં દાન વિશે લખવું જોઈએ.. જુઓ વિભાગ 29.7નો પહેલો ફકરો.

(ડ) ખેડૂત સમાજમાં ધાર્મિક જૂથોને દાનો મળતાં થયેલાં પરિવર્તનો વિશે અહીં લખવું જોઈએ. જુઓ એકમ 29.7 ના બીજા ફકરાથી શરૂ.

# એકમ 30 વ્યાપાર અને શહેરી કેન્દ્રોનો વિકાસ (Expansion of Trade and Urban Centres)

**રૂપરેખા**

30.0 ઉદ્દેશો
30.1 પ્રસ્તાવના
30.2 વેપારના પ્રકારો
30.2.1 સ્થાનિક વેપાર
30.2.2 જમીન માર્ગે દૂરનો વેપાર
30.2.3 દરિયાઈ માર્ગે દૂરનો વેપાર
30.3 વેપારી સંગઠનનાં પાસાંઓ
30.4 વિનિમયની સગવડ
30.5 વિનિમયના માધ્યમ તરીકે સિક્કાઓ
30.5.1 સ્થાનિક સિક્કાઓ
30.5.2 છેદવાળા સિક્કાઓ
30.5.3 રોમન સિક્કાઓ
30.6 વ્યાપારમાંથી આવક
30.7 તોલમાપનાં સાધનો
30.8 શહેરી કેન્દ્રો
30.9 વ્યાપાર અને શહેરી કેન્દ્રોની સમાજ પર અસર
30.10 સારાંશ
30.11 ચાવીરૂપ શબ્દો
30.11 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

## 30.0 ઉદ્દેશો

આ એકમનો હેતુ દક્ષિણ ભારતમાં આ સમયે (ઈ.સ.પૂ. 200 થી ઈ.સ. 300 સુધી) થયેલા વ્યાપારના વિકાસ અને શહેરી કેન્દ્રોની સંખ્યામાં થયેલા વધારા વિશે થોડી ચર્ચા કરવાનો છે. તથા દૂર દક્ષિણમાં ચેરા, ચોલા, પાંડે અને નાના તથા ઓછી અગત્યના નાયકોના દેશો વિશે ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. આ એકમના અભ્યાસ પછી તમે નીચેના વિષયો અંગે જાણી શકશો-

- નાણાં વિનિમયની પ્રકૃતિ કે જેણે જુદા સ્તરે પ્રાચીન ભારતીય દ્વીપકલ્પમાં થતા વેપારની વિશેષતા,
- પરિવહન અને સંચારની સગવડો,
- નાણાં વિનિમયના માધ્યમ તરીકે વેપારમાં સિક્કાઓ,
- રાજકીય સત્તાધારીઓનો વ્યાપારમાં રસ,
- દક્ષિણ ભારતનાં શહેરી કેન્દ્રો, અને
- વ્યાપાર અને શહેરીકરણની પ્રક્રિયાની પ્રાચીન ભારતીય દ્વીપકલ્પના સમાજ પર અસર.

## 30.1 પ્રસ્તાવના

એકમ 29માં તમે ખેતીની વસાહતો અને સમાજ વિશે જાણ્યું. આ એકમમાં આપણે આર્થિક સ્થિતિનાં અન્ય પાસાં–વ્યાપારઅને શહેરીકરણ જેને લીધે પ્રાચીન દ્વીપકલ્પની સમાજવ્યવસ્થામાં મહત્ત્વનાં પરિવર્તનો આવ્યાં–વિશે જાણીશું.

દ્વીપકલ્પીય ભારતમાં વ્યાપારનો વિકાસ કે શહેરી કેન્દ્રોના ઊગમ જેવી ઘટનાઓ આપોઆપ કે એકલી અટૂલી

બની નહોતી પણ આ પ્રદેશમાં બનતાં અન્ય પરિવર્તનો સાથે એ ગાઢ રીતે સંકળાયેલી હતી. એ ઘટના પેદા કરનારાં કેટલાંક પરિબળો આ મુજબ હતાં : મુખ્ય નદીના ખીણ પ્રદેશોમાં ખેતીની વધતી પેદાશથી સમાજમાં આવતા ફેરફારો, આ ખેતીની પેદાશ વધવાનું કારણ લોખંડનાં ઓજારો દા.ત. હળનો વપરાશ પણ છે, અને વધતો જતો સિંચાઈનો ઉપયોગ પણ છે. આથી જ કેટલીક જગ્યાઓએ વધારાની પેદાશ થતી હોય તેમ જણાય છે.

દક્ષિણ ભારતમાં મૌર્યોના રાજ્યવિસ્તારને કારણે, ઉત્તર ભારત સાથે તથા સોદાગરો અને વેપારીઓની અવરજવર સાથે વધુ ને વધુ સંપર્ક થતો ગયો. આ અવરજવર લાભકારક હોવી જોઈએ કેમ કે અર્થશાસ્ત્રમાં અગત્યના ગણેલ ''દક્ષિણપથ''ના લાભો દ્વારા એ સૂચવાયું છે. દરિયાકાંઠામાં પણ નવા સંબંધો હતા. આ બધાને લીધે પહેલાંની વ્યવસ્થા અને વિનિમયનાં સ્થળો તેમ જ રીતોમાં ફેર પડ્યો. આ ઉપરાંત એક બીજું પરિબળ પણ હતું. વિદેશોમાં ભારતીય બનાવટની ચીજોની માંગ પુષ્કળ વધી જતાં ભારતના પશ્ચિમ સાગર કાંઠે આવતાં રોમન વહાણો દ્વારા પણ દક્ષિણના લોકોનો વિદેશો સાથે સંબંધ વધ્યો. આને લઈને મુખ્યત્વે વેપારમાં અને શહેરોમાં વિકાસ થયો. સમાજનાં રાજ્યોને સ્થાનિક વિનિમય માટે કે દૂરના વેપાર સારુ જે જરૂરી હતી એવી ઉત્પાદન કળાની કુશળતા યા હુન્નર તજ્જ્ઞતા સાથે આ બધાં પરિબળો પાછાં સંબંધમાં આવ્યાં. દા.ત. જાતજાતનાં કુંભારકામ, કડિયા કામ, કાચ બનાવવાનું કામ, વણાટ વગેરેમાં ભિન્ન ભિન્ન કુશળતા જોઈતી હતી. આ સાથે એ યાદ રાખવું જરૂરી છે કે ભારતના દરેક ખૂણે એક સમાન રીતે આ પરિવર્તનો થયાં નહોતાં. કેટલાક પ્રદેશો એવા હતા કે જ્યાં અગાઉની સાંસ્કૃતિક પદ્ધતિ ટકી રહી હતી. બીજું કે દખ્ખણ અને દૂર દક્ષિણના પ્રદેશોની તુલનામાં આ પરિવર્તનો વધારે આગળ પડતાં જણાય છે. શરૂઆતમાં પ્રાદેશિક કારણસર પરિવર્તન ધીમે ધીમે અને મર્યાદિત સ્વરૂપમાં થયું.

વ્યાપાર અને શહેરી કેન્દ્રોના વિકાસનાં ભિન્ન ભિન્ન પાસાંઓ નીચેનાં મથાળાં હેઠળ અભ્યાસ થઈ શકે :

- સ્થાનિક વ્યાપાર અને દૂરના વ્યાપારમાં વિનિમયતંત્ર,
- 'મહાજનો',
- પરિવહન, ભંડારો, વહાણવટું,
- વિનિમયનાં સાધનો,
- વ્યાપારમાંથી આવક,
- શહેરી કેન્દ્રો, અને,
- વ્યાપાર તથા શહેરી કેન્દ્રોમાં વિકાસને લીધે થયેલાં આર્થિક સામાજિક પરિવર્તનો.

## 30.2 વેપારના પ્રકારો (Types of Trade)

અગાઉ તમે વિવિધ ભૌગોલિક પ્રદેશો તથા તેનાં ઉત્પાદનો વિશે વાંચ્યું છે. દરેક પ્રદેશમાં અન્ય પ્રદેશ સાથે વિનિમય કરી શ તેવી ચીજોનું ઉત્પાદન થતું હતું. સાથોસાથ દરેક પ્રદેશમાં જરૂરી એવી અમુક ચીજોની અછત રહેતી. ખેતીના પ્રદેશોમાં અનાજ પુષ્કળ થતું અને શેરડી મોટા પ્રમાણમાં થતી, પરંતુ માછલી અને મીઠા માટે તેમણે સમુદ્રના તટપ્રદેશ પર આધાર રાખવો પડતો. તે જ પ્રમાણે સમુદ્રના તટપ્રદેશના લોકો વિપુલ માત્રામાં મીઠું પકવતા અને માછલી પણ પકડતા પરંતુ તેમનો મુખ્ય ખોરાક-ચોખા માટે, ખેતીના પ્રદેશ પર તેમને આધાર રાખવો પડતો. લાકડાં અને તેજાનાની બાબતમાં ડુંગરાળ પ્રદેશો અને સમૃદ્ધ હતા પણ અનાજ અને મીઠા માટે ખેતીના પ્રદેશો અને સમુદ્રી તટપ્રદેશો પર તેમણે આધાર રાખવો પડતો. પરિણામ એ આવ્યું કે ભિન્ન ભૌગોલિક વિસ્તારોમાં વિનિમયનો સંબંધ અસ્તિત્વમાં આવ્યો.

દક્ષિણ ભારતમાં જે કેટલીક ચીજો પ્રાપ્ય થતી હતી તેની જરૂરિયાત ઉપખંડના અન્ય પ્રદેશોમાં તેમ જ વિદેશોમાં પણ માંગ હતી. એ દૂરના પ્રદેશોએ જમીન માર્ગ કે દરિયાઈ માર્ગ દ્વારા સંબંધો સ્થાપ્યા અને જરૂરી ચીજો મેળવી. આપણે વ્યાપારમાં ત્રણ સ્તર ઓળખાવી શકીએ :

(i) સ્થાનિક વ્યાપાર,

(ii) જમીન માર્ગે દૂરનો વ્યાપાર અને,

(iii)દરિયાઈ માર્ગે દૂરનો વ્યાપાર.

### 30.2.1 સ્થાનિક વેપાર (Local Trade)

સ્થાનિક વ્યાપારી લેવડદેવડમાં ચીજોનો વિનિમય સામાન્ય પ્રથા તરીકે ગણાતો. તેમાંની મોટા ભાગની ચીજો તાત્કાલિક વપરાશમાં આવે તેવી રહેતી. મીઠું,માછલી,અનાજ,દૂધની ચીજો કંદમૂળ,હરણનું માંસ, મધ અને તાડીની નિયમિત રીતે આપ-લે દૂર દક્ષિણમાં થતી.

ચોખાના સાટામાં મીઠું અપાતું, દૂધ, દહીં અને ઘીના સાટામાં ડાંગર અપાતી પણ,માછલીના તેલ અને દારૂના બદલામાં મધ મળતું. પૌંઆ અને શેરડી સાટે હરણનું માંસ અને તાડી મળતાં. અપવાદરૂપે જ મોતી કે હાથીદાંત જેવી ઘણી ચીજો વિનિમય માટેની જણાતી તેમને સાટે પણ વપરાશની ચીજો-ચોખા, માછલી, તાડી વગેરે મળતાં. તામિલ પ્રદેશમાં ધિરાણપ્રથા પણ અજાણી ન હતી. કોઈ વસ્તુ ચોક્કસ જથ્થાના રૂપમાં એ જ વસ્તુરૂપ અને એ જ જથ્થામાં પાછી આપવાની શરતે લોનમાં લઈ શકાતી. ભવિષ્યમાં તે પરત આપવાની રહેતી. આ પ્રથાને ''કુરિયેટિરપ્પઈ'' કહેતા.

વિનિમયનો દર નિશ્ચિત નહોતો. નાના પાયાના વિનિમયથી કિંમત અંકાતી. ડાંગર અને મીઠું એ બે જ ચીજો એવી હતી જેને માટે વિનિમય દર જાણીતો ગણાતો. મીઠું અને ડાંગર સરખે માપે ગણાતાં.

દખ્ખણમાં સાત વાહન શાસન દરમિયાન સિક્કાઓનો ઉપયોગ સામાન્ય થયો હતો. જો કે તેને લીધે વિનિમયની પ્રથા અટકી ગઈ હતી તેમ ન કહેવાય. માટીકામની વસ્તુઓ, તાવડી, રમકડાં, નાનાં ખોટાં અને તકલાદી આભૂષણો વગેરેનો ગ્રામ્ય વ્યાપારમાં વિનિમય થતો.

આમ દૂર દક્ષિણની વિનિમય પદ્ધતિનાં અમુક ખાસ લક્ષણો નોંધી શકાય છે :

(1) વિનિમયની મોટા ભાગની ચીજો તાત્કાલિક વપરાશની રહેતી.

(2) વિનિમયનો હેતુ નફો કરવાનો નહોતો.

(3) ઉત્પાદનની જેમ વિતરણ પણ નિર્વાહની દ્રષ્ટિથી થતું.

### 30.2.2 જમીન માર્ગે દૂરનો વ્યાપાર (Long Distance Overland Trade)

ઈ.પૂ.ની ચોથી સદીથી કે તેનાથી પણ પહેલાંના સમયથી ઉત્તર અને દક્ષિણ ભારત વચ્ચે વિવિધ પ્રકારે ગાઢ સંબંધો હતા. તેનાં પ્રમાણ મળે છે. વિંધ્યાચળની દક્ષિણે આવેલ પ્રદેશોની સંપત્તિ વિશે ઉત્તરના લોકોને જાણ હતી. આદિ બૌદ્ધ સાહિત્યમાં આવેલ ઉલ્લેખોથી જણાય છે કે કદાચ એક માર્ગ એવો હતો જે ગંગાખીણથી થઈને ગોદાવરીની ખીણ સુધી જતો હતો. આ માર્ગને જ બહુધા ''દક્ષિણપથ'' કહે છે. અર્થશાસ્ત્રના રચયિતા કૌટિલ્યે પણ આ માર્ગના ઉપયોગને વિશિષ્ટ મહ વ આપ્યું છે. તેમણે જણાવ્યું છે કે દક્ષિણે આવેલા પ્રદેશોમાં શંખ, હીરા, મોતી, કિંમતી પથ્થરો તેમ જ સોનું ભરપૂર માત્રામાં છે. તેમના જણાવ્યા અનુસાર આ માર્ગનો ઉપયોગ ઘણા લોકો કરતા હતા. ઘણાં મહ વનાં સ્થળોમાંથી પસાર થતો આ માર્ગ ''પ્રતિષ્ઠાન'' શહેરને પણ અડતો હતો. જે સ્થળ પછીથી સાતવાહનોની રાજધાની બન્યું હતું આ ઉત્તર - દક્ષિણ ભારતનો વ્યાપાર, મોટે અંશે કીમતી પથ્થરો, સોનું, મોતી વગેરે વિલાસની ચીજો માટે થતો હતો. વિવિધ પ્રકારનાં કાપડ પણ ઉત્તર દક્ષિણમાં આપ-લે થતાં હતા. એક ખાસ ઊંચા પ્રકારનું રેશમ કલિંગથી આયાત થતું હતું. તે રેશમનું નામ ''કલિંગ'' જ હતું, જે જગાથી આવતું તે જ જગ્યાને નામે ઓળખાતું. તામિલ નાયકોમાં આ બહુ પ્રિય હોવાનું જણાય છે, અને જે કવિઓને પ્રશસ્તિ ગાન માટે ભેટો મળતી તેમાંની એક કીમતી ચીજ ''કલિંગ'' રેશમ પણ હતું. ઉત્તરની કાળી માટીમાંથી માટીની ચકચકિત કરેલી ચીજો દક્ષિણમાંથી પણ મળે છે. પ્રાચીન પાંડ્યોના શાસન તળેના પ્રદેશોમાંથી પુરાતત્ત્વ વિદ્વાનોએ આવા માટીકામના ટુકડાઓ પ્રાપ્ત કર્યા છે.

આ બધા ઉપરાંત ઉત્તરમાંથી કેટલીક વનસ્પતિ અને તેજાના પણ દક્ષિણમાં આવતાં. તેમાં મુખ્ય હતાં જટામાંસી જેવાં ઔષધીય મલમો બનાવવાનાં મૂળિયાં તેમ જ તેલ. આ ચીજો પશ્ચિમના દેશોમાં પણ નિકાસ કરવામાં આવતી.

ઉત્તરના વેપારીઓ મોટી સંખ્યામાં ચાંદીના છેદવાળા સિક્કાઓ પણ લાવતા. દક્ષિણના જુદા જુદા પ્રદેશોમાંથી આવા સિક્કાઓના ચરુઓ અને ભંડારો મળ્યા છે. આનો સ્પષ્ટ અર્થ એ છે કે ઉત્તર અને દક્ષિણ ભારત વચ્ચે ખૂબ મોટા પાયે વેપારી લેવડદેવડ થતી. વિલાસની ચીજોનો મુખ્યત્વે વેપાર થતો હોવાથી શાસકવર્ગ તથા તેમના નજીકના માણસોને જ આ વેપારનો લાભ મળતો હોવો જોઈએ.

### 30.2.3 દરિયાઈ માર્ગે દૂરનો વ્યાપાર (Long Distance Overseas Trade)

વિદેશોમાં ભારતની ચીજો જેવી તેજાના, કિંમતી પથ્થરો, ઇમારતી લાકડું, હાથીદાંત અને અન્ય ચીજોની ખૂબ જ

માંગ હતી આને માટેના વેપારની મુખ્ય જગ્યા હતી દક્ષિણ ભારત. ઘણા પ્રાચીન સમયથી અહીંના સમુદ્રકાંઠેથી દરિયાઈ માર્ગે વેપાર થતો. આ સમયે ઈ.પૂ. ની પ્રથમ સદીના અંત ભાગમાં રોમન સામ્રાજ્યના દેશો સાથે જે સીધો વ્યાપાર થયો તેની વિપુલતા અને તેમાંથી થતા નફાને ધ્યાનમાં લેતાં લાગે કે ભારતના પ્રદેશોના સમાજ અને આર્થિક સ્થિતિ પર તેનો મોટો પ્રભાવ પડ્યો હોવો જોઈએ, તે સ્પષ્ટ છે.


દ્વીપકલ્પના ભારત સાથે બે સ્તરે રોમનો સાથે સંપર્કો હતા :

(1) શરૂઆતનું સ્તર જેમાં આરબો વચેટિયા તરીકે કામ કરતા.

(2) બીજો તબક્કો, જેમાં મોસમી પવનોના જ્ઞાનને કારણે, સીધો સંપર્ક સ્થપાયો હતો.

પ્રથમ તો અરબી સમુદ્રનો મોટો વ્યવહાર ફક્ત કાંઠે કાંઠે થતો. તે ઘણો કંટાળાજનક અને ખર્ચાળ પણ હતો. ઈ.સ.ની પ્રથમ સદીની પહેલાં જ આરબોએ ભારતના દરિયાકાંઠાને વેપારનો ધોરી માર્ગ બનાવ્યો હતો. તેઓની ભૌગોલિક સ્થિતિને કારણે આરબો પૂર્વ અને પશ્ચિમના વેપારમાં ઈજારાશાહી સ્થાપી શક્યા. અરબી સમુદ્રના પવનો વિશે તેમને થોડું જ્ઞાન હતું, પણ તે તેમણે છૂપું રાખેલું, જેથી અન્ય કોઈની સ્પર્ધા ન થાય. આથી તેઓ વચેટિયાઓ તરીકે કામ કરી ખૂબ જ નફો રળતા હતા. 'હિપ્પોલસ'' નામના દરિયાખેડુએ જ્યારે અરબી સમુદ્રના 'પવનો' વિશે 'શોધ' કરી ત્યારથી રોમનોએ ભારત સાથે સીધો સંપર્ક સાધ્યો. આ તબક્કાથી રોમ અને ભારતના દ્વીપકલ્પ સાથેનો વેપાર ઝડપથી વિકસવા લાગ્યો.

પશ્ચિમ સાથે દક્ષિણ ભારતનો વેપાર






નકશો

દક્ષિણ ભારતનો પશ્ચિમ સાથે વ્યાપાર.

દક્ષિણનાં બંદરો પર રોમન વેપારીઓ પોતાની ચીજો લાવવા માંડ્યા, તેમાં કાચો માલ અને તૈયાર માલ પણ હતો. કાચા માલમાં પિત્તળ, ટીન, સીસું, પરવાળાં, ટોપાઝ, ફ્લિંટ પથ્થર, કાચ (જેમાંથી મણકા બન્યા) વગેરે હતાં.

અન્ય માલમાં ઊંચી ગુણવત્તાના દારૂ, મુલાયમ કાપડ, સુંદર નકશીકામવાળાં આભૂષણો, સિક્કા અને ઉત્તમ પ્રકારના માટીકામની ચીજો હતી.

રોમનો ભારતમાંથી પણ અનેક ચીજો વહાણ માર્ગે પશ્ચિમમાં લઈ જતા તેના આ પ્રમાણે વિભાગ કરી શકાય :

(1) તેજાના અને ઔષધીય ચીજો જેવી કે મરી, જટામાંસી, હિંગળોક વગેરે.

(2) કિંમતી તથા ઓછાં કિંમતી રત્નો જેવાં કે નીલમ, અકીક સોભાગ્યમણિ, કાર્નીલિયન, રંગીન ચકમક અને શંખ, છીપ, મોતી તથા હાથીદાંત.

(3) ઇમારતી લાકડાં જેવાં કે અબનૂસ, સાગ, ચંદન, વાંસ વગેરે.

(4) કાપડ-જેમ કે રંગીન સુતરાઉ કાપડ, મલમલ વગેરે. અને રંગો જેવા કે ગળી અને લાખ.

ઉપર ગણાવેલી ચીજોની નિકાસ પૈકી, કાપડ અને કીડિયાંના તૈયાર માલની નિકાસ થતી. ભારતની ચીજો માટે રોમનો સુવર્ણના સિક્કાઓમાં કિંમત ચૂકવતા. નિકાસ કરવાની ચીજો સ્થાનિક જ હતી, અને તેને દખ્ખણ અને દક્ષિણ ભારતમાંથી ભારતના જ વેપારીઓ એકત્ર કરી લાવતા. દૂરથી લાવવાની ચીજો ભારવાહી પશુઓની પોઠી પર અને ગાડાંઓનાં ભરીને એક જગ્યાથી બીજી જગ્યાએ લઈ જવાતી અને છેલ્લે બંદરો પર ઠલવાતી.

પશ્ચિમના દેશોમાં લઈ જવાનો માલ મુખ્યત્વે વિદેશી વેપારીઓ ખરીદી લેતા, પરંતુ દખ્ખણ અને દક્ષિણ ભારતમાં પણ એવા વેપારીઓ હતા જે ખુદ વિદેશોમાં માલ પહોંચાડતા.

શ્રીલંકા અને અગ્નિએશિયાના દેશો સાથે થતા દક્ષિણ ભારતને વાણિજ્યના સંબંધો હતા. ત્યાંના વેપારની ચીજોમાં મુખ્યત્વે કેટલાક તેજાના, કપૂર અને ચંદનનું લાકડું હતાં.

આ વાણિજ્યની શરૂઆત તામિલવંશી વેપારીઓએ કરી હોય તેમ જણાય છે. શ્રીલંકાના વેપારીઓ પણ તામિલહામમાં આવતા ખરા કેટલાંક તામિલ બ્રાહ્મ લિપિમાં શિલાલેખોમાં એલાન(શ્રીલંકાથી) આવનારાઓનો ઉલ્લેખ થયેલો છે. જોકે આમ છતાં શ્રીલંકા સાથેના વેપાર વિશે ખાસ વિગતો પ્રાપ્ત નથી થતી.

## 30.3 વેપારી સંગઠનનાં પાસાંઓ (Aspects of Commercial Organisation)

નાના પાયે થતા સ્થાનિક સોદાઓમાં ઉત્પાદકો પોતે જ વેપારીઓ પણ હતા.

માછીમારી અને મીઠું પકવવાનો ઉદ્યોગ નિતાંત 'પરાતવા' નામે જાતિ જ કરતી અવું સંગમ સાહિત્યમાં જણાવ્યું છે. તે લોકો કાંઠા વિભાગમાં નેઈતાલમાં રહેતા, અને તેથી આ ઉદ્યોગમાં જ તેમનો આખો સમય જતો. આને લીધે મીઠા અને માછલીના વિતરણ માટે જુદી પદ્ધતિ અપનાવાઈ હતી.

માછીમાર કુટુંબની સ્ત્રીઓ સમુદ્રતટ પ્રદેશમાંથી આસપાસનાં ક્ષેત્રોમાં માછલીઓ લઈ જતી. ગામોમાં થતાં મેળાઓ અને બજારોમાં તેઓ માછલી વેચવા આવતી. જરૂરિયાતની ચીજ તરીકે મીઠાની ખૂબ માગ સર્વત્ર રહેતી. તેને માટે એક જુદું જ વેપારી જૂથ કામ કરતું. મીઠાના વેપારીઓને ''ઉમાના'' તરીકે તામિલહામમાં ઓળખતા.

''ઉમાના'' ફેરી કરનારી છોકરીઓ માથા પર મીઠાના ટોપલા ઉઠાવીને ફરતી અને એ રીતે આજુબાજુનાં ગામોમાંથી પોતાની જરૂરી ચીજો વિનિમયમાં લઈ આવતી. મોટે ભાગે ડાંગર સાથેના સાટું કરતી.

અંતર્ભાગનાં ગામોમાં પણ ઉમાના વેપારીઓ મીઠું પહોંચાડતા. ગાડાં ભરીને મીઠાના થેલા એકથી બીજી જગ્યાએ લઈ જતા. વેપારીઓ મોટી સંખ્યામાં જૂથ બનાવી આ રીતે પ્રવાસ કરતા. આ મીઠાંની વણઝારો ''ઉમાનાચથું'' તરીકે ઓળખાતી. સ્થાનિક ચીજો સાથે મીઠાનો. વિનિમય કરી જુદા જુદા પ્રદેશોમાંથી જુદી જુદી ચીજો એકત્ર કરી સમુદ્રતટ પ્રદેશમાં તેઓ પહોંચાડતા.

વેપારીઓ કુટુંબો સાથે કાફલામાં ફરતા. મીઠાના વેપારીઓમાં કુટુંબસંસ્થા સિવાય અન્ય સંસ્થાનું અસ્તિત્વ હોય

એવું જણાયું નથી.

ઉમાના ઉપરાંત અનાજના (કૂલવણિકમ્), નાના (પોનવણિકમ્), ખાંડના (પણિત વણિમ) વગેરેના વેપારીઓ તામિલહામના કેટલાક શિલાલેખોમાં કેટલાક સાધુઓને રહેવાનાં સ્થળો આપનાર દાતા તરીકે, તેમનો ઉલ્લેખ થયો છે. તેનો અર્થ એમ થાય કે તેઓ સમૃદ્ધ હતા. જોકે, તેઓના વ્યાપાર અને તેની વ્યવસ્થા અંગે કશી વિગત પ્રાપ્ત થતી નથી. સુદૂર દક્ષિણના તિરુવલ્લરાઈ સ્થિત એક શિલાલેખમાં 'નિકમત્તાર' નો ઉલ્લેખ થયો છે. આ શબ્દોનો અર્થ થાય છે 'નિગમ' એટલે કે મહાજનના સભ્ય.

તામિલહામમાં કદાચ વેપારી મંડળનું હોવું એક અપવાદ જ હશે. પરંતુ દખ્ખણમાં આવાં 'મહાજનો' કે 'નિગમ' રચના નિયમિત ઘટના જેવી જણાય છે. દખ્ખણમાં ઘણાં નગરો પણ હતાં અને દરેક નગરમાં એક નિગમ અથવા 'મહાજન' હોય તેમ જણાય છે. દરેક 'નિગમ' ના એક અધ્યક્ષ જેને શેટ્ટી કહેતા અને તેમની એક કચેરી પણ રહેતી. વેપારી મંડળો બૅન્કની ગરજ સારતાં. તે અનામત સ્વીકારતાં, નાણાં પણ ધીરતાં. વણકરો, કુંભારો, તેલીઓ વાંસના કારીગરો, ઈંટ પકવનારાઓ વગેરેનાં પણ ખાસ મંડળો હોવાના ઉલ્લેખો દખ્ખણના શિલાલેખોમાંથી મળે છે.

કુટુંબના એકમ કરતાં મહાજન અથવા 'નિગમ'ના એકમ વધુ કાર્યક્ષમ હતાં. તેમાં વધુ સંઘશક્તિ ઉપરાંત તેના સભ્યોને વખત આવ્યે આર્થિક ઉપરાંત બીજા બધા પ્રકારની સહાય કરવાની ક્ષમતા હતી વળી વ્યક્તિગત સભ્યમાથે ગ્રાહક શોધવાની જવાબદારીમાંથી મુક્ત થઈ જતો.

આમ સાતવાહનોના પ્રદેશના વેપારી સંગઠનની પદ્ધતિ દૂર દક્ષિણની પદ્ધતિની તુલનામાં વધુ વિકસિત હતી.

**તમારી પ્રગતિ ચકાસો (ક)**

(ક) પ્રાચીન સમયમાં દક્ષિણ ભારતમાં પ્રચલિત વિનિમય પ્રથાનાં ત્રણ લક્ષણો વિશે નોંધ લખો.

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

(ખ) નીચેનાં વિધાનો સાચાં (✓) છે કે ખોટાં (✗) તે નિશાનીથી બતાવો :

(1) વિનિમયન ઘણી ખરી ચીજો વિતરણ માટે હતી.

(2) કુરિએટીરપ્પઇ નો અર્થ વિનિમય છે. એમાં એક વસ્તુ તે પરત કરવાની શરત રહેતી.

(3) કૌટિલ્યને દક્ષિણનો જમીનમાર્ગ એટલા માટે વધુ સારો લાગતો હતો કે તે અન્ય માર્ગો કરતાં વધારે સુરક્ષિત હતો.

(4) દક્ષિણ ભારત પશ્ચિમમાં ફક્ત કાચો માલ નિકાસ કરતું અને તૈયાર માલની આયાત કરતું.

(5) વેપારી મહાજનો દખ્ખણ પ્રદેશમાં બૅન્કનું કામ કરતાં જેમાં થાપણો સ્વીકારાતી અને નાણાંનું ધિરાણ થતું.

(6) એક ચીજમાં નિશ્ચિત જથ્થામાં લોનના રૂપમાં લઈને, તે જ વસ્તુ તેટલા જ જથ્થામાં અમુક સમય પછી પાછી આપવાની હોય છે.

(ગ) તામિલહામમાં નીકળતી મીઠાની વણઝારો વિશે ત્રણેક લીટી લખો.

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

(ઘ) દખ્ખણના વાણિજ્ય સંગઠન વિશે પાંચેક લીટીની નોંધ લખો.

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

## 30.4 વિનિમયની સગવડ (Exchange Facilities)

લાંબા અંતરના વેપારના સંદર્ભમાં જોઈએ તો પરિવહન, સંચાર તથા વહાણોનો પ્રશ્ન ઊભો થાય એ પ્રસ્તુત છે. એ વેપારમાં મોટા જથ્થામાં માલની હેરફેર કરવાની એક સમસ્યા હોય છે. મરી, ડાંગર અને મીઠું દૂર દક્ષિણમાં મોટા જથ્થામાં લઈ જવાતી ચીજો હતી. દખ્ખણના પશ્ચિમ વિભાગમાં ઈમારતી લાકડાં પણ જથ્થાબંધ લઈ જવાતાં, જેની વિદેશોમાં ખૂબ માંગ હતી. અંત ભાગમાં પરિવહન માટે ગાડાં અને ભારવાહી પશુઓનો ઉપયોગ થતો.

તામિલહામમાં કેટલાય માર્ગો હતા. અંદરનાં ગામોને નદીના ખીણપ્રદેશો સાથે જોડતા. તે માર્ગો બંદરો અને શાસકોની રાજધાનીઓને પણ જોડતા. એક આવો માર્ગ કાવેરીની ખીણના પશ્ચિમ ક્ષેત્રો ને ચૌલ બંદર 'કાવેરીપુમપટ્ટીનમ્' સાથે જોડતો હતો. બીજો માર્ગ પશ્ચિમના ડુંગરાળ પ્રદેશને કાંચીપુરમ્ સાથે જોડતો હતો, જે ત્યાંના નાયકની રાજધાની હતી, અને પૂર્વ કિનારાનું મોટું વિખ્યાત 'શહેર' હતું.

આ માર્ગોના પ્રવાસીઓ તો ખાસ કરીને વેપારીઓ અને મીઠાની વણઝારો હતી. વણઝારો મોટાં જૂથોમાં પ્રવાસ કરતી. આ ઉપરાંત ઘણી વાર રખડતા નૃત્યકારો, સંદેશાવાહકો, ભિખારીઓ વગેરે આ રસ્તે થઈને ઠેર ઠેર જતા હતા. આ લોકો પણ વણઝારોની સાથે જ થઈ જતા, કેમ કે અહીં પ્રવાસ કરવો ઘણી વાર બહુ વિકટ થઈ જતો. ઘણો ખરો માર્ગ ગાઢાં જંગલોમાંથી જતો, ત્યા જંગલી આદિવાસી પ્રજાઓ વસતી. ધાડપાડુઓ અને લૂંટારાઓનો કાયમી ભય આ પ્રવાસીઓને માથે તોળાતો રહેતો. શાસકો કોઈ સુરક્ષા આપતા ન હોવાથી, વેપારીઓ પોતાના જ રક્ષકોને પોતાની સાથે લઈ લેતા, જેથી આવો પ્રવાસ હેમખેમ પસાર થાય.

સાતવાહન શાસકોના પ્રદેશમાં થોડી જુદી પરિસ્થિતિ હતી. ઉત્તરમાંથી ઉજ્જૈનીથી દખ્ખણ તરફ ન આવતો માર્ગ ઉજ્જૈન થઈને પ્રતિષ્ઠાન(પૈઠણ) સુધી આવતો હતો, જે સાતવાહનોની રાજધાનીનું શહેર હતું. ત્યાંથી દક્ષિણના ઉચ્ચ પ્રદેશમાં થઈને કૃષ્ણા નદીના નીચાણના ભાગોને વીંધીને આગળ થઈને દક્ષિણે વળી જઈને પ્રખ્યાત શહેરો મદુરાઈ અને કાંચીને તે મળતો હતો. આ જૂના માર્ગમાંથી ઈ.સ.ના શરૂના કાળમાં રસ્તાનું જાળું ગૂંથાયું હતું. તે રસ્તાની ગુંથણી દેશના અંદરના ભાગમાં આવેલાં દક્ષિણ કિનારાનાં સ્થાનિક બજારો, કસબા તથા બંદરો સાથે જોડતી હતી. ગોદાવરી અને કૃષ્ણા નદીઓના ફળદ્રુપ ખીણપ્રદેશોમાં પણ વિવિધ માર્ગોની ગૂંથણી હતી જે દેશના અંતર્ભાગને સમુદ્રના તટપ્રદેશ સાથે સાંકળતી હતી.

આ સાથે એ નોંધવું રસપ્રદ થઈ પડશે, કેટલીક પ્રાચીન બૌદ્ધ ગુફાનાં સ્થળો અને ડેક્કનનાં ધાર્મિક સ્થળો પણ આ વ્યાપારી માર્ગો પર વસેલાં હતાં. આ ધાર્મિક કેન્દ્રો વેપારીઓની વણઝારોને અનેક રીતે ઉપયોગી નીવડતાં. ભોજન અને આશ્રય આપવા ઉપરાંત તેઓ નાણાં ધિરાણ પણ કરતાં હતાં.

શાસકોએ પણ આ માર્ગોના વિકાસમાં ખાસ રુચિ રાખી હતી. આ માર્ગો પર આવેલાં બૌદ્ધોનાં ધાર્મિક કેન્દ્રોને તેમણે ઉદાર હાથે સખાવત કરી હતી. બંદરોવાળા કસબામાં આરામગૃહો બંધાવ્યાં હતાં અને એ રસ્તાઓ પર જલવિભાજક રેખા સ્થાપી હતી. માર્ગોની દેખરેખ માટે ખાસ અધિકારીઓ પણ નીમ્યા હતા. કમનસીબે માર્ગો પર સુરક્ષા માટે શી વ્યવસ્થા કરી હતી તેની કોઈ માહીતી મળતી નથી.

આ માર્ગોમાં ઘણી વાર નદીઓ ઓળંગવી પડતી. આવાં સ્થાનોએ નદીપાર ઉતારનાર નાવિકો હતા. અને તેમને એ માટે કર ચૂકવાતો, જે વેપારીઓ ભરતા. કેટલીક જગ્યાઓ પર આ કરમાં માફી પણ આપવામાં આવી હતી.

ખૂબ જ લાંબા સમુદ્ર કંઠાળ પ્રદેશ સાથે અને અનેક નદીઓના જળમાર્ગ નદીઓ સાથે પરિચય હોવાથી દક્ષિણ ભારતીયને એ બંને જળરસ્તે વહાણવટું કરવાની જાણકારી હતી. નદી પાર કરવા માટે અને જળમાર્ગે આવજા કરવાને નાની નાવોનો ઉપયોગ થતો. દરિયાઈ મોટાં સફર વહાણો બાંધી તેમના ઉપયોગ દ્વારા થતી.

તામિલહામમાં મુખ્ય વહાણવટું કાંઠે કાંઠે જ થતું. શ્રીલંકા સાથે થોડો વ્યાપાર-સંબંધ હતો. દક્ષિણના શિલાલેખમાં ''એલામ (Elam)ના વેપારીઓનો ઉલ્લેખ મળે છે. તે જ પ્રમાણે શ્રીલંકાના પ્રાચીન શિલાલેખોમાં તામિલ વેપારીઓનો દાતાઓ તરીકે ઉલ્લેખ થયો છે. આ પ્રમાણોથી જણાય છે કે તામિલહામના વેપારીઓ પણ દરિયાઈ વ્યાપાર કરતા હતા.

દ્વીપકલ્પીય ભારતમાં ખાસ કરીને દખ્ખણના કેટલાક વેપારીઓ દરિયાઈ વ્યાપાર કરતા હતા. આ સમયના સાહિત્ય પરથી જણાય છે કે કચ્છમાં વહાણો બહાર પડતાં બધી વસ્તુઓથી સજ્જ થઈને દ્વીપકલ્પના વેપારીઓ, ખાસ કરીને દખ્ખણના વેપારીઓ વિદેશી વ્યાપારમાં પણ જોડાતા. આ સમયનાં વિદેશી લખાણો ઈજિપ્ત અને એલેક્ઝાન્ડ્રિયા જેવા સુદૂરના પ્રદેશોમાં ભારતીય વ્યાપારીઓ હાજરીની સાક્ષી પૂરી પાડે છે.

દરિયાઈ વ્યાપારની મહત્તા વિશે આ સમયના શાસકો સભાન હતા. તેથી તેમણે વેપારીઓને સગવડ પૂરી પાડી. 'ભરૂકચ્છ' માં આવતાં વહાણોની આગળ ભોમિયા રૂપે નાની હોડીઓ ચાલતી અને ધક્કા પર વહાણ ઊભાં રાખવાની અલગ અલગ જગાઓ તરફ વહાણોને દોરી જતી. દૂર દક્ષિણમાં તામિલહામના નાયકો દરિયાઈ વેપારને જુદી રીતે ઉત્તેજન આપતા. કિનારાથી થોડે દૂર દીવા દાંડીઓ ઊભી કરવામાં આવતી. ભંડારોની સગવડ અપાતી હતી અને વખારોમાં માલની સુરક્ષાની પણ વ્યવસ્થા કરાતી. દૂર દક્ષિણના તથા દખ્ખણમાં ચાલતા દરિયાઈ વેપારમાં આધુનિક વિદ્વાનો જેને દેખરેખ હેઠળ થતો વેપાર કહે છે. તેનાં લક્ષણો જણાય છે. એમાં ફરક એટલો જ છે કે દક્ષિણમાં એ લક્ષણો વધુ આગળ પડતાં જણાતાં હતાં અને તામિલહામમાં છેક પ્રારંભિક અવસ્થામાં હતાં.

## 30.5 વિનિમયના માધ્યમ તરીકે સિક્કાઓ (Coins as Media of Exchange)

આમ તો વહેવારમાં સાટાની પ્રથા સાવ સામાન્ય બની હતી. તેમ છતાં જે જમાનાની વાત આપણે ચર્ચીએ છીએ તેમાં વિનિમયના સાધન તરીકે સિક્કાઓનો ઉપયોગ ચલણી બન્યો હતો. અગાઉના દ્વીપકલ્પીય ભારતમાં જે સિક્કાઓ જાણીતા થયા હતા તેને સામાન્ય રીતે બે સ્પષ્ટ ભાગોમાં વહેંચી શકાય.

### 30.5.1 સ્થાનિક સિક્કાઓ (Local Coins)

દ્વીપકલ્પમાં જુદા જુદા સિક્કાઓ જુદાં જુદાં ક્ષેત્રોમાં પ્રચલિત હતા. પ્રાચીન તામિલ સાહિત્ય તેમાંનાં કેટલાકનાં નામો આપે છે. જેવાં કે ''કાસુ'', ''કાનમ'', ''પોન્ન'' અને ''વેનપોન્ન''. પરંતુ આ નામો સાથે સુસંગતતા ધરાવતા કોઈ જ સાચા સિક્કાઓ આપણને પ્રાપ્ત નથી થયા. દક્ષિણના શિલાલેખો ચાંદીના કહપાન સિક્કાઓના ઉપયોગનો ઉલ્લેખ કરે છે, જે સ્થાનિક ટંકશાળમાં છપાયા હતા. ઢાળી સુવર્ણ તથા સોનાના સિક્કાનો ઉલ્લેખ કરે છે, જે કાં તો રોમનોના વખતના હતા, કે કાં તો કુશાણ જમાનાના હતા.

જે ખરેખર પ્રાપ્ત થયા છે તેવા વિવિધ ધાતુના બનેલા સાચા સિક્કાઓ સીસું, 'પોટીન' અથવા મિશ્ર ધાતુઓના, તાંબા અને ચાંદીના સિક્કાઓ ઉપયોગમાં લેવાતા હતા. સૌથી પ્રાચીન સિક્કાઓ છેદવાળા છે, તમે વિભાગ 4માં જોયું તેમ, ઉત્તર-પશ્ચિમ ભારતમાં ઈ.પૂ.ની છઠ્ઠી પાંચમી સદીથી ટંકાયા હતા. દક્ષિણ ભારતમાં પણ વિવિધ પ્રકારના છેદવાળા સિક્કાઓ મળે છે. એ ઉપરાંત અન્ય પ્રક્રિયાઓ જેવી કે બીબાં ઢાળીને ટીપીને બનાવેલા સિક્કાઓ પણ વપરાશમાં આવ્યા. ઈ.પૂ. બીજી સદીથી 'મહારથી' કુટુંબો અને નાના શાસકોએ તથા મહત્વનાં કુટુંબોએ પોતાના નામ ધરાવતા સિક્કાઓ પડાવવા માંડ્યા. સંભવતઃ આમાં ઈ.પૂ.ની પ્રથમ સદી પછીથી આગળ, વિવિધ ધાતુમાં પાડેલા સાતવાહન શાસકોના સિક્કાઓ ઉમેરાયા. ઉત્તરી દખ્ખણ પ્રદેશ ગુજરાત, માળવા અને તેની આસપાસના પ્રદેશોમાં ક્ષત્રિપોના ચાંદીના સિક્કાની ખૂબ માંગ રહેતી. આમ ઈ.પૂ.બીજી સદીથી લઈને ઈ.સ.ની બીજી સદીના અંત સુધીના સમય દરમિયાન સૌથી વધુ વૈવિધ્ય ધરાવતા સ્થાનિક સિક્કાઓ પડાવવામાં આવ્યા અને તેમનું ચલણ દ્વીપકલ્પમાં હતું.

### 30.5.2 રોમન સિક્કાઓ (Roman Coins)

પ્રાચીન તામિલ સાહિત્યમાં 'યવન' (એટલે કે રોમન) વહાણોને મરી ખરીદવા માટે મોટા જથ્થામાં સોનું લઈને આવતાં વર્ણવ્યાં છે. રોમન સમ્રાટ ટાઈબિરિયસે સેનેટને લખેલા પત્રમાં કહ્યું છે કે સામ્રાજ્યની સંપત્તિ નાની નાની ચીજોની ખરીદીમાં વિદેશમાં ઘસડાઈ જાય છે. ઈ.સ.ની પ્રથમ સદીમાં પ્લીની(Pliny)એ 'ધી નેચરલ હિસ્ટરી' નામે મહાન પુસ્તક લખ્યું છે. તેમના મતે રોમન સંપત્તિનો મોટો ભાગ ભારત, ચીન અને અરેબિયા દેશોમાં વિલાસની ચીજો માટે દર વર્ષે ઘસડાઈ જતો હતો. જ્યારે આંધ્ર, કર્ણાટક, તામિલનાડુ અને કેરળના અનેક જુદા જુદા પ્રદેશોમાંથી મોટા જથ્થામાં રોમન સુવર્ણ સિક્કાઓ મળી આવે છે ત્યારે આવાં વક્તવ્યોને સમર્થન મળે છે. આ સિક્કાઓ પણ મોટે અંશે તો ઈ.સ. ત્રીજી સદી દરમિયાનનાં જ છે. આમ ભારતીય દ્વીપકલ્પ સાથે આ સમયમાં રોમનોનો વ્યાપારી સંબંધ ધમધોકાર ચાલતો હતો.

મોટે ભાગે સોનાના અને ચાંદીના જ રોમન સિક્કા મળે છે. તાંબાના સિક્કાઓ જૂજ છે પરંતુ તદ્દન નથી મળતા એમ ન કહી શકાય.

રોમનોનું ચલણ પશ્ચિમીઓને જે વસ્તુ પ્રિય લાગતી તેની ખરીદી માટે વપરાતું પણ આ ચીજો રોમન વસ્તુઓના બહોળા જથ્થામાં વિનિમય પેટે મળી શકે એમ ન હતું. તેથી મોટા વ્યાપારી સોદા સોનાના સિક્કાના માધ્યમથી થતા. પ્રમાણમાં નાના સોદાઓ માટે ચાંદીના સિક્કા વપરાતા. કેટલાક વિદ્વાનોનું માનવું છે કે રોમનો સોનું

સિક્કાના રૂપે હિસાબે નહિ પણ તેમાંના સોનાની લગડીના હિસાબમાં સ્વીકારવામાં આવતું. અમુક વિદ્વાનો એમ પણ માને છે કે રોમન સોનું દક્ષિણ ભારતીયોમાં આભૂષણ તરીકે વપરાતું.

કેટલાક સિક્કાશાસ્ત્રીઓના મતે છેદવાળા સિક્કાઓ તથા રોમન સિક્કાઓ આપણા દેશમાં સાથે સાથે જ ચલણમાં હતા. રોમન સિક્કાઓનું વજન લગભગ છેદવાળા સિક્કાઓના વજન જેટલું જ થવા જતું હતું. કેટલાક સંગ્રહોમાં રોમન સિક્કાઓ અને છેદવાળા સિક્કાઓને એકસરખો ઘસારો પહોંચ્યો જણાય છે. અને એનો અર્થ એમ ઘટાડવા માં આવી શકે કે તેઓ સંગ્રહમાં મુકાયા તે પહેલાં લાંબા વખત લુધી ચલણમાં રહ્યા હશે. દક્ષિણ ભારતમાં, ખાસ કરીને જ્યાં રોમનોનાં વ્યાપાર સ્થળો હતાં, કોરોમાંડલ તટપ્રદેશમાં રોમન સિક્કાઓના અનુકરણથી બનેલા સિક્કાઓ પણ ચલણમાં હતા. આ બનાવટી સિક્કાઓ પણ ચલણમાં હતા. આ બનાવટી સિક્કાઓ કદાચ ત્યાં વસવાટ કરતા રોમન લોકોની વસાહતોના સંતોષ ખાતર પણ બનાવાયા હોય.

## 30.6 વ્યાપારમાંથી આવક (Revenue from Trade)

રાજ્યની તિજોરીમાં મહેસૂલની રકમ નિયમિત સ્રોતરૂપે આવતી રહે એનો આધાર સરકારની કાર્યક્ષમતા ઉપરાંત અન્ય કેટલાંક પરિબળો પર રહેલો છે. આપણા આ અભ્યાસના સમયખંડમાં દ્વીપકલ્પમાં કોઈ સર્વ સામાન્ય રાજકીય પરિસ્થિતિ સર્જાઈ કે વિકસી હતી નહીં. તેથી જ આવક ઊભી કરવાની પદ્ધતિઓ પણ પ્રત્યેક પ્રદેશમાં ભિન્ન ભિન્ન હતી.

ભારવાહી પશુ અને ગાડાંઓમાં જતા માલ ઉપર જકાત લેવાતી જેનું નામ હતું 'ઉલ્ક' જે કદાચ સંસ્કૃત શબ્દ 'શુલ્ક' સાધિત રૂપ હોઈ શકે. આનો અર્થ એ થયો કે જકાતનો વિચાર ઉત્તર ભારત પાસેથી લેવામાં આવ્યો હતો. છતાં દક્ષિણના દરેક નાયક અને નાના મુખીઓ પણ વ્યાપારમાં રસ લેતા હોવાનું કહેવાય છે. ખાસ કરીને યવનો સાથેના વ્યાપારમાં. એમની નજર વેપારમાંથી થતી આવક પર રહેતી. કાવેરીપુમપટ્ટીનમ્, જે ચોલ રાજાઓ એમના એજન્ટો રહેતા તે માલ પર ચોલા રાજ્યનું ચિહ્ન વાઘ ચોંટાડતો. ચીજો પર જકાત પણ લાગતી. જોકે આ બાબતે ખાસ વિગતો મળતી નથી.

સહેજ ઉત્તરમાં સાતવાહનોના ક્ષેત્રમાં કરવેરાની પદ્ધતિ વધુ વ્યવસ્થિત તેમ જ નિયમિત હોય તેમ જણાય છે. વ્યાપારની પ્રત્યેક ચીજ ઉપર કર લેવાતો. જકાત તથા અન્ય કરો દરેક મુખ્ય શહેરમાં વેપારીઓએ ભરવાના રહેતા. આમ છતાં આ કરવેરાના દર કોઈ ઠેકાણે જણાવ્યા નથી. નદી પાર કરવા માટે પણ કર લેવાતો. કર સરકારી તિજોરી માટે આવકનું બીજું સાધન હતો.

ક્ષત્રપ શાસક નહપાણના જમાઈ, અને પશ્ચિમ ભારતમાં તેમના પ્રતિનિધિ, રહેલા ઉષવદાતે કેટલીક નદીઓ પાર કરવા માટે કર ન લેવાની સગવડ કરી આપી હોવાનું કહેવાય છે.

મહેસૂલ ચીજવસ્તુરૂપે અથવા રોકડમાં સ્વીકારાતું. કારીગરોએ તેમની બનાવેલી ચીજો પર કરવેરો ભરવો પડતો. તેને કારુકર કહેતા.

આ છૂટક છૂટક વિગતથી માત્ર એટલું કહી શકાય કે રાજાઓ વ્યાપાર-વાણિજ્યમાંથી સારી આવક મેળવતા.

**તમારી પ્રગતિ ચકાસો (ખ)**

(અ) નીચેના વિધાનોમાંથી સાચાં (✓)ક્યાં છે અને ખોટાં (✗)ક્યાં છે તે જણાવો :

(1) તામિલહામમાં ઘણા એવા માર્ગો હતા જે અંતર્ભાગના વિસ્તારો, નદીની ખીણોની વસાહતો, સમુદ્ર કાંઠાનાં શહેરો તથા નાયકોની રાજધાનીઓને સાંકળતા હતા.

(2) સાતવાહનોએ વ્યાપારી માર્ગો પર વરસાદી પાણી વાળી લેવાને તેમ જ તેના પર દેખરેખ રાખવાને ખાસ અધિકારીઓની વ્યવસ્થા કરી હતી.

(3) ઉત્તરમાંથી મળેલા હોય કે દક્ષિણમાંથી, પણ છેદવાળા સિક્કાઓનું વજન એક જ માપનું રહેતું.

(4) પ્રાચીન દક્ષિણ ભારતમાં રોમન સોનાના સિક્કાઓ માત્ર આભૂષણો તરીકે વાપરવામાં આવતા.

(5) વેપારીઓ પર લાગતા કરનું નામ 'કારુકર' હતું.

(બ) પચાસેક શબ્દોમાં પ્રાચીન દખ્ખણ અને દક્ષિણ ભારતના વ્યાપારમાર્ગો પર પ્રવાસીઓને થતા વિરોધી અનુભવોને સ્પષ્ટ કરો.

..............................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

(ક) દક્ષિણ ભારતના સ્થાનિક સિક્કાઓ વિશે લખો.

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

(ડ) ચાંદીના છેદવાળા સિક્કાઓ ઉપર પાંચેક લીટીની નોંધ લખો.

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

(ઇ) રોમન સિક્કાઓ અને દક્ષિણ ભારતમાં તેના ઉપયોગ વિશે સાત લીટીની નોંધ લખો.

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

## 30.7 તોલમાપનાં સાધનો ( Weights and Measures)

વિનિમયની વિકસિત પદ્ધતિ માટે માપતોલની ખૂબ જ આવશ્યકતા છે. જ્યારે કોઈ વેચવાની કે ખરીદવાની ચીજને વજન, કદ કે ગણતરીથી માપવાનું શક્ય બને છે ત્યારે તેનો વિનિમય વધુ કાર્યક્ષમ અને સરળ બને છે. જે ચીજની ખરીદી કરવાની કે એનું વેચાણ કરવાનું હોય તેના જથ્થા કે કદ માટે વેચનાર કે ખરીદનારને ત્યાર પછી કશી ચિંતા રહેતી નથી.

દક્ષિણનાં વેપારી કેન્દ્રોમાં જ્યાં જુદી જુદી ચીજોનો વેપાર પદ્ધતિસર કરવાનું અમલમાં હતું ત્યાં તોલમાપમાં ચોક્કસાઈ રાખવાનો વિચાર, પ્રચલિત હોવો જોઈએ. સિક્કાઓની કિંમત પણ જુદી જુદી છે અને જમીનનું માપ 'નિવર્તનો'થી થતું.

દૂર દક્ષિણમાં 'મા' અને 'વેલી' નામનાં જમીનનાં માપ હતાં. નજરાણું આપતી વખતે અને તે સંભવત; મોટા જથ્થાનું હોય ત્યારે અનાજન 'અંબનમ' મપાતું. 'નલિ' 'યુલાક્કુ' અને 'અલ્લાક' નામે નાનાં માપો પણ જાણીતાં હતાં.

ત્રાજવાની મદદથી આંકા તથા છાપવાળાં વજનનું માપ લેવાતું. ત્રાજવું એટલે એક દાંડો ખૂબ નાનાં વજન પણ કાંટે તોળાતાં હતાં.

કેમ કે સોનું પણ ત્રાજવામાં તોળાતું એમ કહેવાયું છે.

રોજબરોજના વહેવારમાં લંબાઈના માપ તલના દાણા, ડાંગરના દાણા, આંગળીઓ અને હાથની સમરેખ પંકિત કરી દર્શાવતાં.

## 30.8 શહેરી કેન્દ્રો ( Urban Centres)

ઉપર કરેલી ચર્ચામાં આપણે વ્યાપારમાં થયેલા વિકાસના વિવિધ પાસાંઓ જોયાં. આ વિકાસને લીધે શહેરોની સંખ્યામાં પણ ખૂબ વધારો થવા પામ્યો. પ્રથમ આપણે દખ્ખણ પ્રદેશ શરૂ કરીશું. શહેરી વિકાસનાં લક્ષણો સ્પષ્ટ દેખાતાં હતાં. દ્વીપકલ્પના પૂર્વી અને પશ્ચિમી સમુદ્ર તટ પર ઘણાં બંદરો નગરો છે. આંધ્રમાં ગોદાવરી અને કૃષ્ણાના તટે પણ અમુક મુખ્ય શહેરો વસ્યાં હતાં. ત્યાંથી વહાણો મલય દેશોમાં અને પૂર્વમાં આવેલા ટાપુઓના પ્રદેશમાં વ્યાપારાર્થે જવા નીકળતાં. ભારત-રોમન વ્યાપારના શરૂઆતના તબક્કામાં પશ્ચિમી કાંઠે આવેલાં ભરૂચ,કલ્યાણ અને સોપારા બંદરો વધુ મહત્ત્વનાં રહ્યાં હોય તેમ જણાય છે.

અંતર્ભાગમાં પણ નાનાં શહેરી કેન્દ્રો હતાં જેવાં કે પ્રતિષ્ઠાન (પૈઠણ), તગારા (ટેર), ભોગવર્ધન (ભોકરદાન), કરાહટકા (કરાડ), નાસિક, વૈજયન્તી, ધાન્યકટક. વિજયાપુરી સામાન્ય પ્રકારની ગ્રામવસાહતો કરતાં તદ્દન જુદાં તરી આવતાં. આ કેન્દ્રનો ઉદય ક્યાં પરિબળોને લીધે થયો, તે આપણે નીચે પ્રમાણે દર્શાવી શકીએ :

(1) શહેરી કેન્દ્રોમાં રહેતાં જુદાં જુદાં જૂથોના વપરાશ માટે જરૂરી વધારાની પેદાશ પકવવાને સક્ષમ ખેતીવાડીનો પીઠપ્રદેશ.

(2) અન્ન ઉત્પન્ન કરવામાં સીધી રીતે ભાગ ન લેનારાઓ જેવા કે હાથઉદ્યોગ કારીગરી વેપારીઓ યાંત્રિક કારીગરો વગેરેના જૂથોનો ઉદય થયો.

(3) વેપારીઓનાં તથા કારીગરોનાં મંડળો ઊભાં થયાં. તેમણે સભ્યોની પ્રવૃત્તિઓનું સંગઠન કર્યું.

(4) સ્થાનિક અને વિદેશી વ્યાપાર વિનિમયમાં અને વહાણવટાના વિકાસમાં જરૂરી ચીજો એકઠી કરવાની સગવડ.

(5) કેન્દ્રોમાં વધારાની પેદાશને વાળવાને, તેને મદદ તથા રક્ષણ આપવાને સક્ષમ એવો રાજકર્તા વર્ગ.

(6) નાણાકીય ચલણી સિક્કાઓની પદ્ધતિનો ઊગમ.

(7) લેખનનો ફેલાવો. નોંધણી કરવા અને નામું લખવા માટે જરૂરી પદ્ધતિ વિકસી.

કાર્યો પ્રમાણે શહેરી કેન્દ્રોના જુદા જુદા વિભાગો હતા. વહીવટી કેન્દ્રો, માલ એકત્રિત કરવાનાં છાવણી, વિદેશી વ્યાપારનાં કેન્દ્રો, બજારો અને ઉત્પાદનનાં કેન્દ્રો આદિ. આમ છતાં મોટા ભાગનાં કાર્યો એક જ શહેરી કેન્દ્ર દ્વારા થઈ શકતાં હતાં.

તામિલહામમાં 'સંગમ' સાહિત્યના કાવ્યોના ઉલ્લેખો અને પુરાતત્ત્વીય પ્રમાણોને આધારે કેન્દ્રોના ત્રણ સ્પષ્ટ વિભાગ પાડી શકાય :

- ગ્રામ્ય વિનિમયકેન્દ્ર
- અંતર્ભાગીય બજારોવાળાં નગરો અને
- બંદરો ધરાવતાં નગરો

જુદાં જુદાં તિનાઈ વચ્ચે, જીવનનિર્વાહ પદાર્થોની લેવડદેવડની પ્રક્રિયા દરમિયાન સંપર્કસ્થાન તરીકે, ઘણાં કેન્દ્રોનો ઉદ્ભવ થયો. નિયમિત વિનિમય વ્યાપારની પ્રવૃત્તિને કારણે કેટલાંક કેન્દ્રો વધુ પ્રવૃત્ત થયાં. શહેરની આધુનિક વ્યાખ્યા પ્રમાણે એમને શહેરી કહેવાનું યોગ્ય લાગશે નહીં છતાં સમકાલીન સમાજ સ્થાનિક ખેતવસાહતો કરતાં તેને સ્પષ્ટપણે જુદાં જાણતો. અંતર્ભાગમાં આવેલ 'ઉરૈયુર' (જે હાલના તિરુચિરાપલ્લીની નજીક સ્થિત છે), કાંચી (કાંચીપુરમ્) અને મદુરાઈ કેન્દ્રો બજાર ધરાવતાં હતા. પરંતુ, તે બધાં પણ શહેરો કેન્દ્રો તરીકે વિકસ્યાં નહોતાં.

'પટ્ટીનમ્'અથવા બંદરવાળાં નગરો શાસકોના આશ્રયને લીધે વધુ પ્રવૃત્ત રહેતાં. આવાં ઘણાં કેન્દ્રો હતાં. પૂર્વ તટે- કાવેરી પુમપટ્ટીનમ્ અથવા પુહાર (ચોલોનું) કોરહાઇ (પાંડ્યોનું) પશ્ચિમ તટે મુઝિરીસ અને ટાયન્ડીસ (ચેરાઓનું), બકારે અને નેલેયેન્દા હતાં. દરિયાઈ વ્યાપારનાં આ કેન્દ્રો હતાં અને ''એરીક મેડુ ''જેવાં કેટલાંક સ્થળે યવનો–વિદેશીઓની વસાહતો હતી. મુઝિરીસ ઘણું ધમધમતું-એનું બંદર બધી જાતનાં વહાણોથી ભરેલું રહેતું. એ કેન્દ્રમાં મોટી વખારો અને બજાર હતાં.

બંદરોવાળાં નગરોમાં વિલાસની ચીજોના વ્યાપાર પર ભાર મૂકવામાં આવતો હોવાથી, પટ્ટીનમે સ્થાનિક વિનિમય ગૂંથણી સાથે બહુ ગાઢ રીતે સંકળાયેલાં નહોતાં. તેઓ મુખ્યતઃ રાજાઓ અને તવંગરો જેના ઘરાકો હોય એવાં વિદેશી વેપાર માટે નાનાં કદનાં બંદરો તરીકે ન રહ્યાં.

આમ, વિદેશી વ્યાપારના જ ફળસ્વરૂપે એ વેપારની પડતી થતાં આ કેન્દ્રો ક્ષીણ થતાં ગયાં અને ધીમે ધીમે અદૃશ્ય થઈ ગયાં. આ શહેરી કેન્દ્રોમાં નીચે મુજબની વિશિષ્ટતાઓની ગેરહાજરી વર્તાતી હતી :

(1) સ્થાનિક વિનિમય કેન્દ્રોની જાળી સાથે જોડાણ.

(2) કારીગરીની વિશિષ્ટ કુશળતા.

(3) વિહારો અને [illegible]ો જેવી સંસ્થાઓનો ટેકો.

## 30.9 વ્યાપાર અને શહેરી કેન્દ્રોની સમાજ પર અસર (The Impact of Trade and Urban Centers on Society)

શરૂના વેપાર તથા શહેરના વિકાસે તામિલહામના સામાજિક જીવન પર મૂળભૂત ફેરફાર આણ્યા હોય એવું જણાતું નથી. સ્થાનિક વિનિમય વહેવાર આજીવિકાલક્ષી હતો. આનો અર્થ એ થયો કે સ્થાનિક વ્યાપાર વિનિમયમાં જે ચીજોનો હાથ બદલો થતો તે એવી જ ચીજો હતી કે જે જુદા જુદા સમૂહના લોકો દ્વારા નિયમિત રીતે વપરાશમાં લેવાતી હતી. દૂરના વ્યાપારોમાં ફક્ત ભોગવિલાસની ચીજો જતી. તે ચીજો નાયકો અને તેમની આસપાસના માલદાર લોકોના સગાંવહાલાંના ક્ષેત્ર પૂરતી મર્યાદિત હતી.

વ્યક્તિગત વેપારીઓની સંપત્તિ અને જાહોજલાલી જે તેમણે આપેલ દાનો પરથી જણાય છે. કારીગરો અને વેપારીઓનાં (તામિલહામમાં) મંડળો સંગઠિત નહોતાં. તેઓ એક કુટુંબના સભ્યો તરીકે અથવા નજીકના સગાંસંબંધી લેખે કામકાજ કરતા હતા. આમ આદિવાસી પ્રકારનાં સ્વીકૃત ધોરણો અનુસાર જ તેઓ વર્તતા હતા.

પરંતુ દખ્ખણમાં પરિસ્થિતિ આનાથી જુદી હતી. લાંબા અંતરના વેપાર માટે પણ સ્થાનિક વ્યાપારી જૂથોની સામેલગીરીની જરૂર પડતી. આથી આ વેપારનો ફાયદો ગળાતો ગળાતો સમાજના અન્ય વર્ગ સુધી પહોંચ્યો. કસબીઓની, કારીગરોની તથા વેપારીઓની સંપત્તિ તથા સમૃદ્ધિ તેમણે બૌદ્ધ મઠોને આપેલાં દાનોમાં વ્યક્ત થાય છે. કારીગરીના ઉત્પન્નમાં અને વેપારી સાહસોમાં સગપણના જૂના સંબંધો તોડી નવા પ્રકારના સંબંધો દાખલ કરવામાં કારીગરો અને વેપારીઓનાં મંડળોનાં સંગઠન કારણભૂત શાસકો વેપારને લગતાં જૂથો અને બૌદ્ધ મઠોને લગતી વસાહતો વચ્ચેના સંબંધો ડેક્કનમાં અગત્યનાં આર્થિક તેમ જ સામાજિક પરિવર્તનો દાખલ કરાવવામાં જવાબદાર હતાં.

**તમારી પ્રગતિ ચકાસો (ગ)**

**નીચેનાં વક્તવ્યો સાચાં (✓) છે કે ખોટાં (✗) તે નિશાની કરી જણાવો.**

(1) મા અને 'વેલિ' રેખાંકનનાં માપ હતાં.

(2) બંદર ધરાવતાં નગરોને મુકાબલે પુરાણા દક્ષિણ ભારતમાં અંતર્ભાગનાં શહેરો વધારે પ્રવૃત્ત હતાં.

(3) મંડળોએ કારીગરો અને વેપારીઓમાં ઉત્પાદન અંગે કેટલાક સંબંધો દાખલ કર્યા.

(4) રાજાઓ અને તેમનાં કુટુંબોમાં જ વિલાસની ચીજોનો વપરાશ હતો.

(5) દખ્ખણમાં સ્થાનિક વ્યાપાર વિનિમયના જાળા પર લાંબા અંતરનો વ્યાપાર કોઈ આધાર રાખતો ન હતો.

(બ) વિહારો અને વ્યાપારીઓ વચ્ચેના સંબંધો વિશે પાંચેક લીટીની નોંધ લખો.

........................................................................................................................

........................................................................................................................

........................................................................................................................

........................................................................................................................

........................................................................................................................

(ક) સ્થાનિક વેપારીઓ અને કારીગરો ઉપર વેપાર અને શહેરીકરણની અસરો વિશે પાંચેક લીટી લખો.

........................................................................................................................

........................................................................................................................

........................................................................................................................

........................................................................................................................

........................................................................................................................

## 30.10 સારાંશ

આ એકમમાં વ્યાપાર વિકાસનાં તેમ જ શહેરી વિકાસનાં કેટલાંક અગત્યનાં પાસાંઓની પ્રાચીન દ્વીપકલ્પ ઉપર પડેલી અસરો વિશે ચર્ચા કરવાનો આપણો પ્રયત્ન હતો. તમે નીચેના વિશે શીખ્યા છો :

- વ્યાપારના જુદા જુદા પ્રકારો અને પદ્ધતિઓ કે જેમાં વિનિમય થતો હતો.

• કારીગરો અને વેપારીઓનાં મંડળો.

• પરિવહન ભંડાર અને વહાણવટાના વિનિમયની સગવડ.

• વિનિમયનાં માધ્યમ તરીકે વપરાતા સિક્કાઓના જુદા જુદા પ્રકારો.

• વ્યાપારમાંથી થતી આવક.

• શહેરી કેન્દ્રોનાં વિશિષ્ટ લક્ષણો અને કાર્યો. દ્વીપકલ્પીય ભારતના જુદા જુદા પ્રદેશોમાં વ્યાપાર અને શહેરીકરણની અસરો શી થઈ?

## 30.11 ચાવીરૂપ શબ્દો (Key Words)

**છેદવાળા સિક્કા :** આ ધાતુઓ બનાવવા માટે ધાતુને ટીપી ટીપીને એક સપાટ પતરામાં ફેરવાતી, પછી તેના પટ્ટીઓ બનાવાતી. કોરીપટ્ટીઓને જોઈતા વજન પ્રમાણે કાપવામાં આવતી. શરૂઆતમાં કાપતી વખતે પટ્ટીઓ ચોરસ કે સમચોરસ આકારની રહેતી જોઈતું વજન મેળવવા, તેના છેડાઓ થોડા થોડા કપાતા. આથી ઘણા ખરા સિક્કાઓ કોઈ એક જ આકૃતિના રહેતા નહિ. આ થયા બાદ ભાત પાડવાનાં સાધનોની મદદથી ચિહ્નોની છાપ ઠોકવામાં આવતી. દરેક સાધન પર પોતાનું ખાસ નિશાન રહેતું.

**'વહીવટી વેપાર' :** આ શબ્દ તે વેપારને લાગુ પડે છે, જેમાં વહાણ નાંગરવાની ભંડારની નાગરિક તરીકે તથા કાયદેસરના રક્ષણની, અને પગાર ચૂકવવાની પદ્ધતિના કરારની સગવડ આપવાનાં કેન્દ્રો હોય.

**નિગમ :** કારીગરો અને વેપારીઓનું મંડળ, 'મહાજન'.

**'પોટિન' :** પિત્તળ અને ટીન નામની ધાતુઓનું એક મિશ્રણ.

**ન્યુમિસમેટિસ્ટસ :** સિક્કાઓના અભ્યાસમાં જેઓ નિષ્ણાત હોય એવા પંડિતો.

## 30.12 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

**તમારી પ્રગતિ ચકાસો (ક)**

(૧) (ક) જુઓ વિભાગ 30.2.1

(ખ) (1)×(2)✓(3)×(4)×(5)✓

(ગ) જુઓ વિભાગ 30.3

(ઘ) જુઓ વિભાગ 30.3

**તમારી પ્રગતિ ચકાસો (ખ)**

(૨) (ક) (1)✓(2)✓(3)✓(4)×(5)×

(ખ) જુઓ વિભાગ 30.4

(ગ) જુઓ વિભાગ 30.5

(ઘ) જુઓ વિભાગ 30.5

(ચ) જુઓ વિભાગ 30.5

**તમારી પ્રગતિ ચકાસો (ગ)**

(3) (અ) (1)×(2)×(3)✓(4)×(5)×

(બ) જુઓ વિભાગ 30.8

(ક) જુઓ વિભાગ 30.9

# એકમ 31 તામિલ ભાષા અને સાહિત્યનો વિકાસ (Growth of Tamil Language and Literature)

રૂપરેખા

31.0 હેતુઓ
31.1 પ્રસ્તાવના
31.2 પ્રાચીન પુરાવા
31.3 વીરકાવ્યો
31.3.1 વર્ગીકરણ
31.3.2 રચનાની પદ્ધતિ
31.3.3 કાળનિર્ધારણની સમસ્યા
31.3.4 કાવ્યશાસ્ત્ર
31.3.5 સાહિત્યનો વિકાસ
31.4 અન્ય રચનાઓ
31.5 સારાંશ
31.6 ચાવીરૂપ શબ્દો

## 31.0 ઉદ્દેશો

આ એકમના અભ્યાસ પછી તમે જાણશો કે-

- તામિલ ભાષા અને સાહિત્ય કેટલાં જૂનાં છે.
- તામિલ વીરકાવ્યો કયાં કયાં છે.
- આ વીરકાવ્યોનાં વર્ગીકરણ અને રચના કેવી રીતે થયાં.
- આ કાવ્યોના સાહિત્યિક ગુણો કયા છે.
- આ સમયની અન્ય રચનાઓ કઈ હતી.

## 31.1 પ્રસ્તાવના

તામિલઝકમમાં વસાહતો કઈ રીતે વિકસી, ખેતીનું કઈ રીતે વિસ્તૃતીકરણ થયું અને શી રીતે વ્યાપાર વિકસ્યો તે વિશે અગાઉના એકમમાં તમે શીખ્યા છો. વ્યાપારને લીધે કાયમી વસવાટ કરનારા વિદેશીઓ આવ્યા અને સ્થાનિક લોકો તથા પરદેશીઓ વચ્ચે થતી પારસ્પરિક અસરના માર્ગો ખુલ્લા થયા. પારસ્પરિક આદાનપ્રદાન જે તે પ્રદેશનાં ભાષા અને સાહિત્યનો વિકાસ કરવામાં મદદ કરે છે. આ એકમમાં તામિલ ભાષા તથા તેના સાહિત્ય વિશે તમને પરિચિત કરાવવામાં આવશે.

## 31.2 પ્રાચીન પુરાવા (Early Evidences)

ઈ.પૂ.ની ત્રીજા સદી પહેલાં નહિ પણ તે દરમિયાન પોતાની ખાસ લેખનપદ્ધતિ સહિત તામિલ ભાષા એક પૂર્ણ વિકસિત ભાષા બની ચૂકી હતી. તામિલ લખાણની પરંપરાનો સૌથી પહેલો પુરાવો, તામિલ બ્રાહ્મીની ટેકરીઓમાંની જૈન તથા બૌદ્ધોની ગુફાના બ્રાહ્મી શિલાલેખોમાંથી. આવી ચિહ્નીવાળા શિલાલેખોનાં મુખ્ય કેન્દ્રો અરિટ્ટપટ્ટી (મૌગુલમ, મદુરાઈ), કરૂંગા લક્કુટી (મેલુર,મદુરાઈ), કોંગારપુલિયમકલમ્ (મદુરાઈ), અઝકરમલ્લઈ (મદુરાઈ)માં આવેલાં હતાં. આ લખાણોમાં સંસ્કૃત તથા પાલિ/પ્રાકૃત શબ્દોના સ્થાનિક રૂપાંતર પામેલા ઘણા તામિલ શબ્દો જોવા મળે છે. નિગમટ્ટોર, 'નિગમ'નો સભ્ય અને 'વણિકમ્' (જે 'વણિભમ'

વેપારમાં જોડાયેલા છે તે જેવા શબ્દો) સંસ્કૃત ભાષામાંથી થયેલાં રૂપાંતરના બે દાખલારૂપે ટાંકી શકાય એમ છે. આ ચિઠ્ઠીઓમાં વપરાયેલી તામિલભાષા સાહિત્યિક તામિલ ભાષાથી જુદી હતી તે નોંધવું જોઈએ. આ ફરક ઉત્તર ભારતમાંથી સ્થળાંતર કરી આવેલા અને જેમણે સંસ્કૃત પ્રાકૃત અને પાલિ શબ્દો દાખલ કર્યા હતા, એવા જૈન અને બૌદ્ધોને લીધે પડ્યો. આ શબ્દોના ફેરફાર તામિલભાષા વિજ્ઞાનના માળખાને અનુરૂપ થવાનો ખ્યાલ રાખીને કરાયો હતો. શિલાલેખોમાં આપેલાં વ્યક્તિનાં નામો, વ્યવસાયો, સ્થળોનાં નામો વગેરેના એકત્રીકરણથી તામિલભાષા સાહિત્યની ભાષા છે એનો ખ્યાલ આવે છે. આ શિલાલેખોનો સમય લગભગ ઈ.પૂ. 200 થી ઈ.સ. 300 સુધીનો ગણવામાં આવે છે. તામિલ વીરકાવ્યો, લોકપ્રિય રીતે સંગમ સાહિત્ય કહેવાય છે. તે આ જૂની તામિલભાષાની સાહિત્યિક પરંપરાનો સૌથી મોટો પુરાવો બને છે.

## 31.3 વીરકાવ્યો (Heroic Poems)

તામિલ ભાષામાં રચાયેલાં કાવ્યોના સંગ્રહને 'સંગમ' કહે છે. કેમ કે આનાં સંગ્રહ તથા વર્ગીકરણ 'સંગમ' નામે વિદ્વાનોની વિદ્યાસંસ્થાએ કર્યાં હતાં. હકીકતે તો સંગમના સમય કરતાં પણ ઘણા અગાઉના સમયની કાવ્યકૃતિઓ હતી. 'સંગમ'નો સાચો ઇતિહાસ દંતકથાઓમાં અટવાઈ ગયો છે. પરંપરાનુસાર કહેવાય છે કે મૂળમાં ત્રણ 'સંગમો' હતાં જેમાંના છેલ્લા 'સંગમ'ની કૃતિઓ બાકી રહી છે. પહેલાં એમ મનાતું હતું કે સંગમ એટલે રાજા દરબારના વિદ્વાનોનો સંઘ પરંતુ હવે સર્વ સાધારણ અભિપ્રાય એવો છે કે સાહિત્યના વિદ્વાનોનો સંઘ દ્વારાઓની રચના થઈ હતી. 'સંગમ' અને વીરકાવ્યો વચ્ચેના સમયનું અંતર એવું દર્શાવે છે કે આ સાહિત્યના સંગમ નામનો ખોટો ઉપયોગ થયો છે. મોટે અંશે તામિલ વીર કાવ્યોની કૃતિઓ લોકસાહિત્યની રચનાઓ હતી. પોતાના આશ્રયદાતા નાયકોની પ્રશસ્તિઓ ગાતા અને તેમની સાથે ફરતા ભાટ કવિઓની પરંપરાની સૂચક છે. કેટલીક કૃતિઓ માટે પરંપરાનું અનુસરણ કરતાં. આમ છતાં, બધી કાવ્યરચનાઓ ભટકતા ભાટોએ બનાવેલી ન હતી. એ જમાનાના જાણીતા કવિઓમાં કપિલાર, પારનાર, અવ્વયાર અને ગૌતમનાર હતા. તેઓ પુલાવર નામના વિદ્વાન ભાટો હતા. એ પનાર નામના સામાન્ય ભાટોથી સ્પષ્ટપણે જુદા તરી આવતા હતા. સંગમ એ કોઈ અમુક પ્રકારના સામાજિક જૂથનું સાહિત્ય રહેતાં સામાન્ય જીવનપદ્ધતિનો એક ભાગ હતો. કેટલીક સદીઓ સુધી પ્રસરેલાં આ કાવ્યો તામિલભાષા તેમ જ સાહિત્યના ક્રમિક વિકાસનું પ્રતિબિંબ પાડે છે. તે કૃતિઓ પોતપોતાની મૂળ સ્વતંત્ર રૂપમાં જીવંત સ્ત્રી નથી. પરંતુ વર્ગીકૃત સાહિત્ય તરીકે અને પસંદગીના સંગ્રહો તરીકે જીવંત રહી.

### 31.3.1 વર્ગીકરણ (Classification)

હવે આપણે ખાસ કાવ્યના વિષયો અને સંમેલનોના વર્ગીકૃત સંગ્રહોના રૂપમાં આ કાવ્યોને તપાસીશું. 'એટ્ટુટોગી' અથવા અષ્ટ સંગ્રહો અને 'પટ્ટુપટ્ટુ' અથવા હંસગોપ ગીત નામે આ સંગ્રહોના બે વિભાગો છે જેમાં વીરકાવ્યો વણાયેલાં છે. 'નરીન્નાઈ' 'કુરુન્ટુકાઈ', 'ઐન્કુરુનુરૂ' 'પટિરૂપાટુ' વગેરે અને મુલ્લઈપટ્ટુ કાવ્યસંગ્રહોના થોડા નમૂના છે, જેઓ એટ્ટુટોકાઈ વિભાગમાં આવે છે અને આ સંગ્રહોને 'પટ્ટુપાટ્ટુ' માં સંયોજિત કર્યા છે. (જુઓ નીચેનું કોષ્ટક) સંગ્રહો અકમ અને પુરમમાં વિભાજિત થયેલા છે. એકમમાં પ્રેમ, વાત્સલ્ય જેવાં આત્મલક્ષિતાવાળા અનુભવોવાળા એટલે કે 'લૂંટ,ધાડ જેવા વિષયો પર ધ્યાન અપાયું છે. ઉપરના બન્ને વિભાગોમાં અકમ તથા પુરમના આધારે બનેલા સંગ્રહોનો સમાવેશ થયો છે. 'અકનાનુરૂ' નામનો વારસો કવિતાઓનો સંગ્રહ 'અકમ' ના વિષયો પર આધારિત છે, જ્યારે 'પુરનાનુરૂ'નો સંગ્રહ 'પુરમ' વિષયો પર આધારિત છે. આ બંને ઉદાહરણો 'એટ્ટુટોગી' ના વર્ગમાં આવે છે. એ જ રીતે 'એકમ' અને 'પુરમ' સંગ્રહોનાં ઉદાહરણો પટ્ટુપાટુના વર્ગમાં આવે છે.

આ વીર કાવ્યસંગ્રહો ઉપરાંત 'સંગમ' સાહિત્યના વર્ગીકૃત સંગ્રહમાં તામિલ વ્યાકરણનો સંગ્રહ 'તોલક્કપીયનૂ' અને અઢાર નાની બોધક કવિતાઓનો સંગ્રહ પટીને 'નકીલ્કનક્કુ'' પણ ઉમેરાયેલો છે. આ બોધક અઢાર કવિતાઓમાંની તિરૂવલ્લુવરની પ્રખ્યાત કૃતિ 'તિરૂક્કુરાલ' પણ છે. તોલક્કપીયમ્ અને પટિનેનકોલ્કનક્કુ બંને સંગ્રહો એટ્ટુટાગી અને પટ્ટુપટ્ટુનાં મોટા ભાગનાં કાવ્યોની રચના થયા પછી રચાયાં હતાં. વીરકાવ્યોની શબ્દ પસંદગી તથા રચના કલાકૌશલ્યને લીધે પાછળથી બનેલી બધી કૃતિઓ કરતાં સ્પષ્ટપણે તે જુદાં પડે છે.

### 31.3.2 રચનાની પદ્ધતિ (Techniques of Composition)

વીરકાવ્યો અલિખિત ભાટ સાહિત્યના સિદ્ધાંત પર રચાયેલાં હતાં. સંપૂર્ણ વિશ્વમાં આ અલિખિત સાહિત્ય રચનાનાં લક્ષણો આશ્ચર્યકારક રીતે એક સમાન છે. એનું મુખ્ય લક્ષણ હતું તે અમુક નિશ્ચિત શબ્દસમૂહો અને અભિવ્યક્તિઓનો જ વપરાશ તે સમયના લોકોમાં પ્રચલિત અને ચાલુ હતા. નિશ્ચિત કથા ફરક કે ભાવોનો

ઉપયોગ કરીને, તથા સમાજના સમાન્ય માણસો અને ભાટો જેને સામાન્યતઃ માણી શકે તેમ જ મૌખિક રીતે એકબીજાને પહોંચાડી શકે, એવા ઢાંચામાં કાવ્યો રચાતાં હતાં. ભિન્ન ભિન્ન સંદર્ભોને કાવ્યદેહ આપવા માટે જે નિશ્ચિત ભાવ અભિવ્યક્તિ જરૂરની હતી, તેમનું વારંવાર કાવ્યોમાં પુનરાવર્તન થયા કરતું. દા.ત.નાયકની પ્રશંસાના સંદર્ભ આપવા હોય તો વિજયી તલવારનો યોદ્ધો ''ભવ્યરથોનો'' ''માલિક'' ઝડપી ઘોડાઓનો નાયક ફૂલહારોથી આંખને સંતુષ્ટ કરે એવો ''પ્રાક્રમી વીર'' વગેરે આવી શ્રેણીબંધ શબ્દરચનાનો પ્રવાહ કોઈ પણ કવિ કે કોઈ પણ વીરની પ્રશંસા માટે અનાયાસે વહેતો. ભિન્ન ભિન્ન સંદર્ભોને કાવ્યદેહ આપવા માટે, જે નિશ્ચિત ભાવ અભિવ્યક્તિ જરૂરની હતી, તેમનું વારંવાર કાવ્યોમાં પુનરાવર્તન થયા કરતું. દાખલાઓ બતાવે છે કે ભાટોએ અમુક આવા નિશ્ચિત સંદર્ભો અને અભિવ્યક્તિ પર કાબૂ મેળવી લેવો પડતો હતો. પરંતુ એમ કહેવામાં વ્યક્તિગત કવિની કાવ્યશક્તિને ઓછી આંકવાનો કોઈ આશય નથી. એકંદરે જોતાં સૌથી અગત્યના મુદ્દામાં કવિઓની વ્યક્તિગત શૈલી અને અભિવ્યક્તિ જવાબદાર ન હતી પણ મોઢે બોલાતાં કાવ્યોનું રચનાકૌશલ્ય તો સામાન્ય શૈલી અને અભિવ્યક્તિ પર આધાર રાખતું હતું. આ તો આવું કૌશલ્ય હતું, કે જેના પર સમાજના માણસોનું તથા કવિઓનું, સામાન્યતઃ પ્રભુત્વ રહેતું હતું. એટલે ભિન્ન ભિન્ન કવિઓ ધ્વારા, જુદાં જુદાં કાવ્યોમાં, આમ તેમ અછડતા સુધારાવધારા વાળા વિષયો તથા પંક્તિઓનું પુરાવર્તન થતું જણાય છે. આથી ઘણી વાર નિશ્ચિત શબ્દસમૂહોમાં વીર કાવ્યોની પ્રાચીન યાદી સંગ્રહાઈ છે. પણ આ કાવ્યોનો સમય નક્કી કરવામાં ઘણાં જોખમોમાંનું આ એક જોખમ છે.

## 31.3.3 કામનિર્ધારણની સમસ્યા (Problems of Dating)

શ્રેણીબંધ મુશ્કેલીઓને લીધે સંગમ સાહિત્યના સંગ્રહનો ચોક્કસ સમય ઠરાવી શકાતો નથી. આ સંગ્રહોમાં જ અનેક સમયખંડો રજૂ કરવામાં આવ્યા છે. એક તો તેની રચનાકાળનો અને તેને મૌખિક રીતે પ્રસારણ કરવાનો સમય એ સમય ઠીક ઠીક લાંબો હતો અને ઈ.પૂ.ની બીજી સદીથી માંડીને છેક ઈ.સ.ની ત્રીજી સદી સુધીના થોડા સૈકાઓ દરમિયાન ફેલાયેલી હતી. બીજો કાળ તે આ કાવ્યોના સંગ્રહોની વ્યવસ્થિત સંહિતા બનાવવાનો સમય જે ઈ.સ.ની છઠ્ઠીથી નવમી સદી સુધીનો ગણાય છે. સમાલોચનાનો એક અન્ય કાળ પણ છે, જે તેરમી કે ચૌદમી સદી કરતાં પહેલાંનો નથી. 'તૌલક્કપ્પીયમ્' જે તામિલભાષાનો પરંપરાગત વ્યાકરણ ગ્રંથ છે તે આજે જે સ્વરૂપે મળે છે જે ઈ.સ.ત્રીજી સદીથી જૂનો નથી, જોકે તેના મુખ્ય ભાગો થોડા વહેલા લખાયા હોઈ શકે ખરા 'કિઝકાનાક્કુ'ના બધા જ મૂળપાઠો ઈ.સ.ની [redacted] સદી પછીના છે. પહેલાની અને પછીની બધી જ કૃતિઓ એકબીજા સાથે એવી સેળભેળ થઈ ગઈ છે કે તેમને સ્પષ્ટ રીતે અલગ પાડીને, 'સંગમ' સાહિત્યનો સમય નક્કી કરવાનું કામ ખૂબ મુશ્કેલ થઈ ગયું છે.

## 31.3.4 કાવ્યશાસ્ત્ર (The Poetics)

'સંગમ' સાહિત્યના આધારે તામિલભાષામાં કાવ્યશાસ્ત્રની પ્રસ્થાપિત પ્રણાલિકાઓનો ઠીક ઠીક વિકાસ થયો.જોકે કાવ્યશાસ્ત્ર તરીકે કાવ્યશાસ્ત્રની પ્રસ્થાપિત પ્રણાલિકાઓનો ઠીકઠીક વિકાસ થયો. જોકે કાવ્યશાસ્ત્ર તરીકે કાવ્યશાસ્ત્ર તો થોડા વખત પછી વિકસ્યું. પરંતુ, આ ભાટ કાવ્યોની જૂની પરંપરાને આધારે જ તેની રચનાના નિયમો અને પ્રથાઓ ઊભાં થયાં. મૂળભૂત આ બન્ને વિશે આપણે અગાઉના વિભાગમાં નોંધ લીધી જ છે. 'અકમ' પાંચ તિનાઈના પ્રેમના પાંચ તબક્કાના પેટાવિભાગમાં વિભાજિત છે. દરેક 'તિનાઈ' પ્રેમના ખાસ મનોભાવ સાથે જોડાયેલ છે. દા.ત. પલાઈ પ્રેમીઓના ભાવ સાથે જોડાયું છે. પુરમ શૈલીનાં કાવ્યોની પણ પોતાના તિનાઈ (અથવા પરિસ્થિતિ) 'અને તુરઈ' (અથવા સંદર્ભો) રહેતાં હોય છે. નવ તિનાઈ અને ત્રેસઠ 'તુરઈ' નિશ્ચિત હતા જેને કવિઓ રચના માટેના વિષયો તરીકે પસંદ કરી શકતાં 'અકમ' તેમ જ 'પુરમ' શૈલીનાં કાવ્યો પોતપોતાની નિશ્ચિત પ્રથાને અનુસરતાં. દરેક 'અકમ' કાવ્યને તિનાઈની કલ્પનાને અનુસરવું પડતું એ મુજબ, દરેક તિનાઈનો પોતાનો દેવ હતો, જીવવિદ્યાને લગતું તંત્ર હતું. આજીવિકાની તરાહ હતી, સંગીતનાં ઉપકરણો અને ગીતો હતાં. તે જ પ્રમાણે, દરેક 'પુરમ' કાવ્યે પણ તિનાઈ સાથે જોડાયેલ પરિસ્થિતિ કે વર્તણૂકના વૈવિધ્યની મર્યાદાને વશ રહેવું પડતું.

## 31.3.5 સાહિત્યનો વિકાસ (Literary Development)

ભારતના પ્રશિષ્ટ સંસ્કૃત સાહિત્યની પરંપરાથી સ્વતંત્ર એવી તામિલ સાહિત્ય પરંપરા છે. તામિલભાષા શાસ્ત્રની પરંપરા સંસ્કૃત ભાષાશાસ્ત્રની પરંપરાને સમાંતર હતી. આમ છતાં તામિલભાષા અને તેના સાહિત્યના વિકાસની પ્રક્રિયા પણ અલગતામાં અટૂલી બનીને નહોતી વિકસી. પ્રાચીનતમ તામિલ સાહિત્યના સ્તર પર પણ સંસ્કૃતનો પ્રભાવ તો જણાય જ છે. વીરકાવ્યો તથા સંગમની અન્ય કૃતિઓની અંદર આર્ય સંસ્કૃતિનો અંશ જણાય છે. અહીં ''આર્યસંસ્કૃતિ'' એટલે વેદોમાં જણાવેલા વિચારો તથા એ સંદર્ભમાં બનેલી સંસ્થાઓ એવો અર્થ આપણે સમજવાનો છે. આ કાવ્યો, વૈદિક પરંપરામાં ચાલતા કર્મકાંડોની ગવાહીરૂપ છે. ગૌતમનાર, પરાનાર, કપિલાર

જેવા ભાટ કવિઓ બ્રાહ્મણો હતા. પોતાના આશ્રયદાતા ચેરાનાયક સેલડેઝુ, કુટ્ટુવન માટે ગૌતમનારે ઘણા વેલ્વીનું (યજ્ઞ અથવા વૈદિક બલિયજ્ઞો) આચાર્યપદ સંભાળ્યું હતું એમ કહેવાય છે. મહાકાવ્યોના તેમ જ પુરાણોના વિચારો પણ વીરકાવ્યોમાં નજરે પડે છે. આશ્રયદાતા નાયકોની પ્રશંસા કરતી વખતે આ કવિઓ એવું જણાવે કે નાયકે મહાભારતના યુદ્ધમાં પણ ભાગ લીધો હતો. ઘણાં પૌરાણિક દેવદેવીઓને તામિલ પ્રદેશનાં દેવદેવીઓનાં પ્રતિરૂપ ગણાવાયાં છે. દાખલા તરીકે કાવ્યસંગ્રહોમાં પ્રખ્યાત માયોન (કાળા દેવ)ને કૃષ્ણના તામિલ પ્રતિરૂપ તરીકે ગણાવ્યા છે. પરંતુ આ બધી અસરો એ તામિલ સાહિત્ય પરંપરામાં જે લાક્ષણિકતા હતી, તેને ક્યારેય નબળી પાડી નથી, તામિલ ભાષા અને સાહિત્ય આ મૂળ પાસાના ઉદ્ભવને માટે, સંસ્કૃત ભાષાનાં ઋણી નથી. તેમ છતાં પણ સ્વીકારવું જોઈએ કે તામિલ ભાષા અને સાહિત્યિક પૂર્ણતાનો વિકાસ આર્ય સંસ્કૃતિની અસરનાં ઋણી રહેશે. વીર કાવ્યો અને સંગમ પરંપરાની અન્યકૃતિઓ તામિલઝકમમાં વ્યાપક પ્રમાણમાં સાહિત્યિક સંસ્કૃતિનું અસ્તિત્વ હતું એનો પુરાવો આપે છે. સાથે જ એ પણ સૂચવે છે કે ઈ.સ.ની ત્રીજી સદી સુધીમાં તામિલ ભાષાએ ભાષાના અભ્યાસને લગતી પુખ્તતા પ્રાપ્ત કરી લીધી હતી.



## 31.4 અન્ય રચનાઓ (Other Compositions)

અહીંની અન્ય રચનાઓમાં ખાસ તો 'તોલક્કીપ્પીયમ'ના મુખ્ય ભાગો અને કેટલીક 'કિઝાનાકુક'ના કેટલાક અધિકૃત પાઠો ગણી શકાય. આને 'અન્ય' કહેવાનું કારણ એ છે કે આ રચનાઓ વીરકાવ્યોવાળી ભાટ પરંપરાની નથી. અલબત્ત, ભાટ પરંપરાની સાહિત્યિક પૃષ્ઠભૂમિકાથી દૂર પણ ગઈ નથી. અકમ અને પુરમ પરંપરા પર ધ્યાન દે છે. 'તૌલક્કપ્પીયમ્'નો 'પોરૂલદીકારમ્' નામનો ભાગ જે જૂની તામિલભાષાનો અભ્યાસ કરે છે. આ વીર કાવ્યોના સમયની આ પરંપરાની સૌથી નજીકનો ગણાય છે. એ જ પ્રમાણે તિનાઈ ગ્રંથના મૂળ પાઠો 'કલાવાઝી' જેવી કૃતિઓ પણ બીજાઓની સરખામણીમાં પ્રાચીન ગણાય છે. જોકે 'સિલપાદીકારમ્' અને 'મણિમેખલાઈ' નામનાં મહાકાવ્યોને કેટલાક વિદ્વાનો વીરકાવ્યોના સમકાલીન ગણે છે, પરંતુ તે ઘણા પાછળના સમયમાં રચાયાં હોય એમ મનાય છે.

**તમારી પ્રગતિ ચકાસો (ક)**

(1) નીચેનાં વિધાનો સાચાં (✓) છે કે ખોટાં (X) તે નિશાનીથી જણાવો :

(1) 'સંગમ' સાહિત્ય એકસરખા સમયનું છે.

(2) 'સંગમ' સાહિત્ય એ નામ અયોગ્ય છે.

(3) વીરકાવ્યોમાં નિશ્ચિત શબ્દસમૂહો નિશ્ચિત અભિવ્યક્તિનો ઉપયોગ કરીને રચાયા છે.

(4) તામિલ ભાષા અને સાહિત્યના વિકાસની પ્રક્રિયા અલગતાના વાતાવરણમાં થઈ હતી.

(2) તામિલ ભાટ કાવ્યની પરંપરાની સાહિત્યિક પ્રણાલિકા વિશે તમે શું જાણો છો ? દસેક લીટીમાં ઉત્તર લખો.

..............................................................................................
..............................................................................................
..............................................................................................
..............................................................................................
..............................................................................................
..............................................................................................
..............................................................................................
..............................................................................................
..............................................................................................
..............................................................................................
..............................................................................................
..............................................................................................
..............................................................................................
..............................................................................................

## 31.5 સારાંશ

આ એકમમાં તમે તામિલ સાહિત્યમાં શું છે અને તે કેટલું પ્રાચીન છે તે વિશે શીખ્યા. તમે વીરકાવ્યોનાં મુખ્ય લક્ષણો, તેની રચનાનું કલાકૌશલ્ય અને તેનો સમય નિશ્ચિત કરવામાં પડતી મુશ્કેલીઓ વિશે પણ શીખ્યા. બાજું તમે આ સમયના તામિલના ભાષાકીય તેમ જ સાહિત્યિક સ્તર વિશે પણ શીખ્યા. વળી 'સંગમ' કાળ દરમિયાનના તામિલ સાહિત્યનું વર્ગીકરણ અને સિદ્ધાંતોની વ્યવસ્થિતિના સંગ્રહો કેવી રીતે થયા, તે પણ તમે જાણી શક્યા.

## 31.6 ચાવીરૂપ શબ્દો (Key Words)

**સંગમ :** વિદ્વાનોનું મંડળ જેણે જૂની તામિલકૃતિઓ એકત્ર કરી અને વર્ગીકૃત કરી.

**અકમ :** કાવ્યકલાની શૈલી જેમાં આત્મલક્ષી અનુભવો પર જેવા કે પ્રેમ-ધ્યાન દેવાય છે.

**પુરમ :** કાવ્યકલાની શૈલી જેમાં વસ્તુલક્ષી અનુભવો પર જેવા કે લૂંટ કરવી, ધાડ પાડવી વગેરે પર ધ્યાન દેવાય છે.

**ભાટ-ચારણો :** જે પોતાના આશ્રયદાતાની પ્રશંસા કરતો, ગીતો રચીને ગાતો અને ભટકતો માણસ.

**તુરઈ :** એક કાવ્ય પરંપરા, જેમાં 'પુરમ' કાવ્યોમાં વિષયનિરૂપણ અંગે સ્થિતિ દર્શાવાતી હતી.

**બોધકાવ્યો :** જે કાવ્યો અથવા ગ્રંથ પાઠનો હેતુ કોઈ નૈતિક પાઠ ભણાવવાનો હોય. તેને બોધ આપનાર પદ્ય કે ગ્રંથપાઠ કહેવાય.

## નોંધ

# નોંધ